અથ શ્રી

અભિમન્યુનો

ચકરાવો.

(કડવાં ૬૫ નો)

રચનાર

વ્યાસ વલ્લભરામ સુરજરામના શીષ્ય

વ્યાસ મગનલાલ દયારામ પંડ્યા.

રાયપુર કાપડીવાડ—અમદાવાદ

છાપી પ્રસિદ્ધ કર્ત્તા.

હરીભાઈ દલપતરામ પટેલ.

શહાપુર—અમદાવાદ.

આવૃત્તિ ૨ જી.   પ્રત ૧૦૦૦

અમદાવાદ શહાપુર વનમાળી વાંકાની પોળમાં પ્રસિદ્ધ
કર્ત્તાએ પોતાના "ગ્રન્થોદય" પ્રેસમાં છાપ્યો.

સંવત ૧૯૭૬   સને ૧૯૨૦

કીંમત. ૦-૮-૦

અથ શ્રી

અભિમન્યુનો ચક્રાવો.

કડવું ૧ લું—રાગ આશાવરી.

વેશમપાયન એણી પેરે બોલ્યા, સુણ જનમેજય રાય; વિસ્તારી તુજને સંભળાવું, ચક્રાવાનો મહીમાય. ૧ અરજુન કૃષ્ણ બે ગયા પાતાળે, મારવા તાહુકી દહીત; પૃથ્વિમાં રહ્યા કૌરવ પાંડવ, સૌ સૌની સેન્યા સહીત. ૨ તંબુમાં આવી છત્રપતિ કહે, સુણો ગુરૂ મહારાજ; અરજુનજી ગયો પાતાળમાં તે, લાગ મળ્યો ઠીક આજ. ૩ પારથ વિના જો કદી સ્થંભે, યુદ્ધનો આરંભ થાય; જીતે એવો કોઇ નથી માટે, પાંડવ સેન્ય હણાય. ૪ તે માટે ગુરૂ કાલ સવારે, યુદ્ધનો કરો આરંભ; ગુરૂ કહે કોટી બ્રહ્માંડ કાળે, ચહું નહિ રણસ્થંભ. ૫ પ્રતિજ્ઞા સ્થંભ કેરી લીધી છે, મેં તો આપો આપ; પારથ વિણ યુદ્ધ સ્થંભે કરૂં, લાગે બ્રહ્મહત્યાદિક પાપ. ૬ દુર્યોધન કહે પાપ બધુંએ, લેઉં હું મારે માથે; લાગ ફરીથી નહીં મળે આવો, શત્રુ હણો તમ હાથે. ૭ દ્રોણ કહે તું મથી મરે સ્થંભે, મામલો નહીં મચાવું; તેમ છતાં હોય મરજી તારી તો, કોઠા યુદ્ધ રચાવું. ૮ છત્રપતિ કહે કેવું કોઠા યુદ્ધ, પહેલું મને સમજાવો; દ્રોણ કહે એક સાત કોઠાનો, રચવો ગઢ ચક્રાવો. ૯ પહેલો કોઠો પાષાણનો, બીજો વજ્રતણો ઉર આણો; ત્રીજો ત્રાંબાનો ચોથો ચાંદીનો, પાંચમો કનક પ્રમાણો. ૧૦ છઠો કોઠો સપ્ત ધાતુનો, સાતમો છાણ માટીનો; ગઢ ચક્રાવો એ સાત કોઠાનો, યુદ્ધમાં ખરી આંટીનો. ૧૧ પહેલે કોઠે સો બીજે બસો, ત્રીજે ત્રણસેં દ્વારો; ચોથે ચારસે પાંચમે પાંચસેં, છઠામાં છસેં ધારો. ૧૨ સાતમે કોઠે સાતસેં દ્વારો, સંદેહ ધરશો ન કોય; ધ્વજા પતાકા શિખર સરવે, એ પરમાણે હોય. ૧૩ સાત કોઠામાં કેટલા યોદ્ધા, તેનો કહું વિસ્તાર; પહેલે હજાર, બીજે બે હજાર; ત્રીજે ત્રણ હજાર. ૧૪ દરેક કોઠે ચઢીયાતા યોદ્ધા, અઠયાવીસ હજાર થાય. ૧૫ મોખરે મારથી યોદ્ધ ૨ કેકો, જરૂર રાખવો જોઇએ; આપણામાંથી એકેક કોઠો, માથે રાખી લ્યો કોઇએ. ૧૬ તેમાંનો પહેલો પાષાણ કોઠો, તે તો રાખું છું હું માથે; કૃપાચારજ કહે બીજો કોઠો, જીતવો મારે હાથે. ૧૭ અશ્વસ્થામા કહે ત્રીજો મારો, ચોથો લીધો રાજા કરણે; દુર્યોધન કહે

પાંચમો લીધો મેં, નમાવા શત્રુને ચરણે. ૧૮ સલ્ય કહે છઠ્ઠો મારે માથે, બોલી વળ્યા મોટા ઘાંટે; જયદ્રથ કહે કોઠો સાતમો તે તો, લીધો મેં શીર સાટે. ૧૯ એ પ્રમાણે સાત અતિરથી, કોઠા લીધા માથે જ્યારે; દ્રોણ કહે કોઠા રચીશ હું તો, નક્કી કાલ સવારે. ૨૦ કૌરવ લોકો વાત સાંભળી, પામ્યા ઘણો આનંદ; પાંડવને પછી પત્ર લખ્યો એક, મળી પ્રપંચીનું વૃંદ. ૨૧ શકુની મામાએ સલાહ આપી, પહેલું લખાવ્યું પાંડવ નામ; આંટી અબાબર લખાવી અંદર, તરકટીયો એ તમામ. ૨૨ અરજુન વિણ યુદ્ધ બંધ રહ્યું તે, કેમ ગમે ભાઇ તમને; યુદ્ધ વિના તો ઘડી પલક એક, ગમતું નથી અહીં અમને. ૨૩ ગુરૂએ પ્રતિજ્ઞા કરી છે તેથી, સ્થભે તો યુદ્ધ ન થાય; અકળામણ તેથી આવે અતિશે, યુદ્ધ વિના ના રહેવાય. ૨૪ તેટલા માટે મેં દ્રોણની પાસે, કોઠા રચાવ્યા છે સાત: અથ ઇતિ બધી કોઠા વ્યુહની, વિસ્તારીને લખી વાત. ૨૫ સ્થંભથી જુદા કોઠા રચ્યા એ, દીધું બધું દરશાવી; વહાણું વાયે યુદ્ધમાં આવજો, તમો સૌ સૈન્યા ચઢાવી. ૨૬ જો કદી યુદ્ધમાં નવ આવો તો, રંક જેવા તમો રાયા; ખરા ક્ષત્રાણીના બાળ નહીં તમે, જાણીશું લુંડીના જાયા. ૨૭ યુદ્ધમાં આવો કે લુંડીજાયા થાઓ, મુકી ના દેશો માપ; બેમાંથી વચન એક ન પાળો તો, બ્રહ્મહત્યાદીક પાપ. ૨૮ પત્ર લખી એવો મોકલી દીધો, સેવક સાથે ત્યાંય; પાંડવ સભામાં જઇને તે આપ્યો, ધર્મતણા કરમાંય. ૨૯ ધર્મે ધસીને પત્ર જ વાંચ્યો, ભડકયા મન ભુપાળ; કોઠા યુદ્ધનું નોતરૂ જાણી, પડી પેટમાં ફાળ. ૩૦ ધરમે પછી પત્ર તે તો આપ્યો, સહદેવજીને હસ્ત: વીરા વિચારી પત્ર વાંચો, સાંભળે સભા સમસ્ત. ૩૧ સહદેવે વાંચવો શરૂ કર્યો, સુણે આતુરતા ભર્યા લોક; શબ્દ કોઠા યુદ્ધ કાને પડતાં, પ્રકટયો પુરણ શોક. ૩૨ જોવા લાગ્યા એક એકના સામુ, ત્યાં તો સભાના જન; એ યુદ્ધ કેવું ને કેમ થતું હશે, ગભરાયાં સૌનાં મન. ૩૩ ધરમરાજા ધૈર્ય તજીને, સભામાં થરથર ધ્રુજે; શોકના સાગરે સર્વે પડયા, એકે દેશ દશ્યા નવ સુજે. ૩૪ ભીમ કહે ભાઈ કોઠા એ કેવા, વાવ્ય કે અંગરખાના; મારી ગદાથી ભુકો કરૂ ભાગી, કોઠા હશે એ શાના. ૩૫ સહદેવ કહે વીરા કારમા કોઠા, તારી ગદાને ન ગાંઠે; અરજુન વિણ કોઇ કોઠા ન જાણે, એ ભણ્યો છે મુખ પાઠે. ૩૬ ધર્મ રાજા ધરણી સામુ, જોઇને ઝાઝુ વીમાસે; સાથે સભા ભારે શોક કરે છે, હવે વલે શી થાશે. ૩૭ ધર્મ કહે સુણ સહદેવ વીરા, અરજુન વિણ કોણ લડશે; ઉપાય બતાવો નહીં તો મારે, વણ મ્હોતે મરવું પડશે. ૩૮ અરેરે પાપીએ

પ્રપંચ કીધો, વીરા વલે તો શી થાશે; હાનો કે નાનો ઉત્તર પત્રનો, હવે શી રીતે અપાસે. ૩૯ સહદેવ કહે સંતાપ ન કરશો, બીડુ એક બનાવો: જાણુ હશે તે ઝડપી લેશે, સભાની મધ્ય મુકાવો. ૪૦ તેવે સમે બીડુ બાસઠ પાનનું, મેજ ઉપર મુકી દીધું; સભામાં સુચના આપી પણ, કોઇએ તે નવ લીધું. ૪૧ એવામાં આવ્યા વન ગયેલા, ગટોરગચ્છ અભેમાન; સભાના દ્વારની આગળ આવી, ઉભા બેઉ સંતાન. ૪૨ ગટોરગચ્છ તો સભામાં આવી, બાપ પાસે બેશી ગયો; માનીતો છે તે માન મળ્યા વિના, અભેમાન્યુ ઉભો રહ્યો. ૪૩ ધરમે દીઠો જ્યારે માનનો ભોગી, ભીમને સાન બતાવી: માન મળ્યા વિના રીસાઈ જાસે, માટે લાવો બોલાવી. ૪૪ ભીમ કહે બેટા પધારો અંદર, શું ઉભા માન ખાવા; મરણુ વેળા માનશું માગો, સૌના બેઠા જીવ જાવા. ૪૫ અભિમન્યુ કહે કાકા મારા, કેમ હું માન ન માગું; તમ સરીખા માથે જ્યાં સુધી, ત્યાં સુધી કરીશ તાગું. ૪૬ પણ કહો કેમ જીવ જવા બેઠા, એવું બોલ્યા તમો શાથી; ભીમ કહે જીવ લે એવો પત્ર, આવ્યો છે કૌરવમાંથી. ૪૭ અભિમન્યુ કહે જોઉં એ પત્ર, એમ કહી લીધો હાથ; કોઠા યુદ્ધની વાત વાંચી ઘણો, હરખાયો દીલ સાથ. ૪૮ કહેવા લાગ્યો સભામાં સૌને, શોક કરો છો શા માટ; કોઠા યુદ્ધની વિદ્યા હું જાણું, અળગા કરોને ઉચાટ. ૪૯ એમ કહી પેલું બીડું પડેલું, ઝટ એ ઝડપી લીધું; જરૂર કોઠે હું લઢવા જવાનો, કહી મુખમાં મુકી દીધું. ૫૦ પણ બીડું ખાતાં સાંભળી આવ્યું, કાકા છ કોઠા હું ભણીયો; ભણતરમાં બાકી સાતમો કોઠો, નથી એનો ગુણ ગણીયો. ૫૧ ભીમે જાણ્યું લૈડય વળશે માટે, બોલી ઉઠયો દીલ સાથે; સાતમો કોઠો મને આવડે છે, જા તે કોઠો મારે માથે. ૫૨ ત્યારે શાબાશી સૌ જણ બોલ્યા, હરખાયા લોક તમામ; ધન્ય ધનંજયના સુત સુરા, ધન્ય વીરા તારી હામ. ૫૩ તરત તે વેળા સભાની મધ્યે, પુજ્યો અરજુન બાળ; વિધ વિધ વાજાંના નાદની સાથે, પહેરાવી રણમાળ. ૫૪ અભિમન્યુ ત્યારે નમન કરીને, ત્યાંથી થયો તે વિદાય; સુભદ્રાના તંબુમાં આવ્યો, લાગ્યો માતાજીને પાય. ૫૫ સુભદ્રાએ પુત્રને દેખી, આનંદ અદકો દેખાડયો; હુલાવી માથે હાથ મુકીને, પોતાની પાસે બેસાડયો. ૫૬ વિશ્રામ-બેસાડયો બાળક કને, બોલ્યાં માત વચનરે; વ્યાસ મગન વાણી વદે, સુણો શ્રોતા જનરે. ૧

કડવું ૨ જું—રાગ કેદારો.

વળતા બોલીયા રે, ઋષી વૈશમ્પાયન વચનઃ સ્નેહે સાંભળો રે, રૂડા જનમેજય રાજન. ૧ તંબુમાં તે તકે રે, બેઠાં સુભદ્રા સુત સાથ; કર ચુંબન કરી રે, તેના અંગે ફેરવ્યો હાથ. ૨ હીંડી હાલમાં રે, ક્યાંથી આવ્યા મુજ સંતાન; આવું સભા થકી રે, એવું ઓઢ્યો અભે-માન. ૩ સુભદ્રા કહે રે, બેટા ટાળોને મુજ વહેમ; હવડાં સભા માંહીં રે, વાજાં બંધ પડયાં હતાં કેમ. ૪ બંધ પડયા પછી રે, પાછાં વાગ્યાં આનંદભેર; કારણ તેહનું રે, મુજને સમજાવો સૌ પેર. ૫ વળી આ તમ તણું રે, પુજન કોણે કીધું ભાલ; કીધું કયાં થકી રે, આવું મુખડું લાલ ગુલાલ. ૬ રૂડા કંઠમાં રે, આ કોણે પહેરાવ્યા હાર; તે સૌ કહો મને રે, મારા લાડકડા કુમાર. ૭ વળતાં બોલીયો રે, અભિમન્યુ એમ વચન; પારથ ગયા પછી રે, સભામાં આવ્યું એક વિઘન. ૮ દુઃખ દેવા ફરે રે, દગલબાજી દુર્યોધન; નવતર જાતનું રે, એણે યુદ્ધ કર્યું ઉત્પન્ન. ૯ દ્રોણ ગુરૂ કને રે, રચાવ્યા કપટે કોઠા સાત; માંડી મુખથી રે, માને સમજાવી સૌ વાત. ૧૦ તે કારણ થકી રે, પ્રગટયો શોક સભાની માંય; વાજાં વાગતાં રે, તેથી બંધ પડયાં હતાં ત્યાંય. ૧૧ કોઠે જઇ લડે રે, એવો યોદ્ધા ન મળે કોઇ; બેઠા બળ વિના રે, સામું એક એકના જોઇ. ૧૨ તકે હું ત્યાં ગયો રે, સુણી કોઠા યુદ્ધની વાત; તે તો યુદ્ધનું રે, મેં બીડું ઝડપ્યું મુજ માત. ૧૩ તે મુખ મેં ધર્યું રે, તેથી મુખ છે મારૂં લાલ; કોઠા જીતવા રે, યુદ્ધે હું ચઢવાનો કાલ. ૧૪ તેના કારણે રે, મા મને આરોપી રણ-માળ; આનંદ ઉપન્યો રે, તેથી વાગ્યાં વાદ્ય વિશાળ. ૧૫ સુભદ્રા સાંભળી રે, કહે છે હાંસી ન કરો ભ્રાત; હું સમજુ બધું રે, કહોને સાચે સાચી વાત. ૧૬ પુત્ર કહે માવડી રે, જુઠું જરી ન જાણો આપ; જુઠું જો કહું રે, મુજને બ્રહ્મહત્યાનું પાપ. ૧૭ માતા સાંભળી રે, તે તો તર્ત પડી ત્યાં ધર્ણ; બની બે બાકળી રે, જાણે માથે આવ્યું મર્ણ. ૧૮ છકેલા છોકરા રે, શું તું કરી બેઠો એ કામ; યુદ્ધની વારતા રે, ત્યાં તારી ન પહોંચે હામ. ૧૯ નાખય મુખ ધોઇને રે, વળી એ ફેંકી દે રણમાળ; બાળક બુદ્ધિમાં રે, યુદ્ધ એ ન ઘટે મારા બાળ. ૨૦ મા મુખ બીડલું રે, ખાધું મેં મીથ્યા નહિ થાય; બ્રહ્માદિકથી રે, રોકયો મુજને નહીં રખાય. ૨૧ સુભદ્રા સાંભળી રે, કરવા લાગી ઝાઝો કલેશ; ઉઠી કળકળી રે, મારૂં નહી માને લવલેશ. ૨૨ એવું જાણીને રે, સુત પાસેથી થઈ વીદાય; હૃદય શીશ કુટતી રે, આવી

ધર્મ સભાની માંય. ૨૩ કર ઉંચા કરી રે, કળકળી કેવા લાગી ત્યાંય. ઓ જેઠ બાપજી રે, પેટ લગાડી લ્હાય. ૨૪ વડીલ વૃદ્ધ થઇ તમો રે, વીચાર્યું નહી કેમ દીલ સાથ; ભુલ ભારે કરી રે, બીડું દીધું બાળક હાથ. ૨૫ શીશુ સમજે નહી રે, બીડું ખાવાનું તે ખાય; તમ જેવા છતાં રે, શું એ અરભક યુદ્ધે જાય. ૨૬ કર્મ યોગે કરી રે, એનો બાપ મળે નહી ઘેર; ઘાટ ઠીક ગોઠવ્યો રે, એવું એના પર શું વ્હેર. ૨૭ બળીયા મોકલો રે, જેની ટકે યુદ્ધમાં જાત; કુંવર કોમળ અતિ રે, તેની થાય ઘડીમાં ઘાત. ૨૮ પારથ પુઠયથી રે, આજે જણાઇ આવ્યું ઝેર; સુજને માને નહી રે, એવો સમજાવ્યો શી પેર. ૨૯ મરાવો પુત્રને રે, તેથી તાઢક તમને થાય; કહી કેસ કંઠમાં રે, નાંખ્યા સુભદ્રાએ ત્યાંય. ૩૦ સભામાં તે તકે રે, ઘાડો ગભરાયો સૌ સાથ; ધર્મ ધ્રુજી કહ્યું રે, હાંહાં ભાઇ ઝાલો કોઇ હાથ. ૩૧ પુત્રની પાસથી રે, સુભદ્રા ગઈ છે જે વાર; પાછળ પ્રેરી છે રે, કુંતાએ ત્યાં દ્રૌપદી નાર. ૩૨ તકે તે ઉછળી રે, ઝાલ્યા સુભદ્રાના હાથ; પાસ કેશ કહાડીને રે, બાઇએ બળે ભીડાવી બાથ. ૩૩ ધોરીંધર ધર્મ ત્યાં રે; દેખી સુભદ્રાનો ડોળ; થર થર ધ્રુજતા રે, જેનું ચીત્ત ચડયું ચગડોળ. ૩૪ પસ્તાવો પામીયા રે, સુણી બાઇના બોલ તમામ; ખરેખર ના બને રે, કુંજરનું કીડીથી કામ. ૩૫ હવે હું શું કરૂં રે, જોશી સહદેવ સુણ નરેશ; હઠીલો બાળ છે રે, કોઈનું નહી માને લવલેશ. ૩૬ માટે પુત્રનેરે, મારે કહેવું પડે ન કાંય; સુભદ્રા તણું રે, સાથે સમાધાન મન થાય. ૩૭ તેવો હોય તો રે, પહેલો બતાવો કાંઈ ઉપાય; શું કરવા થકી રે, યુદ્ધે અભિમન્યુ ના જાય. ૩૮ સહદેવ કહે વીરા રે, જો કદી આવે એની નાર; તેને દેખતાં રે, નહિ નીકળે એ તંબુ બહાર. ૩૯ બંધુ બોલીયા રે, વચમાં આડી રહી એક રાત; આવે શી રીતે રે, યુદ્ધે ચડવાનો પરભાત. ૪૦ રૂડા રાયકા રે, તેડાવો કહે છે સહદેવ; સાધન શાંઢનાં રે, તે તેડી લાવે તતખેવ. ૪૧ સુણી વારતા રે, સેવક તરત કર્યા તૈયાર; સૌ સમજાવીને રે, પ્રેર્યા રણભુમિ મો- ઝાર. ૪૨ સેવકે સંચરી રે, ઢંઢેરો દીધો રણમાંય; સુણી રાયકા રે, ટોળેટોળાં આવ્યાં ત્યાંય. ૪૩ તેમાંથી તારવી રે, ખરા ખોળી કહાડયા જણ ચાર; રાજો કાજલો રે, રૂપો રત્નો તેણી વાર. ૪૪ તેડી લાવીને રે, ઉભા રાખ્યા સભાની બહાર; સેવકે સંચરી રે, સભામાં કીધા સમાચાર. ૪૫ તરત હુકમ કર્યો રે, ધર્મે રાખી હૃદયે ધીર; સભામાં રાયકા રે, મોકલો વારા ફરતી વીર. ૪૬ વિશ્રામ-વારા ફરતી મોકલો, રાયકા આણે ઠામ રે; વ્યાસ મગન વાણી વદે, શ્રોતા સુણો તમામ રે. ૨

કડવું ૩ જું—રાગ સોરઠ.

વૈશમપાયન એણી પેરે બોલ્યા, સુણ જનમેજય રાય રે; વિસ્તારી તુજને સંભળાવું, રાયકા તણો મહિમાય રે. ૧ પહેલો રાયકો રાજો ચાલ્યો, ઉભો સભામાં આવી રે; હે હે રાજા હું કામ પડયું મારૂં, બોલ્યો શીશ નમાવી રે. ૨ ધરમ રાજા કહે છે જાઓ, વિરાટ નગરે અત્યારે રે; ઓત્રા વહુને તેડીને તમે, કહો ભાઈ આવો કયારે રે. ૩ રાજી થઇ રાજો રાયકો બોલ્યો, હું જાઉં અત્યારે રે; ઓત્રાબાઇને તેડીને આવું, ચોથે દહાડે સવારે રે. ૪ સુણી સુભદ્રાને ફાસ ચઢી કહ્યું, કાળા મોંના કયાં આવ્યો રે; મારા રડયા તારૂં કામ નથી કહી, બારણે કાઢી મુકાવ્યો રે. ૫ બીજો રાયકો કાજો આવ્યો, ઉભો સભાની માંય રે; હે હે રાજા હું કામ પડયું મારૂં, કહીને લાગ્યો પાય રે. ૬ ધર્મરાજા કહે છે અત્યારે, વિરાટ નગરે જાવો રે; ઓત્રાવહુને તેડીને તમે, કહો ભાઇ કયારે આવો રે. ૭ કાજો રાયકો ખોંખારી બોલ્યો, હું જાઉં અત્યારે રે; ઓત્રાબાઇને તેડીને આવું, ત્રીજે દહાડે સવારે રે. ૮ સુભદ્રાને શોક થયો કહ્યું, આવ્યો અભાગી કયાંથી રે; પાપી પીટયા તારૂં કામ નથી કહી, કહાડી મુકાવ્યો ત્યાંથી રે. ૯ ત્રીજો રાયકો રૂપો આવી, ઉભો નમાવી શીશ રે; હે હે રાજા હું કામ પડયું મારૂં, કહોને આણે દીશ રે. ૧૦ ધર્મરાજા કહે છે જાવો, વિરાટ નગરે અત્યારે રે; ઓત્રાવહુને તેડીને તમે, કહો ભાઇ આવો કયારે રે. ૧૧ રૂપો રાયકો ગાજીને બોલ્યો, હું જાઉં અત્યારે રે; ઓત્રાબાઇને તેડીને આવું, બીજે દહાડે સવારે રે. ૧૨ ખેદ થયો સુણી સુભદ્રાને, કીધો તિરસ્કાર રે: જા જા તારૂં કામ નથી કહી, કહાડી મુકાવ્યો બહાર રે. ૧૩ ચોથો રાયકો રત્નો ચાલ્યો, એનું શું રે વખાણું રૂપ રે; ડોળથી એવો દીસે હશે જાણે, કોઇ નગરનો ભુપ રે. ૧૪ મેવાડી મોળીયું માથે બાંધેલું, વાંકો રાખ્યો છે અંબોડો રે; પગમાં સોનાનો પહેરેલો તોડો, જેનો મળે નહિ જોડો રે. ૧૫ કસકસાવી જામો પહેર્યો છે, લીલો પહેર્યો સુરવાળ રે; ઢળકતી ઢાલ અસી કસી બાંધી, ચાલે લટકતી ચાલ રે. ૧૬ રૂપેરી હુક્કો હાથમાં ઝાલ્યો, ઘાલ્યો કેડે કટાર રે; ગડાકુ તમાકુ પીતો ચાલ્યો, ભાલો કર મોઝાર રે. ૧૭ ફાંકડી દીસે વાંકડી મુંછો, આંખ પાંખ અણીયાળી રે; સીંહલંકો જ્યારે આવ્યો સભામાં, ભુપતિ ભડકયા ભાળી રે. ૧૮ વાંકો વળી કર લાંબો કરી ત્યાં, રાયકે કર્યો જુહાર રે; હે હે રાજા હું કામ પડયું મારૂં, સેવક છે તૈયાર રે. ૧૯ ત્યારે સભા સુભદ્રા હરખ્યાં, હરખ્યા

રાજા ધર્મ રે; કામ કરે એવો આ કોઈ દીસે, પરાક્રમી પુરૂષ પર્મ રે. ૨૦ ધર્મ રાજા ધશીને બેહ્યા, વીરા તતબર થાવો રે; વિરાટ નગરેથી ઓત્રાવહુ તેડી, કહો તમે કયારે આવો રે. ૨૧ હૃદયથી રૂડો રત્નો બોહ્યો, હું અત્યારે જાવું રે, ઓત્રાબાઇને તેડીને કાલે, સુર્ય ઉદય થાતાં આવું રે. ૨૨ સુણી સુભદ્રાને હરખ થયો, કહાડી આપ્યો એકાવળ હાર રે; વિરાટ નગરે વીરા પધારો, હવે કરો નહિ વાર રે. ૨૩ ત્યારે રત્નાએ હાર હતો તે, પાછો આપ્યો તેણે ઠામ રે; કામ કર્યા વિના હરામના હું, પહેલા નથી લેતો દામ રે. ૨૪ કામ કરી તારૂં આવું ત્યારે, આપજે દામ ને ગામ રે; તમો હજુ મને નથી ઓળખતાં, રૂડો રત્નો મારૂં નામ રે. ૨૫ સોળસેં સંઢેરૂં ઘેર છે મારે, તે તો બધી રહે છે ભેગી રે; જુદી રાખું છું બે જીવન જાણી, મન ને પવન વેગી રે. ૨૬ ઉલાળુ તો આકાશે જાયે જે, પાણી પીએ પાતાળ રે; નાગરવેલનો ચારો ચરે જેની, રૂપામાતા રખવાળ રે. ૨૭ અદ્ધર એ તો ઉડયા કરે ભુમિ, ચરણ મુકતાં ચમકે રે; જગમાં તો જોડો નથી જેની, કોટે ઘુઘરમાળ ઘમકે રે. ૨૮ તેમાંની સુરી શાંઢણી ચઢીને, હું તો અત્યારે જાઉં રે; સુર્ય ઉદય થતાં પહેલાં જા બેની, જરૂર અહીંઆં આવું રે. ૨૯ ગડાકુ તમાકુ સુખડુ અમલ, જોઇશે વાટમાં મારે રે; શાંઢણી લઇને આવતાં પહેલું, તૈયાર કરવું તમારે રે. ૩૦ એમ કહીને રહેઠાણે આવ્યો, શાંઢણી ગ્રહી જે વારે રે; થનનક થનનક તે રે ઠેકાણે, કરવા લાગી થેઈકાર રે. ૩૧ પવનવેગીનું પલાંણ કરીને, આવ્યા સભામાં ચાલી રે; કહ્યા પ્રમાણે સુભદ્રાએ, વાટની વસ્તુઓ આલી રે. ૩૨ પત્ર લખી એક વૈરાટરાયનો, આપી દીધો તતકાળ રે; બીના લખી કહ્યું વાર ન કરશો, મોકલી દેજ્યો બાળ રે. ૩૩ સુભદ્રા કહે રાયકા વીરા, વહેલા વળજ્યો વિચારી રે; રેશમની દોર રત્ને ખેંચી પછી, શાંઢણીને હલકારી રે. ૩૪ સુર સપાટે જોર ઝપાટે, વેગમાં થઇ વિદાય રે; વિરાટ નગરે તો ઓત્રા સુદ્રષ્ણા, સુઇ રહ્યાં ભોવન માંહ્ય રે. ૩૫ તે સમયે સ્વપ્ન ઓત્રાને આવ્યાં, ઝબકી ઓચિંતી જાગી રે; ઓ મા ઓ મા કહી બાઝી પડી રડી, સ્વપ્ન કહેવા લાગી રે. ૩૬ વિશ્રામ-લાગી કહેવા સ્વપ્ન ત્યાં, વૈરાટ કેરી તન રે; વ્યાસ મગન વાણી વદે, સુણો શ્રોતા જન રે. ૩૭

કડવું ૪ થું—રાગ મલ્હાર.

સ્વપ્ન આવ્યું પહેલા ચોઘડીયાની રાતે, હું ને મારો સ્વામી ગયાં મહાવનમાં જાતે; નદી આવી એક નૌકામાં બેઠાં બે સંગાથે.

અઘોર સ્વપ્ન આવ્યું રે રે રે હો, સાંભળ મારી માવડી રે. ટેક. એ મા મારૂં પુરવેનું પાતક ત્યાં તો જાગ્યું, મધ્ય નદીમાં નૌકુ એ ભડાક દઇને ભાગ્યું; જળમાં જીવણ ડુબ્યા મારૂ લલાટ શે ના લાગ્યું, અઘોર સ્વપ્ન આવ્યું રે૦ ૧ મને સીંદુર સેંથો પાડી, પહેરાવી સુંદર સાડી; સૌ શણગાર સજાવી મને લોક થોકમાં કહાડી; એ લુંટી લીધી મારી બધી હેવાતણની વાડી, અઘોર સ્વપ્ન આવ્યું રે૦ ૨ માતા કહે છે ઓરે બેટા રહે તું તો છાની, જરૂર તારી રક્ષા કરશે મા આદ્ય ભવાની; સ્વપ્નમાં જે દીઠું તે જુઠું લેજે માની, સ્વપ્ન હોય ન સાચું રે રે રે હો, સાંભળ ડાહી દીકરી રે. ટેક. સ્વપ્ન તારાં પડજો કોઈ ભુંડી રાંડના પેટે, સ્વપ્ન તારાં પડજો કોઇ સમુદ્ર કેરા બેટે; સ્વપ્ન તારાં પડજો કોઇ ધરમી જનથી છેટે, સ્વપ્ન હોય ન સાચું રે૦ ૧ વિશ્રામ-એમ કહી શીર કર દઈ, સુવાડી કુમાર રે; પણ પાછી ઝબકી ઉઠી, બોલી બીજી વાર રે. ૪

કડવું ૫ મું—રાગ ઉપરનો.

સ્વપ્ન આવ્યું બીજા ચોઘડીયાની રાતે, હું ને મારો સ્વામી ગયાં મહા વનમાં જાતે; ઝાડ ગુફામાં બેઠાં ત્યાં બેઉ જણાં સંગાથે, અઘોર સ્વપ્ન આવ્યું રે૦ ૧ જો મા મારા પુરવેનાં પાતકમાં નહીં ખામી, દવ બળતો એક આવ્યો તેમાં બળી ગયા મુજ સ્વામી; એ દુઃખ મરણનું દેખી હું પસ્તાવો બહુ પામી, અઘોર સ્વપ્ન આવ્યું રે૦ ૨ મને સીંદુર સેંથો પાડી પહેરાવી સુંદીર સાડી, સૌ શણગાર સજાવી મને લોક થોકમાં કહાડી; એ લુંટી લીધી મારી હેવાતણની વાડી, અઘોર સ્વપ્ન આવ્યું રે૦ ૩ માતા કહે છે ઓ રે બેટા તું તો રહે છાની, જરૂર તારી રક્ષા કરશે મા આદ્ય ભવાની; સ્વપ્નમાં જે દીઠું તે જુઠું લેજે માની, સ્વપ્ન હોય ન સાચું રે૦ ૧ સ્વપ્ન તારાં પડજો કોઇ પાપી જનને માથે, સ્વપ્ન તારાં પડજો કોઈ કરપીજનને હાથે; સ્વપ્ન તારાં પડજો કોઈ અધરમી સંગાથે, સ્વપ્ન હોય ન સાચું રે૦ ૨ વિશ્રામ-એમ કહી શીર કર દઇ, સુવાડી કુમાર રે; પણ પાછી ઝબકી ઉઠી, બોલી ત્રીજી વાર રે. ૫

કડવું ૬ ઠું—રાગ ઉપરનો.

સ્વપ્ન આવ્યું ત્રીજા ચોઘડીયાની રાતે, મેં તો જોયા તારા જમાત્ર કેવા જાતે; ભુતના ભાઇના જેવા ભુત ભેરવની સંગાથે, અઘોર સ્વપ્ન આવ્યું રે૦ ૧ પાડા ઉપર બેઠા દીઠા કાજળથી કાળા, લોઢાના શણ-

બારે અંગે રૂધિર ઓઘરાળા; કંઠની અંદર પહેરી મનુષ્ય મુસ્તકની માળા, અઘોર સ્વપ્ન આવ્યું રે૦ ૨ માથે બળતી સઘડી દેખંતા તે મદમાતા, કરમાં ઠીબડુ ઝાલી ખીર ખાંડ રોટલી ખાતા; મુડેલ વંજર સાથે દક્ષિણ દીશામાં જાતા, અઘોર સ્વપ્ન આવ્યું રે૦ ૩ માતા કહે છે ઓરે બેટા તું તો રહે છાની, જરૂર તારી રક્ષા કરશે મા આદ્ય ભવાની; સ્વપ્નમાં જે દીઠું તે જુઠું લેજે માની, સ્વપ્ન હોય ન સાચું રે૦ ૧ સ્વપ્ન તારાં પડજો કોઇ વ્યભિચારી નરમાં, સ્વપ્ન તારાં પડજો કોઈ કસાઈ કેરા ઘરમાં; સ્વપ્ન તારાં પડજો કોઈ ચોર જનોના કરમાં, સ્વપ્ન હોય ન સાચું રે૦ ૨ વિશ્રામ-એમ કહી શીર કર દઈ, સુવાડી કુમાર રે; પણ પાછી જાગી ઉઠી, બોલી ચોથી વાર રે. ૬

કડવું ૭ મું—રાગ ઉપરનો.

સ્વપ્ન આવ્યું ચોથા ચોઘડીયાની રાતે, જરૂર મેં તો જોયું નિર્દય ભુમિમાં જાતે; ગયા પાતાળે પારથ છે શામળીયો સંગાથે. અઘોર સ્વપ્ન આવ્યું રે૦ ૧ કૌરવ લોકો કપટી એ પાંડવ પાછળ પડીયા; પારથની પુંઠ તાકી, દ્રોણે ત્યાં કોઠા રચીયા; બીડું મુજ પતિએ લીધું એ યુદ્ધના થઇ લાલચીયા. અઘોર સ્વપ્ન આવ્યું રે૦ ૨ કોઠા જીતવા જાશે મુજ પતિ એ વાતે વહાણે, તેથી મુજને સાસુ તેડાવે તે ઠેકાણે; તે સારૂ એક રાયકો આવે છે મારે આણે. અઘોર સ્વપ્ન આવ્યું રે૦ ૩ માતા કહે છે ઓરે બેટા તું તો રહે છાની, જરૂર તારી રક્ષા કરશે મા આદ્ય ભવાની; સ્વપ્નમાં જે દીઠું તે જુઠું લેજે માની. સ્વપ્ન હોય ન સાચું રે૦ ૧ સ્વપ્નાનું દીઠેલું સંપજે ન સાચું કયાંયે, મન ચિંતવ્યુ કદી કાળે કોઇનું પણ સિદ્ધ ન થાયે; જળથી ઉતરે માખણ તો લુખુ કે કોણ ખાયે. સ્વપ્ન હોય ન સાચું રે૦ ૨ વિશ્રામ—સ્વપ્ન સાચાં હોય નહિ, મુકી દે ઉતપાત રે; સુદ્ર-ખણા કહે દીકરી, સુણ સ્વપ્નની વાત રે. ૭

કડવું ૮ મું—રાગ ઉપરનો.

સ્વપ્નમાં એક નિરધન તે ધન પામ્યો બહુ ભારે, દેશ વિદેશે હુંડીયો ફરવા લાગી તે વારે; હજારો ઘેર ગુમાસ્તા કરતા જમાં ઉધારે. સ્વપ્ન હોય ન૦ ૧ એણે જાણ્યું મનમાં તપાસુ મીલકત થોડી, ઓચિંતાનો ઉઠી જોવા ગયો ઘરમાં દોડી; પેટી પટારા જોયા પણ દીઠી નાહી એક કોડી. સ્વપ્ન હોય ન સાચું૦ ૨ સ્વપ્નમાં એક અપંગને પણ મળ્યા મદ ચડીયો, ઓચિંતાનો ઉઠી એ ગયો કાઢવા હડીયો;

પૃથ્વી ઉપર પડીયો અંગે વાગ્યું બહુ રડીયો. સ્વપ્ન હોય ન૦ ૩ સ્વપ્નમાં એક મુંગો તે ભણ્યો વેદની વાણી, જાગ્યો ઝટ બીચારો એ ગયો બોલવા તાણી; મુખે ના બોલાયું પાંપણમાં લાવ્યો પાણી. સ્વપ્ન હોય ન૦ ૪ સ્વપ્નમાં શુભ મળીયો એક પુત્ર વાંઝીયા જનને, પારણીયામાં પહોડયો આનંદ થયો અતિ મનને; જાગી ઉઠી જોયું તો દેખે કોના તનને. સ્વપ્ન હોય ન સાચું૦ ૫ સ્વપ્નમાં એક કુંવારો કન્યા પરણ્યો બહુ, એના મનમાં આવ્યું બોલાવીને કાંઈ કહું; જાગી જાય બોલાવા તો દીઠી બાપની વહુ. સ્વપ્ન હોય ન સાચું૦ ૬

વિશ્રામ—સ્વપ્ન કોઇ સાચાં નહીં, બોરે મુજ કુમાર રે; મા દીકરી વાતે વળ્યાં, રાત્રીમાં તે વાર રે. ૮

કડવું ૯ મું—રાગ આશાવરી.

વૈશમપાયન એણી પેર બોલ્યા, સુણ જનમેજય રાય; વિસ્તારી તુજને સંભળાવું, ચક્રાવાનો મહીમાય. ૧ મા દીકરી એમ વાતે વળ્યાં છે, સાચા જુઠા કાજે; તેજ સમયમાં રાયકે આવી, ભાલો ભોંકયો દરવાજે. ૨ રત્ને કહ્યું ઓ દરવાન વીરા, દરવાજો ઉઘાડી દેને; ઓત્રાબાઇને આંણે આવ્યો, સમજાવ્યું સૌ તેને. ૩ દરવાન કહે ભાઈ દરવાજાની, કુંચીયો છે દરબાર; તે લઇને હું હવડાં આવું, ઉભા રહો એટલી વાર. ૪ રત્નાએ જાણ્યું વાર થવાની, મારે જાવું ચડીચોટ; લગામ ખેંચી કે સાંઢણી ઉછળી, કુદી પડી ચટ કોટ. ૫ દરવાન દેખી વિસ્મય પામ્યો, રાઇકો ચાલ્યો તે વાર; દોઢ પહોરની રાત્રી સમયે, આવી પહોંચ્યો દરબાર. ૬ શાંઢણીને ત્યાં ઉભી રાખી, ટોકા કર્યા બે ચાર; શબ્દ સુણીને મા દીકરી ત્યાં, ઓચિંતાં આવ્યાં બહાર. ૭ સુદ્રષ્ણાએ શાંઢણી દીઠી, પડી પેટમાં ફાળ; કો ભાઈ તમે કયાંથી આવ્યા એમ, બોલી ઉઠી તતકાળ. ૮ રત્નો કહે રણભુમિથી આવ્યો, ઓત્રાબાઇને આંણે; સુદ્રષ્ણા તો સાંભળતાં પડી, મુરછામાં તે ઠેકાણે. ૯ રત્નાએ તવ પત્ર હતો તે, આપ્યો ઓત્રાને હાથે; બાઈ તમે હવે વાર ન કરશો, ચાલો ઝટ મારી સાથે. ૧૦ ઓત્રા કહે જરા ઉભો રહે વીરા, લાગું હું તારે પાય; એમ કહી પછી મુરછામાંથી, માતાને ઉઠાડી ત્યાંય. ૧૧ ઓ મા મારૂં નહોતી માનતી, પણ જો રાયકો આવ્યો; એમ કહીને પત્ર પિતાનો, બધો વાંચી સંભળાવ્યો. ૧૨ સુદ્રષ્ણા સુણી રડવા લાગી, એ તો અતિશે ધ્રુજે; કેમ કરૂં હવે દીકરી મારી, દેશ દશ્યા નવ સુજે. ૧૩ ઓત્રા કહે મા શોક તજી મને, વહેલી કરો વિદાય; યુદ્ધે જતા પહેલાં રેકું પતિ, તો તો ભલું કાંક

થાય. ૧૪ સુદ્રષ્ણા કહે પર પુરૂષની, સાથે ના મોકલાય; કનકની પેટીથી બેટી તું મોંઘી, મારાથી નવ શોંપાય. ૧૫ ઓત્રા કહે મા રાયકો રૂડો, રૂડી દીશે એની જાત; ભરોંસા વિના મધ્ય નિશા સમે, ના મોકલે મુજ તાત. ૧૬ ધર્મ સરીખાયે મોકલ્યો તેમાં, શીદ ધરે છે તું વહેમ; આડી ને અવળી વાતો કરી મને, બાંનાં બતાવે છે કેમ. ૧૭ રાયકો રૂડો મુજ પિતાની પેઠે, રક્ષણુ મારૂં તે કરશે; વખત વીતે છે માટે વળાવો, તો યુદ્ધ જાતો ઉગરશે. ૧૮ સુદ્રષ્ણા કહે સાસરવાસો, હજુ કીધો નથી તારો; તે વિણુ મોકલું કેવી રીતે હું, ઘરમાં નથી ગવારો. ૧૯ ઓત્રા કહે મા જગમાં જીવતો, જમાઇ રહેશે જો તારો; તો તો એવા સાસરવાસા, કરજે તું તો હજારો. ૨૦ ભુષણુ માટે ભરથાર મારો, શીદ તજાવે છે માડી મુર્ખ માનુનિયો માફક તું તો, છેક શું થાય છે આડી. ૨૧ ધર્મ નીતિ નથી જાણતી, નથી વખત વિચારતી માત; તેડુ આવે તવ પુત્રી બળાવે, સપુત તે માત તાત. ૨૨ પુત્રીને સાસરવાસે જાતાં, માત પિતા રોકે જેહ; પીયેર રાખવા યત્ન કરે એ, ચંડાળ જાણવાં તેહ. ૨૩ માયા ચડાવી લાડ લડાવે, વહાલી કરે જે કુમારી; સ્વસુરનું ઘર જેહ તજાવે, તે નર્ક તણાં અધિકારી. ૨૪ સામા સામી વ્હેર વેવાઇયોને, કોઈ પણ કારણે થાય; તેથી રોકે જે પુત્રીને ઘરમાં, ધિક્ક એ માત પિતાય. ૨૫ પોતાને માટે માત પિતા જો, પુત્રીનો મનખો બગાડે; ધિક્કાર છે તેવાં માત પિતાને, કાપવાં જોઇએ કુહાડે. ૨૬ અરે ઓ માડી તું જાણતાં છતાં, કેમ કરે છે અન્યાય; વાતો કરતાં વખત વીતે છે, માટે કરો મા વિદાય. ૨૭ વિશ્રામ—વિદાય કરો મા મુજને, વખત વિચારી આજરે; વ્યાસ મગન વાણી વદે, જગમાં રહેશે લાજરે. ૯

કડવું ૧૦ મું—રાગ કેદારો.

વળતાં બોલીયા રે, રૂષિ વૈશમપાયન વચન; સ્નેહે સાંભળો રે, રૂડા જનમેજય રાજન. ૧ સુદ્રષ્ણા સુણી રે, કરવા લાગી કલેશ અપાર; ઉઠાડયો તે તકે રે, સુતેલો છે જે રાજકુમાર. ૨ મારા દીકરા રે, બેનના સાસરવાસા માટ; જાવો નગ્રમાં રે, લાવો વેપારી પુર પાટ. ૩ સેવક લેઇને રે, સુણી હાટે ગયો ચડી ચોટ; સૌ વેપારીને રે, તેડી લાવ્યો દોટાદોટ. ૪ આંખો ચોળતા રે, ડોશીડા સૌ આવ્યા ત્યાંય; અડધા ઉંઘમાં રે, માલ લઈ બેઠા માળની માંય. ૫ સુદ્રષ્ણા કહે રે, સુણો સરૈયા મુજ વાત; કુમકુમ કાઢીને રે, આપો બેનને ઉત્તમ જાત. ૬ સરૈયા સરૂપચંદ રે, કુમકુમ ગયો કાઢવા બેશ; ખોલ્યો

દાબડો રે, કરમે નીકળી કાળી મેંશ. ૭ સુદ્રષ્ણા કળકળી રે, ધપ્પા માર્યા ત્યાં બે ચાર; મુર્ખ મારા રડયા રે, કહીને કહાડી મેલ્યો બહાર. ૮ ઓત્રા કહે માવડી રે, કરે શીદ રંકની ઉપર રોશ; વાંક એનો નથી રે, એ તો મારા કર્મનો દોષ. ૯ સુદ્રષ્ણા કહે રે, ચુડઘર વીરા તમે ચતુર; કાઢો ચુડો રૂડો રે, દેખી હરખે બેનનું ઉર. ૧૦ ચુડઘર ચતુરચંદ રે, ચુડો બેશ કાઢવા જાય; કાણું સુઠીયું રે, કરમે આવ્યું ત્યાં કરમાંય. ૧૧ માતા કળકળી રે, ધપ્પા માર્યા ત્યાં બે ચાર; મુર્ખ મારા રડયા રે, કહીને કહાડી મેલ્યો બહાર. ૧૨ ઓત્રા ત્યાં કહે રે, શીદ કરે તેના પર રીશ; વાંક એનો નથી રે, ભુંડું માડી મુજ ભવિષ્ય. ૧૩ સુદ્રષ્ણા કહે રે, કાપડીયા વીર કપુરચંદ; કાપડ કાઢજો રે, દેખી ઉપજે ઉર આનંદ. ૧૪ કપુરચંદ ત્યાં રે, કાપડ જાય કાઢવા બેશ; ગજકણ નીકળ્યું રે, કરમે તે તો કાળું મેંશ. ૧૫ રાણી રૂઠીયાં રે, ધપ્પા માર્યા ત્યાં બે ચાર; શત્રુ વહેપારીયા રે, કહીને કહાડી મેલ્યો બહાર. ૧૬ સુદ્રષ્ણા કહે રે, રાખો વેપારીને બંધ; કાંઇ લેવું નથી રે, આવ્યા એ તો થઇને અંધ. ૧૭ અધરમી આવીયા રે, સરવે સંપ કરી આ ઠામ; ખોટું લાવીયા રે, શત્રુ પરભવનાજ તમામ ૧૮ કીયા જન્મનું રે, વેપારીએ વાળ્યું વેર; અપશુકન કર્યા રે, જીવતા કોઇ ન જાશો ઘેર. ૧૯ તવ પુત્રી કહે રે, માડી વેપારી સૌ રાંક; દોષ કોઇનો નથી રે, દીશે મારા કર્મનો વાંક. ૨૦ ભાવી જે હશે રે, તેવું થાવાનું ને થાય; બ્રહ્માદિકનો રે, જેમાં નવ ચાલે ઉપાય. ૨૧ પુર્વે કર્મથી રે, મારા જન્મ ગયા જો સાત; સુખ સ્વપ્ને નથી રે, માતા માન ખરી મુજ વાત. ૨૨ સાતે જન્મથી રે, મારે ચાલ્યું આવ્યું દુઃખ; એકે જન્મમાં રે, પતિનું મળી ન જોયું સુખ. ૨૩ છ જન્મો ગયા રે, તેમાં ઉપન્યો ઝાઝો કલેશ; જન્મ આ સાતમો રે, કયાંથી સુખ મળે મા લેશ. ૨૪ માટે માવડી રે, મુજને વહેલી કરો વિદાય; વહાણું વહી જશે રે, મેળો મુજ પતિનો નહિ થાય. ૨૫ જો હું જઇશ તો રે, તે નહિ નીકળે તંબુ બહાર; વહેલી મોકલો રે, માડી શીદ કરો છો વાર. ૨૬ વખત વીતી જશે રે, ચડશે યુદ્ધ રાજ સુરેશ; વાળ્યો નહિ વળે રે, હઠીલો દીશે એજ નરેશ. ૨૭ સુદ્રષ્ણા સુણી રે, પાડે આંસુડાંની ધાર; બેટા મોકલું રે, હાવે કરૂં નહિ કંઇ વાર. ૨૮ આ કંસારના રે, બેટા જમતી જા બે ગ્રાસ; હઠ એ જાણીને રે, જમવા બેઠી પુત્રી પાસ. ૨૯ સુદ્રષ્ણા કહે રે, કેવા જન્મ ગયા તુજ સાત; માંડી મુજને રે, બેટા કહી સંભળાવો વાત. ૩૦ ઓત્રા હરખડી રે, માતા એ શું બોલી વાણ; વખત નહિ વાતનો

રે, જનેતા શું નથી તુજને જાણ. ૩૧ કહીશ હું કો સમે રે, અત્યારે રહેવા દ્યો એ વાત; રત્નો રાયકો રે, ખાલી ખોટી થાય મુજ માત. ૩૨ જરી માન્યું નહિ રે, માએ કીધો જોર જુલમ; જન્મ કહ્યા વિના રે, નહિ જાવા દઉં મારા સમ. ૩૩ ઓત્રાને થયો રે, ઝાઝો અંતરમાં ઉત્પાત; સાંભળ માવડી રે, જલદી મારા જન્મની વાત. ૩૪

વિશ્રામ—વાત માત મુજ જન્મની, સાંભળ કહે કુમાર રે; વ્યાસ મગન તે વર્ણવે, ઓત્રાના અવતાર રે. ૧૦

કડવું ૧૧ મું—રાગ શિક્ષા શાંણાને. એ.

મારા પેલા જનમ કેરી વાત રે, સુણ મુજ માવડી રે. એ ટેક. પહેલા અવતારે અવતરી હું, માળવ દેશ મુલતાનજી; હું તો રાજાને ઘેર કુંવરી જન્મી, એ તો બ્રાહ્મણનો સંતાન રે. સુણ૦ ૧ બ્રાહ્મણ ઘરનો ગૃહસ્થ હતો વળી, હતો વિદ્વાન વિશેષજી; મારા બાપની સભામાં આવી, કથા એ વાંચતો હમેશરે. સુણ૦ ૨ તે રે બ્રાહ્મણ પર મોહ મને લાગ્યો, ત્યારે મેં કહાવ્યું વચનજી; મહારાજા મુજ ઇચ્છા છે એવી, કરો મુજ સાથે લગન રે. સુણ૦ ૩ ત્યારે બ્રાહ્મણે સંદેશો કહાવ્યો, ખોટાં ન કરીએ ચેનજી; હું તો તમારો ધર્મનો ભાઇ, તમે મારાં ધર્મનાં બેન રે. સુણ૦ ૪ ત્યારે મેં મારા બાપને કહ્યું મા, મોડે ચડી આપો આપજી; પરણું તો બ્રાહ્મણને પરણું, બીજા મારા ભાઈ બાપરે. સુણ૦ ૫ માટે મા મુજ પિતાએ તેને, વાત બધી વરણવીજી; માન્યું નહિ ત્યારે બળાત્કારે, તેની સાથે પરણાવીરે. સુણ૦ ૬ જુદો મહેલ પછી અમને આપ્યો, રૂડો રહેવા માટેજી; પણ માડી મુજ કંથજી તો, ત્યાં રહેતા ઉર ઉચાટે. સુણ૦ ૭ મુજ રાંધેલી રસોઈ જમે નહિ, આપ્યું પીએ નહિ પાણીજી; એકલશ્રંગી જેવો એ તો, મુજથી વદે નહિ વાણી. સુણ૦ ૮ ઘણા દિવસ અપવાસ કરી બહુ, કષ્ટ કાયામાં વેઠેજી; એવામાં કાંઇ કારણસર હું, મહેલથી ઉતરી હેઠે. સુણ૦ ૯ મારાથી અકળાઇ ગયેલો, નાંખતો રોજ નિસાસોજી; લાગ મળ્યો તે માટે તેણે, ઘાલ્યો ગળામાં ફાંસો. સુણ૦ ૧૦ જ્યારે આવી ત્યારે જોયા મેં તો, મુવેલા મુજ સ્વામીજી; તે દેખીને માતાજી હું, દુઃખ અતિશે પામી. સુણ૦ ૧૧ મુજ માટે એ મુવા તેથી, મેં પણ ફાંસો લીધોજી; મેં એ રીતે પતિની પાછળ, ત્યાગ પ્રાણનો કીધો. સુણ૦ ૧૨ એ રીતે મુજ અવતાર પહેલો, પાપે પુરો થાયજી; પાપથી પુરો થાય મારૂં, હેતે હેવાતણ જાય. સુણ૦ ૧૩

વિશ્રામ—પહેલો જન્મ પુરો થયો, સાંભળ મારી માત રે; વદે મગન ઓત્રા કહે, બીજા જન્મની વાત રે. ૧૧

કડવું ૧૨ મું—રાગ ઉપરનો.

મારા બીજા જન્મ કેરી વાતરે, સુણ મુજ માવડીરે. ટેક. બીજા અવતારે અવતરી મા હું, માળવ દેશ મુલતાનજી; એ તો રાજાનો દીકરો જનમ્યો, હું તો માળીની સંતાન. સુણ૦ ૧ એ દરબારમાં પુષ્પ મુકતા'તા, હમેશ મારાં માત તાતજી; જ્યારે હું વર વરવા યોગ્ય થઇ ત્યારે, મરી ગઇ મુજ માત. સુણ૦ ૨ એક દિવસ વળી મુજ પિતાને, પુષ્કળ આવ્યો તાવજી; ત્યારે પુષ્પ દેવા મને મોકલી, ત્યાં શો બનીયો બનાવરે. સુણ૦ ૩ રાજસભામાં પુષ્પ મુકતાં મને, દેખી રાજ કુમારેજી; તરત મોહ પામ્યો મુજ ઉપરે, બોલાવી મુજને તે વારે. સુણ૦ ૪ કુદ્રષ્ટી તવ જાણી મે એની, તેથી હું ગઇ નાશીજી; ત્યારથી મુજને રાખી નજરમાં, એને પ્રગટી ઉદાસી. સુણ૦ ૫ ત્યારે તેણે દાસીની સાથે, કહાવી મોકલ્યુ વચનજી; મારી ઈચ્છા એવી છે મુજ, સાથે કર તું લગન. સુણ૦ ૬ ત્યારે મા મેં કહાવી મોકલ્યું, એવાં ના કરીએ ચેનજી; તમે ધર્મના ભાઇ હમારા, હમો તમારાં બેન. સુણ૦ ૭ તેથી બીજે દીન બાગમાં ઘેરી, કીધી કબુદ્ધિ આઠીજી; મેં જાણ્યું કે શિયળ ભંગ કરશે, માટે હું ત્યાંથી નાઠી. સુણ૦ ૮ જ્યાં જાઉં ત્યાં મુજ આગળ આવે, પકડવા મને ત્યાંહેજી; છેવટ હું અકળાઇ ગઇ ત્યારે, પડી કુવાની માંહે. સુણ૦ ૯ એણે જાણ્યું મુજ માટે મરી ગઇ, અર્થ એ ઉરમાં લીધોજી; મારી પાછળ પડી કુવામાં તેણે, પ્રાણ તણો ત્યાગ કીધો. સુણ૦ ૧૦ એવી રીતે મારો અવતાર બીજો, પાપે પુરો થાયજી; પાપે પુરો જન્મ થાય મારો, હેતે હેવાતણ જાય. સુણ૦ ૧૧ વિશ્રામ—બીજો જન્મ પુરો થયો, સાંભળ મારી માત રે; વદે મગન ઓત્રા કહે, ત્રીજા જન્મની વાત રે. ૧૨

કડવું ૧૩ મું—રાગ ઉપરનો.

મારા ત્રીજા જનમ કેરી વાત, સુણ મુજ માવડીરે. ટેક. ત્રીજા અવતારે અવતરીયાં અમો, મેનાં પોપટ બે પક્ષીજી; વનમાં હળીમળી ફરતાં આનંદે, ફળ ફુલ વિગેરે ભક્ષી. સુ૦ ૧ પોપટનો પ્રેમ મુજપર અતિશે, અળગો જરી નવ રહેતોજી; હું દરકાર વિણ કરૂં અનાદર, તો પણ તે બધું સહેતો. સુ૦ ૨ તે વનમાં એક પારધીએ તો, મુજને પકડી લીધીજી; એક નગરમાં જઈ ગુણકા ઘેર, મુજને વેચી દીધી. સુ૦ ૩ તે ગુણકા મુજ વાણી સાંભળી, આનંદ પામી અતિશેજી; પ્રેમ પુરણ દરશાવી પાળે, કનકના પીંજર વિશે. સુ૦ ૪ હમેશાં મને લાડ લડાવે, અરપે ઉત્તમ મેવાજી; શબ્દ સુણી ગુલતાન બની કરે, સર-

સ્વતી જાણી સેવા. સુ૦ ૫ પણ મા પેલા પોપટડાને, વિયોગ મારો પડીયોજી; તેથી બીચારો મારે માટે, રાંને રાંન રઝળીયો. સુ૦ ૫ ફરતો ફરતો એક દીન આવ્યો, એ તો મારા નગરમાંજી; મુજ ઘર સામો આવી બેઠો, લીંબ તણા તરૂવરમાં. સુ૦ ૭ ત્યાં રહીને મુજ વાણી સાંભળી, પછી ઉતર્યો એ હેઠોજી; પ્રેમ પુરણ દરશાવી આવી, મુજ પીંજરપર બેઠો. સુ૦ ૮ ગુણકાએ જ્યારે પોપટ દીઠો, ચડી ગયાં ચક્ષુ એનાંજી; નક્કી પોપટડો ફોસલાવી, લઇ જાશે મુજ મેનાં. સુ૦ ૯ તેથી તેણે ધીમે રહીને, યુક્તિ કરીને ઝાલ્યોજી; પાંખો પછી એની પીખી નાંખી, અગ્નિ અંદર ઘાલ્યો. સુ૦ ૧૦ તે દેખી મને ત્રાસ પડયો મા, તે મેં લક્ષમાં લીધુંજી; પીંજર સળીએ ડોકું ઘાલી, મૃત્યુ મેં મુજ કીધું. સુ૦ ૧૧ એવી રીતે મારો અવતાર ત્રીજો, પાપે પુરો થાયજી; પાપે પુરો થાય મારૂં, હેતે હેવાતણ જાયરે. સુ૦ ૧૨

વિશ્રામ-ત્રીજો જન્મ પુરો થયો, સાંભળ મારી માત રે; વદે મગન ઓત્રા કહે, ચોથા જન્મની વાત રે. ૧૩

કડવું ૧૪ મું—રાગ ઉપરનો.

મારા ચોથા જનમ કેરી વાતરે, સુણ મુજ માવડીરે. ટેક. ચોથા અવતારે અવતર્યાં અમો, પશુમાં હરણ ને હરણીજી; પુર્વની કરણી પુરી કરવા, ફરતાં હતાં વન ધરણી. સુણ૦ ૧ મા એ હરણનો મોહ મને લાગ્યો, ચારો પણ નવ ચરતીજી: વિરહ થકી હું વ્યાકુળી થઇ, પાછળ પાછળ ફરતી. સુણ૦ ૨ ઘડી પલક હું એ વિણ રહું નહિ, એવું મુજ મન હરીયુંજી; પણ પાપી કોઇ પારધી આવી, મરણજ એનું કરીયું. સુણ૦ ૩ જ્યારે હરણનું મરણ થયું ત્યારે, મુજને ખોટું લાગ્યુંજી; તેની પાછળ પથ્થરે પટકી, મેં મારૂં તન ત્યાગ્યું. સુણ૦ ૪ એ રીતે મારો અવતાર ચોથો, પાપથી પુરો થાયજી; પાપથી પુરો થાય મારૂં, હેતે હેવાતણ જાય. સુણ૦ ૫

વિશ્રામ-ચોથો જન્મ થયો, સાંભળ મા મુજ વાત રે; વદે મગન ઓત્રા કહે, પાંચમા જન્મની વાત રે. ૧૪

કડવું ૧૫ મું—રાગ ઉપરનો.

મારા પાંચમા જન્મની વાતરે, સુણ મુજ માવડીરે. ટેક. પાંચમા અવતારે અવતરીયાં અમો, હોલો હોલી વનમાંજી; ચારો ચરતાં જોડે ફરતાં, હરખાતાં બહુ મનમાં. સુ૦ ૧ સંસાર સુખમાં નહોતાં, પણ બુદ્ધિ મુજ બગડીજી; વિરહ પ્રગટયો મુજને તેથી, હું તેને બહુ રગડી. સુ૦ ૨ એણે જાણ્યું મુજ કેડો લીધો, નહીં જંપવા દે આ ભવમાંજી;

તે કારણ મુજને તરછોડી, બળી મુવો એક દવમાં. સુ૦ ૩ મારે માટે બળી મુવો એ, મુકી ચાલ્યો માયાજી; તેની પાછળ એ અગનીમાં, મેં પણ હોમી કાયા. સુ૦ ૪ એ રીતે અવતાર પાંચમો, પાપથી પુરો થાયજી; પાપથી પુરો થાય મારૂં, હેતે હેવાતણ જાયરે. સુણ૦ ૫

વિશ્રામ–પાંચમો જન્મ પુરો થયો, સાંભળ મારી માત રે; વદે મગન ઓત્રા કહે, છઠા જન્મની વાત રે. ૧૫

કડવું ૧૬ મું—રાગ ઉપરનો.

મારા છઠા જનમની વાતરે, સુણ મુજ માવડીરે. ટેક. છઠા અવતારે અવતરી મા હું વૃક્ષમાં બોરડી નિદાનજી; દક્ષીત કુળમાં એ અવતરીયો, અહીં દાનવ સંતાનરે. સુ૦ ૧ હેલોચન નિજ નામ હતું તે, વેર પિતાનું લેવાજી; કૃષ્ણને મારવા માટે એણે, કીધી શંકર સેવા. સુ૦ ૨ પ્રસન્ન થઇ તવ શંકર બોલ્યા, માગી લે મન સાથેજી; હેલોચન કહે આપો વરદાન, કૃષ્ણ મરે મુજ હાથે. સુ૦ ૩ શિવ કહે એમ કદી બને નહિ, પણ પેટી એક લાવોજી; મરે એવું તેમાં કરી આપું, તો પછી દાખવો દાવો. સુ૦ ૪ સુણી વચન કર કોવાડો લઇ, આવ્યો વનમાં પાપીજી; સાગ શીશવનાં વૃક્ષો મુકી, હું બોરડી તે કાપી. સુ૦ ૫ લાવી તેની પેટી ઘડાવી, લોહું દીધું જડાવીજી; શિવ પાસે સરનામું કરાવી, ચાલ્યો માથે ચડાવી. સુ૦ ૬ શંકરનું સરનામું કરેલું, તે કેમ મિથ્યા જાયેજી; પહેલો પેસે જે પેટીમાં, તેનું મૃત્યુ થાયે. સુ૦ ૭ કૃષ્ણે તે માટે કપટ કરીને, પહેલો તેને ઘાલ્યોજી; વાર ઘણી થઇ તવ અકળાયો, પ્રાણ પલકમાં ચાલ્યો. સુ૦ ૮ પહેલી એણે મુજને મારી, તે વેર મેં તો લીધુંજી; પુરવ યોગથી પેટી થઇને, મા મેં મૃત્યુ કીધું. સુ૦ ૯ એ રીતે મા અવતાર મારો, પાપથી પુરો થાયજી; પાપથી પુરો થાય મારૂં, હેતે હેવાતણ જાયરે. સુ૦ ૧૦ વિશ્રામ–હેવાતણ હેવાં ગયાં, છ છ જન્મની માંય રે; ઓત્રા કહે આ સાતમો, જન્મ અમારો જાય રે. ૧૬

કડવું ૧૭ મું—રાગ ધનાશ્રી.

બોલ્યા વૈશમપાયન વચન, સાંભળ પરીક્ષીત રાયના તન; ઓત્રા કહે છે એ રીતે જો માડી, ગયા છ જન્મ મારા અમાડી. ૧ છેલ્લો સાતમો આ અવતાર, હું તો અવતરી તારી કુમાર; મારો પુરવનો વેરવી જેહ, જાણો સુત સુભદ્રાનો તેહ. ૨ તેણે જનમ જનમ દીધું દુઃખ, કયાંથી આપશે આ ભવે સુખ; માટે વહેલી હું થાઉં વિદાય, તો તો એવો મને માડી થાય. ૩ જાશે યુદ્ધે જમાઇ જો તારો, નેરે

એકે ઉગરવાનો આરો; એમ કહીને સજ્યા શણગાર, ઘાલ્યો ગવાળો બગલ મોઝાર. ૪ ત્યારે સુદ્રષ્ણા કહે કર ઝાલી, છેલ્લું સાંભળી જા મુજ વહાલી; કદી રાજક દૈવક થાય, તો તો આપું હું તેનો ઉપાય. ૫ એક અમર કુંપો છે ઘરમાં, તે તું લેતી જા આ અવસરમાં; મર્ણ પામેલાને તે જીવાડે, પાતાં કાળને પાછોરે કહાડે. ૬ એમ કહીને પટારો ઉઘાડયો, મહીંથી અમરે કુંપાને કહાડયો; આપ્યો ઓત્રાના કરમાંહી કોડે, લઈ જા જાળવી જીવની જોડે. ૭ કદી વહાલાનું હોય વિઘ્ન, પાજે પલમાં થશે સજીવન; ઓત્રા તે લઇ થઇ વિદાય, માતા પડી ત્યાં મુરછાની માંય. ૮ એવે પ્રભુજી પહોડયા પાતાળ, પડી પેટમાં તેમને ફાળ; વાત અમર કુંપાની જાણી, ઉઠયા પોતે ત્યાં પુરૂષ પુરાણી. ૯ ચિત્ત ચતુર ગયા ન ચુકી, તરત ઓત્રાને ત્રપા ત્યાં મુકી; ઓત્રા ઊતરી માળેથી હેઠી, પાણીયારામાં તેનોરે પેઠી. ૧૦ કુંપો કરથી હેઠે મુકી દીધો, પ્યાલો પાણીનો પકડી લીધો; પાણી પુરણ પીધું રે ત્યાંય, પ્યાલો ઠાલો મુકયો પછી ત્યાંય. ૧૧ ચાલી ચતુરા કુંપાને ચુકી, એવી ભુલવણી સુદરે મુકી; આવી સુંદરી સાંઢ અગાડી, રત્નને સાંઢણિ હેઠે બેસાડી. ૧૨ બળે બાળાને ઊચકી લીધી, પાછળ પોતાની બેસાડી દીધી; ઝાલી લગામ પછીથી જ્યારે, ચાલી સુર સપાટામાં ત્યારે. ૧૩ પોકી દરવાજે ચડી રે ચોટ, કોટ કુદી પડી કહાડી દોટ; એનું બળ અતિશે પ્રકાશે, જાણે પક્ષણિ ઊડી આકાશે. ૧૪ મધ્ય રાત્રી છે અંધારી ઘોર, છતાં છુટી મુકી છે રે દોર; વન વિકટ વસમી વાટય, પળી પલકમાં એ પુર પાટય. ૧૫ એવે ઓત્રાને સ્મૃતિ રે આવી, સાંઢ રસ્તામાં ઊભી રખાવી; બોલી રત્નાની સાથે ત્યાં વાણિ, બંને પાપણમાં ભરી પાણિ. ૧૬ મારા વીરા હું ફાળમાં ફુલી, આવી અમર કુંપાને ભુલી; મુકયો છે પાણિયારામાં એહ, એમાં જરા નથી સંદેહ. ૧૭ માટે ભાઇ તમે પાછા જાઓ, કુંપો અમ્મરનો લઈ આવો; તો તો જાળવ્યું જીવન મારૂં, ભલું કરશે પ્રભુ તમારૂં. ૧૮ સુણિ રત્નાને થયો ઊચાટ, બેની આવ્યાં આ વેગળી વાટ; હવે શી રીતે પાછું જવાય, જતાં આવતાં વહાણું વહી જાય. ૧૯ વળી કોમળ સાંઢણિ મારી, મરે રસ્તામાં તે તો બીચારી; નથી લાકડા લોઢાની તેહ, એ તો પામર પશુની દેહ. ૨૦ ત્યારે ઓત્રા કહે અમર સાલે, ગયા વિના વીરા નહિ ચાલે; લે આ આપું એકાવળ હાર, તારો ભુલીશ નહીં ઊપકાર. ૨૧ મારૂં સિદ્ધ થશે જો આ કામ, ઘણાં આપીશ તુજને ગામ; દયા એટલી દીલમાં લાવો, દુઃખ વેઠી મારી-વતી જાઓ. ૨૨ રત્નો કહે કદી જાઉં આ વાર, સાંઢ ઝીલે ના બેઊનો

આર; તેમ એકલાં અહીં ના રખાય, વન વિકટ વિઘન થાય. ૨૩ વાઘ વરૂ વિગેરેનું જોર, વળી રાત આ અંધારી ઘોર; તમો અબળા એકલાં જાત, મારા મનમાં એ ઊત્પાત. ૨૪ ત્યારે ઓત્રા બોલી ઊઠી ત્યાંય, મને કાળ કદી નહીં ખાય; મારા પાપેથી ધ્રુજે છે ઘણું, માગું છતાં નથી મારૂં મર્ણ. ૩૫ નથી દૈવ્યનો મુજપર દાવો, મુકી એકલી જરૂર જાઓ; સુણિ રત્નાએ ઊચકી લીધી, એક ઝાડ ઊપર મુકી દીધી. ૨૬ વાળી સાંઢણી વેગમાં ચાલ્યો, માર્ગ વૈરાટ નગ્રનો ઝાલ્યો; એવે પડી પ્રભુજીને ફાળ, તર્ત ઊઠયા પોઢેલા પાતાળ. ૨૭ અમ્મર પાશે પતિને એજ, તો તો નહીં મરે મારો ભાણેજ; તેથી કામ કપટનું કીધું, એક ઉંદરનું રૂપ લીધું. ૨૮ મુખ કુપાનું નમાવી દીધું, વાંકો વાળી એ અમર પીધું; પછી શીશાને ફ્રોડીરે નાંખ્યો, એક કકડો આખો ન રાખ્યો. ૨૯ કરી ચુરો બધો ગળી ગયા, પછી ત્યાંથી અંતરધ્યાન થયા; એવે રત્નો આવ્યો દરબાર, કર્યા ટોકા તેણે બે આર. ૩૦ સુણી સુદ્રભણા આવી તે ઠાસ, કહેને વીરા વળી શું છે કામ: રત્નો કહે બાઈ કુપોરે જેહ, ભુલી ગઇ પુત્રી તમારી તેહ. ૩૧ પેલા પાણીયારા માંહી જુવો, વધુ વાર કર્યા વીના લાવો; ગઈ સુદ્રભણા દોડતી જ્યારે, જોયું પાણીયારામાં ત્યારે. ૩૨ પડયો કુપો ના ત્યાં તો નજરમાં, પછે ખોળી વળી બધા ઘરમાંય. ૩૩ વાટે વાલીએ પાડયો હશે, મારી પુત્રીની શી ગતી થશે; જારે જા ભાઈ તને ધીક્કાર, મુકી એકલી મારી કુમાર. ૩૪ વન અઘોર અંધારી રાત, કરશે વાઘ વરૂ એની ઘાત; છળી છળીને મરશે બીચારી, વીરા વાત એ તું ના વીચારી. ૩૫ સુણી રત્નો ત્યાં પંથેરે પડીયો, જઇ ઝપાટે ઓત્રાને મળીયો; ઝટ ઓત્રાને ઝાડેથી લીધી, શાંઢ ઊપર બેસાડી દીધી. ૩૬ ઓત્રા કહે છે કુપો ભાઇ આપો, વળી વેગમાં પંથને કાપો; ત્યારે રત્નો કહે છે બાઇ સુણો, ઘરનો ખોળી જોયો ખુણે ખુણો. ૩૭ કોઇ સ્થળે કુપો નવ જડીયો, સુણી ઓત્રાને ધ્રાસકો પડીયો; જા જા વીરા ગયો નથી ઘેર, તેં તો કીધી પ્રપંચની પેર. ૩૮ રત્નો કહે છે લે બાઈ તારો હાર, પછી પ્રપંચ કીયે પ્રકાર; થાય ખાત્રી ગયાની જ્યારે, હાર આપજે મુજને ત્યારે. ૩૯ ઓત્રા કહે તે તો આપ્યોરે તમને, હવે વહેલી પોચાડી દયો અમને; તવ સાંઢ હાંકી પુરપાટ, થયો કૃષ્ણના મનમાં ઉચાટ. ૪૦ શાંડ સાંઢણી જુલમી જણાય, મળશે યુદ્ધે જાતાં પહેલી ત્યાંય; અભેમન્યુ જો દેખશે નાર, નહી નીકળે તંબુની બહાર. ૪૧ મારે રોકુ રાણીનેરે વન, કહાડુ તંબુથી પારથ તન; એવું ધારી પોતે નંદલાલો, પડયા રસ્તામાં થઈ વજી ભાલો. ૪૨ પગે પેસવા

આગળ આવે, તકે શાંઢણી દાવ ચુકાવે; એમ કરતાં તો ચોટ ચુકાવી, ભાલો પેઠો એ પગમાં આવી. ૪૩ પડી શાંઢણી ભોમીની માંય, પડયો રત્નો ને ઓત્રા બે ત્યાંય; રત્ને જાણ્યું કે શાંઢણી ભાગી, મારી પાપ તણી રેખા જાગી. ૪૪ ઓત્રા કહે છે નથી પાપ તારૂં, વીરા નડયું આ કર્મજ મારૂં: મારા પાપના છાંટારે પડીયા. ૪૫ રત્ને ઉઠીને જોયું રે જ્યારે, ભાલો પગમાં દીઠો તે વારે; ઝાલી ખેંચવા લાગ્યો તે ભાલો, નથી નીકળતા નંદ લાલો. ૪૬ એમ રાણી રેકી રણ માંય, હવે નીરદય ભોમીમાં શું થાય; જાગે તંબુમાં પુત્રને માત, અતિ સુભદ્રાને ઉતપાત. ૪૭ વિશ્રામ—સુભદ્રા ઉતપાતમાં, આધી પાછી થાયરે; વ્યાસ મગન વાણી વદે, સુણો જન શ્રોતાયરે.

કડવું૧૮ મું—રાગ આશાવરી.

વૈશમપાયે એણી પેર બોલયા, સુણ જનમેજય રાય; વીસ્તારી તુજને સંભળાવું, ચક્રાવાનો મહીમાય. ૧ સુભદ્રા ઉતપાત કરે હજુ, ઓત્રા આવી નહીં કેમ; તંબુની ઉપર ચડીને તે તો, જોવા લાગી આમ તેમ. ૨ નજરે ત્યાં કોઈ નવ દેખાયું, ત્યારે પડી બહુ ફાળ; મધ્ય સમે નકી સુદ્રષ્ણા, નહી મોકલે એની બાળ. ૩ જારે જા ભુંડી સુદ્રષ્ણા તને, કેમ નથી કંઇ વીચાર; આવા સમયમાં રોકી રાખવી, ન ઘટે તારી કુમાર. ૪ જારે જા ભુંડા રાયકા તેં પણ, વેર કેદહાડાનું વાળ્યું; ગયો ત્યાં ને ત્યાં તું રહ્યો હજી, મારા સામું નવ ભાળ્યું. ૫ અરેરે ભુંડી શાંઢણી તું પણ, દીલ દયા નવ લાવી; વાલી એવું શું વીઘન આવ્યું, હજુ સુધી નવ આવી. ૬ એ પ્રમાણે અનેક જાતના ઉરમાં કરતી વીચાર; ચારે બાજુની ચીંતામાં ચાલે, આંખમાં આંસુની ધાર. ૭ પછી તંબુથી ઉતરી હેઠી, આવી એ પુત્રની પાસ; સેવામાં બેઠેલો પુત્રને દેખી, નાખે ઘણા નીસાવાસ. ૮ દીકરા મારા તું આ શું કરે કહી, દીવાને શાણો કીધો; ભણતો હતો પાઠ કોઠા યુદ્ધનો, તે માતાએ ખેંચી લીધો. ૯ અભેમન્યુ કહે માતા મારી, શીદ વીતાડે છે આમ; કોઠા યુદ્ધ મને આવડે છે, નથી આ પાઠનું કામ. ૧૦ એમ કહી સેવા આટોપી ઉઠયો, પારથ કેરો કુમાર; પ્રેમવડે પરસાદ જમી પછી, આવ્યો તંબુની બહાર. ૧૧ સેવકો બોલાવી સુચના આપી, સેન્ય કરોને તૈયાર; રથ લાવી અહીં ઉભો રાખો, હવે ન કરશો વાર. ૧૨ એમ કહી પછી અંદર આવી, પોસાક પેરવા બેઠો; ભાથો ઉંચો ભરાવેલો તેને, તરત ત્યાં ઉતાર્યો હેઠો. ૧૩ ત્યારે સુભદ્રા પોશાક શસ્રો, ખેંચી લે છે વારા ફરતી; બાઝી પડે છે પુત્રની કેટે, આંખમાં

આંસુડાં ભરતી. ૧૪ અરેરે દીકરા લાડકવાયા, કરવા બેઠો તું કેવું; કોટાનકોટી ઉપાય કરે પણ, યુદ્ધે જાવા નહીં દેવું. ૧૫ દીસે છે એ તો કારમા કોઠા, કપટી લોકે કરેલા; કૌરવ આદી અડગ યોદ્ધા, દુષ્ટ એ ડંશ ભરેલા. ૧૬ યુદ્ધમાં એકલો કેમ જાવા દેઉં, બાપ નથી તારો ઘેર; વસમા વેરી છે ઝાઝા ઝેરીલા, મારી નાંખે તને ઠેર. ૧૭ મુવા કેડે તારો બાપ માગે તો, કોનો હું આપું કુમાર; વળી બીચારી ઓત્રા નારીનો; છુટી પડે અવતાર. ૧૮ પતિ વીનાની પ્રેમદા જેવી, પુત્ર વીના તેવી માત; ફળ વીના તરૂવર નવ શોભે, વીરા વિચારી જો વાત. ૧૯ પુત્ર વીનાનાં માત પીતાની, લક્ષ્મી લુંટાઇ જાય; પુત્ર વીનાનાં શમશાન સુનાં, બળે એ માત પીતાય. ૨૦ પુત્ર વીના કાંટો વાડનો વેરી, ભોમી ઝીલે નહીં ભાર; પુત્ર વીના કદી માત પીતાનો, થાય નહીં ઉધાર. ૨૧ પુત્ર વીનાની માતાને માથે, સોકયનું આવે સાલ; પુત્ર વીનાની માતાનો જગમાં, કોઇ ગણે નહી માલ. ૨૨ પુત્ર વીનાની માતાને પતી, સમજે શત્રુ સમાન; પુત્ર વીનાની માતાનું કદી, કોઇ ન રાખે માન. ૨૩ પુત્ર વીનાનાં માત પીતાનું, મુખ જુવે ના કો હેણું; પુત્ર વીનાનાં માત પીતાને વાંઝીયાં કહી મારે મેણુ. ૨૪ માટે એ મારા લાડકવાયા, યુદ્ધની જાવા દયો વાત; ઘણા દહાડા યુદ્ધ કરજો આગળ, આજ મુકો ઉતપાત. ૨૫ ત્યારે અભેમન્યું કહેવા લાગ્યો, સાંભળને મારી માડી; મરણ થયે સાચી ન માનું, વાતો એ અવળી આડી. ૨૬ ઉલટાં કાયર વચનો કહી મારૂં, કેમ તજાવે તું કર્મ; જાણુતી નથી તું હજુ સુધી, શું છે ક્ષત્રાણીનો ધર્મ. ૨૭ રણસંગ્રામે સાવધ થાતાં, શોક કદી નવ કરવો;ખામી લાગે એ ક્ષત્રીવટમાં, હરખને નવ હરવો. ૨૮ ખરે ખરી જે ક્ષત્રાણી તે તો, લાજ કદી નવ લોપે; પુત્ર પતિનો પ્રેમ ન રાખે, રણની માળા આરોપે. ૨૯ નાનાં મોટાં સૌ ક્ષત્રાણીનાં, સરખાં બાળ ગણાય; ગમે તેવો હોય ક્ષત્રીનો પુત્ર, રોકયો ના રહે રણમાંય. ૩૦ કુંતા માતા જેવી ધીરજ ધારી, માતા આપો આજ્ઞાય; રોકયો હવે નથી રહેવાનો હું તો, થનાર હોય તે થાય. ૩૧ સુણી સુભદ્રા થરથર ધ્રુજી, વેશ થયો વીકરાળ; ભાઝી પડી રડી કહેવા લાગી, યુદ્ધે જવું નથી બાળ. ૩૨ વિશ્રામ-યુદ્ધે બાળ જવું નથી, સાંભળ મારી વાત રે; વ્યાસ મગન વાણી વદે, કરગરી કહે છે માત રે. ૧૯

કડવું ૧૯ મું—રાગ અગમ્ ઉદાશી.

તું તો યુદ્ધે ના જઈશ મારા બાળ રે, મને પડી છે પેટડીઆમાં ફાળ રે; તારા પીતા ગયા પાતાળ રે, જોડે મામા ગયા છે ગોપાળ રે;

તારૂં ત્યાં કોણ થશે રખવાળ રે, તારે માથે ભમે છે બેટા કાળ રે, દીકરા માન્યને, મારૂં માન્યને. ટેક. સાખી—સુભદ્રા શીશ કુટતી, આંખે આંસુ જાય; દેશ દિશા સુજે નહિ, બધી ધરતી તેને તો ખાવા ધાય રે. તું તો૦ ૧ માતા કહે સુજ દીકરા, સાંભળ મારી વાત; તાત નથી ઘેર તાહરા, તેં તો આ શો માંડ્યો ઉત્પાત રે. તું તો૦ ૨ આશો ઉજમ લડવા તણો, હેઠાં મુકય હથીયાર; એથ વેનાનો એકલો, નહિ જાવા દેઉં તંબુની બહાર રે. તું તો૦ ૩ બીડું શીદ મુખમાં ધર્યું, શીદ પહેરી રણમાળ; રાણા રણ નહીં તો જા, તું કરીને મારો કાળ રે. તું તો૦ ૪ દીકરા દુઃખ બહુ વેઠીને, મોટો કીધો આજ; દાઝ નથી એ આવતી, મારી લેવા બેઠો તું છેવટ લાજ રે. તું તો૦ ૫ કોઠા કપટ કરી રચ્યા, માન્ય ખરી સુજ વાત; કુલઘ્ની એ કૌરવો, તે તો કરશે કોઠામાં તારી ઘાત રે. તું તો૦ ૬ પરણી આવ્યો પાધરો. નારી ન મળે સાથ; આંણે પણ આવી નથી, હજુ કાંકણ દોરા છે એના હાથ રે. તું તો૦ ૭ ડરીએ દેખી તુજને, ન મળે બીજો બાળ; વૃદ્ધપણામાં વીરલા, કોણ લેશે અમારી સંભાળ રે. તું તો૦ ૮ કાયા થરથર ધ્રુજશે, અટકીજ પડશે અંગ; આંખે થઇશું આંધળાં કોણ સાચવશે અમારા એ ઢંગ રે. તું તો૦ ૯ માથે કળકળે કાગડા, શબ્દો કરે શીયાળ; ફરકે છે અંગ માહરૂં, દીઠા સ્વપ્નમાં વસમા મેં તો બ્યાળ રે. તું તો૦ ૧૦ સુખ સાગર સુકાઈ જશે, થશે ડુંગર સમ દુઃખ; હું તો અભાગ્યણી પાપણી, ક્યારે દેખીશ કોમળ તારૂં મુખ રે. તું તો૦ ૧૧ દીકરા દીન વાંકો દીશે, દવ લાગ્યો દશ દીશ; તુજ વીણ ઓત્રા દેખતાં, હું તો ભવોભવ ઉભી બળીશ રે, તું તો૦ ૧૨ લુટાશો મુજ લાડકા, ઘેરાશો ઘડ માંય; માટે માનો માહરૂં, હું તો માતા પડું છું તારે પાય રે. તું તો૦ ૧૩ વિશ્રામ—માતા હું પાયે પડું, માનો મુજ સંતાન રે; કહે મગન પછી તે પળે, બોલ્યો અભેમાન રે. ૧૯

કડવું ૨૦ મું—રાગ ઉપરનો.

તું તો સાંભળ મારી માત રે, આમ શીદ કરે છે ઉતપાત રે; નથી રણમાં થાવાની મારી ઘાત રે, થા તું સાવધ સાંભળ મારી વાત રે; હું તો યુદ્ધે જાવાનો પરભાત રે, નથી રોકયો રહેવાનો એક રાત રે. રૂદન શીદ કરો, આંસું શીદ ભરો. ટેક. સાખી—કુંવર કહે છે માવડી, શીદ કરો છો શોક; રોકી મુજને રાખવો, એ તો આશા બધી છે તારી ફોક રે. તું તો૦ ૧ સાંભળ જનેતા માહરી, મુકી દે પરીતાપ; બીડું બાતલ થાય તો, મને બ્રહ્મહત્યાદિક પાપ રે. તું

તો૦ ૨ પ્રગટે રવી કદી પશ્ચિમે, પાવક શીતળ થાય; ચંદ્ર ચળે કદી કો સમે, મારૂં મિથ્યા વચન નહીં જાય રે. તું તો૦ ૩ એક વચનને કારણે, રામ ગયા વનવાસ; પાંડવ પણ તેવા પડ્યા, કેમ હું કરૂં વચન વિનાશ રે. તું તો૦ ૪ બાપ નામ બોળાય, મા લાજેજ તારી કુખ; કલંક લાગે કુળમાં, મારૂં કાળું કોઇ જુવે નહીં મુખ રે. તું તો૦ ૫ માતા જ્ઞાન મને થયું, બળતો બોલું બાળ; મામા મુજ કેડે પડયા, તે તો કરવા ધારે છે મારો કાળ રે. તું તો૦ ૬ એક વાર આવું જો જીવતો, લાવેજ મારો ઈશ; દ્વારીકાં પહેલી ઉજડ કરૂં, છેદું કપટી કૃષ્ણ મામાનું શીશરે. તું તો ૭ માતા પીતા તરછોડીને, બની ગયો હું બ્હોત; સંસાર લા'વો છોડીને, આખર આવ્યું છે માડી મારૂં મોત રે. તું તો૦ ૮ બદલો મેં વાળ્યો નથી, ઘણી કરાવી વેઠ; પણ મા મન એમ વાળજો, જાણે પુત્ર તો આવ્યો નથી પેટ રે. તું તો૦ ૯ પીતા મુજ પાતાળથી, આવે જ્યારે આમ; રાજક દીપક મુજ હોય તો, મારા પીતાને કહેજો પરણામ રે. તું તો૦ ૧૦ મા મુજ મૃત્યુ થાય તો, વિપ્રને તેડજો દ્વાર; જુગતે કરી જમાડજો, મારાં આપજો વસ્ત્ર શણુગાર રે. તું તો૦ ૧૧ વસ્ત્ર શણુગાર ને સોગટાં, કરજો નાના વિપ્રને દાન; દુધ પાણી નેવે મુકજો, છેલ્લી વિનંતી કરૂં છું અભે-માન રે. તું તો૦ ૧૨ રાણીને ઘેર રાખજો, પીયર પલક નવ જાય; કોઠે કીરતી મેળવું, જેના વ્યાસ મગન ગુણ ગાય રે. તું તો૦ ૧૩ વિશ્રામ—એવી વાણી ઉચર્યો, પડીયો માને પાય રે; વ્યાસ મગન કહે તે સમે, રડતી સુભદ્રાય રે. ૨૦

કડવું ૨૧ મું—રાગ ધનાશ્રી.

બોલ્યા વૈશમપાયે વચન, સાંભળ પરીક્ષીત રાયના તન; માતા રડતી ત્યાં તો અતિશે, છાતી માથાં કુટે દાંત પીશે. ૧ ત્યારે રડવા લાગ્યો કુમાર, નીર નેત્રે વહે છે ચોધાર; એમ સામા સામી બેઉ રડીયાં, એક એકને બાઝી ત્યાં પડીયાં. ૨ એવો થયો જ્યારે ઉતપાત જાણી દ્રૌપદિ કુંતાએ વાત; ધાઈ દ્રૌપદિ કુંતા બે આવ્યાં, પુત્ર માતા ત્યાં છોડાવ્યાં. કુંતા કહે છે ઓ વહુજી વિચારો, છે એ હઠીલો છોકરો તારો; તેને સમજાવે શું કરવાને, કહ્યું આપણાનું નહીં માને. ૪ ખરો છે એ સુરાનો સંતાન, જાશે યુદ્ધમાં એ તો નીદાન; મિથ્યા રોકી રાખે છે શું કરવા, સુખે જવા દે યુદ્ધજ કરવા. ૫ હોય ક્ષત્રીનો જેહ કુમાર, તેને યુદ્ધનો છે અધિકાર; પછી યુદ્ધમાં એ તો રે જાશે, કેમ તારાથી રોકી રખાશે. ૬ ત્યારે સુભદ્રા બોલી વચન, સુણો સાસુ એ

નાનો છે તન; ઓથ વિનાનો એકલો જાય, કાળ કોઠામાં તેનો રે થાય. ૭ એનું મોત કદી નવ થાય, તો તો તર્ત કરૂં હું વિદાય; સુણી કુંતાજી કહે છે રે બાઇ, એક વારતા યાદમાં આઇ. ૮ લાવો સુતરના તાર સાત, તેને મંતરૂં હું મારી જાત; તે તો બાંધુ હું બાળના હાથે, કદી મરણ આવે ન માથે. ૯ કરૂં અમર રાખડી એવી, મને જાણીશ નહીં જેવી તેવી; બાંધું રક્ષા એ રક્ષણ થાવા; પછી દો એને યુદ્ધે જાવા. ૧૦ આવે યુદ્ધમાં બ્રહ્મા ને શેશ, ભલે આવે જો વિષ્ણુ મહેશ; કદી આવે એના સામો કાળ, એનો વાંકો ના થઇ શકે વાળ. ૧૧ સૌને જીતે એવો કરૂં બાળ, સુકું રામ તણું રખવાળ; પછી છોને એ યુદ્ધમાં જાય, જોઉં મૃત્યુ એનુ કેવું થાય. ૧૨ બોલી દ્રૌપદિ નથી રે કાચું, બાઇ સાસુ કહે છે બધું સાચું; સાસુ કહે છે એ કરશો ઉપાય, તો પુત્રનું મૃત્યુ નહીં થાય. ૧૩ સુણી સુભદ્રા જાતો રે જાત, લાવી સુતરના તાર સાત; આપ્યા સાસુના હાથમાં જ્યારે; અભેમન્યુને બોલાવ્યો ત્યારે. ૧૪ કુંતા કહે છે બેટા સુણો વાત, ટાળો મારો તમે ઉતપાત; મને આપોને એક વચન, માગું એટલું હું મારા તન. ૧૫ અભેમન્યુ કહે વચન આપું: વિના યુદ્ધની વારતા થાપું: માતા કહે ભલે યુદ્ધમાં જાવો, નથી એ વિષે અમારો દાવો. ૧૬ છે આ સુતરના સાત તાર, કરે બાંધવા દોને કુમાર; તારી માતાનું મન મનાવા બાંધું રક્ષા એ રક્ષણ થાવા ૧૭ અભેમન્યુ કહે ભલેને બાંધો, મારે એથી નથી કાંઇ વાંધો; કુંતા કહે બાંધું બેટા હું કોડે, તેને જાળવજો જીવ જોડે. ૧૮ જો જો ભુલતા વચન મારૂં, નહી તો થાશે ત્યાં મૃત્યુ તમારૂં; એમ કહી તાર ભેગા ત્યાં કીધા. માતા કુંતાએ આંબળા દીધા. ૧૯ તેનો દોરો બનાવ્યો છે એક, ગાંઠયો વાળવા માંડી વિવેક; માંડયા મંત્ર ત્યાં મુએ ઉચરવા, ધારી રાખડી અસર કરવા. ૨૦ સતિ નારી શીરોમણી કહાવે કોડે કાળને પાછો હઠાવે; સતિ નારી ભ્રુજાવે રે ધાર્ણ પાછું વાળે પલકમાં મર્ણ. ૨૧ સતિ નારીથી દેવજ ડોલે, કોઇ નહીં સતિ નારીના તોલે; તારા મંડળ સતિ નારી તોડે, પ્રભુ સરખા તેને કર જોડે. ૨૨ એવાં સતિ કુંતાજી કહેવાય, કરે અમર રાખડી ત્યાંય; તે તો રાખડી જે કો સાંભળશે, તેનાં પાપ પલકમાં ટળશે. ૨૩ સુણી દાન કરે જન જેહ, કદી કષ્ટ ના પામે તે દેહ; માતા મંત્ર ભણે છે તે વારે, શા શા વચન મુખે ઉચારે. ૨૪

વિશ્રામ—શાં શાં વચન મુખ ઉચરે, કુંતા માતા ત્યાંય રે; વ્યાસ મગન વાણી વદે, સુણો જન શ્રોતાય રે. ૨૧

કડવું ૨૨ મું—રાગ પુનમ ચાંદનીનો.

કુંતા અભેમન્યુને બાંધે અમર રાખડીરે, દીકરા દુશ્મન કરશે દેખી તારી આંખડીરે. ઝુલ-તું તો યુદ્ધે જા મમ બાળ, કરવા કૈરવ કાળ; દેજ્યો સીંહ તણી ત્યાં ફાળ, તારે રામ તણુ રખવાળ. ટેક. સાત આઠ ને નવ દશાં, વળી અગીયાર ને બાર; એટલાં તુજ રક્ષા કરો, દીનમાં દશ દશ વાર. દીકરા પહેલે કોઠે કોણ આવી ઉભા હશેરે, દીકરા પહેલે કોઠે દ્રોણ આવી ઉભા હશેરે. ઝુલ-પહેલે કોઠે ગુરૂ દ્રોણ, કહાડી કાળ જ્વરનું બાણ; સામું તર્ત કરી સંધાણ, તેના પલકે લેજો પ્રાણ. કુંતા૦ ૧ સાખી-તેત્રીશ છત્રીશ અડતાળીશાં, ઓગણ પચાશ બાવન સાર; એટલાં તુજ રક્ષા કરો, દીનમાં દશ દશ વાર. દીકરા બીજે કોઠે કોણ આવી ઉભા હશેરે, દીકરા બીજે કોઠે કૃપાચાર્ય ઉભા હશેરે. ઝુલ-બીજે કોઠે કૃપાચાર, સુરા સજ કરી હથીયાર; મારા અલબેલા કુમાર, તેનો ત્યાં કરજો સંહાર. કુંતા૦ ૨ સાખી-છપન ચોસટ ને બોતરાં, વળી અઠયાશી હજાર; એટલાં તુજ રક્ષા કરો, દીનમાં દશ દશ વાર. દીકરા ત્રીજે કોઠે કોણ આવી ઉભા હશેરે, દીકરા ત્રીજે કોઠે અશ્વસ્થામા ઉભા હશેરે. ઝુલ-ત્રીજે કોઠે અશ્વસ્થામા, થાજો એ અમરના સામા; જોજો પડશો નહીં નકામા, તેના ત્યાં ઉતરાવો જામા. કુંતા૦ ૩ સાખી-બે જળચરાં બે વનચરાં, બબે રાજકુમાર; એટલાં તુજ રક્ષા કરો, દીનમાં દશ દશ વાર. દીકરા ચોથે કોઠે કોણ આવી ઉભા હશેરે, દીકરા ચોથે કોઠે કરણ આવી ઉભા હશેરે. ઝુલ—ચોથે કોઠે રાજા કર્ણ જેનાથી ધ્રુજે છે ધર્ણ; પણ તું ચતુર ચાંપી ચર્ણ, તેનું તરત કરજો મર્ણ. કુંતા૦ ૪ સાખી—કાંણો કટો ને કુબડો, વળી માકડ ને મનઝાર; એટલાં તુજ રક્ષા કરો, દીનમાં દશ દશ વાર. દીકરા પાંચમે કોઠે કોણ આવી ઉભા હશેરે, દીકરા પાંચમે કોઠે દુર્યોધન ઉભા હશેરે. ઝુલ-પાંચમે કોઠે કળજુગ અંશ, જેના મનમાં ઝાઝો ડંશ; પણ સૌ શોધીને સારંશ, કહાડો જડામુળથી વંશ. કુંતા૦ ૫ સાખી-જોશી ડોશી ફોશી ને ફાતડો, વળી ભાંડ ડાંડ ભાટ ભરવાડ; એટલાં તુજ રક્ષા કરો, દીનમાં દશ દશ વાર. દીકરા છઠે કોઠે કોણ આવી ઉભા હશેરે, દીકરા છઠે કોઠે સલ્ય આવી ઉભા હશેરે. ઝુલ-છઠે કોઠે રાજા સલ્ય, આમો જનમારાનો મલ્ય; ખાંડી કરે ખોખરૂ ખલ્ય, એવો પીલી નાંખજો મલ્ય. કુંતા૦ ૬ સાખી-રવી કવી શશી શેષ ને નવ લખ, નવસેં નવાણું સાર; એટલાં તુજ રક્ષા કરો દીનમાં દશ દશ વાર. દીકરા સાતમે કોઠે કોણ આવી ઉભા હશેરે. દીકરા સાતમે કોઠે જયદ્રથ ત્યાં ઉભા હશેરે. ઝુલ-

સાતમે કોઠે જયદ્રથ, એ તો કરતાં સમરથ; સામા લડીને લથાબથ, એનો રણ રઝળાવો રથ. કુંતા૦ ૭ સાખી–કુંતાએ કર ઝાલીને, વાળી વજર ગાંઠ; વ્યાસ મગન કહે કૃષ્ણનો, ડોસીએ વાળ્યો દાટ. ડોલ્યા દશ દીગપાળો, દો દેશ અવનીપુરમાંરે, ઉંડી પડી ફાળ પાતાળ કૃષ્ણના ઉરમાંરે. ઝુલ–ચેત્યા ચૌદ લોકના ભુપ, ધરીયું બ્રાહ્મણ કેરૂં રૂપ; ઉઠયા ત્યાંથી તેજ સ્વરૂપ, કુંવર જાણી અમર કુપ. કુંતા૦ ૮

રાખડીના અર્થ–ટીકા.

૧ ૭ સમુદ્ર, ૮ કુળ પરવત, ૯ કુળ નાગ, ૧૦ દીગપાળ, ૧૧ રૂદ્ર, ૧૨ મેઘ.

૨ ૩૩ કોટી દેવતા, ૩૬ રાગ રાગણી, ૪૮ અગ્ની, ૪૯ વાયુ, ૫૨ વીર.

૩ ૫૬ કુળ જાદવ, ૬૪ જોગણી, ૭૨ કોટી દાનવ, ૮૮૦૦૦ ઋષિયો.

૪ ૧ મચ્છા, ૨ કચ્છા, ૩ વરાહ, ૪ નરસિંહ ૫ રામચંદ્ર ૬ કૃષ્ણ પ્રભુ.

૫ કાણા શુક્રાચાર્ય, કદ્દા ગણપતિ, કુબડા અંજીરા ઋષિ, માંકડ હનુમંત, મંઝાર ઇંદ્ર.

૬ જોશી સહદેવ, ડોશી કુંતા, ક્રોશી ધર્મ, ફતડો અર્જુન, ભાંડ નારદ, ડાંડ ભીમસેન, ભાટ સંજય, ભરવાડ કૃષ્ણજી.

૭ રવી સુર્ય, કવી વેદવ્યાસ, શશી ચંદ્રમા, શેશ નાગ, નવલખ તારા, નવસેં નવાણું નદીયો, સાર એટલે પાંચ ભુત.

વિશ્રામ—બાંધી અમર રાખડી, કુંવરના કર માંય રે; વ્યાસ મગન વાણી વદે, સુણો જન શ્રોતાય રે. ૨૨

કડવું ૨૩ મું—રાગ આશાવરી.

વૈશમપાયન એણી પેરે બોલ્યા, સુણ જનમેજય રાય; વિસ્તારી તુજને સંભળાવું, ચકાવાનો મહીમાય. ૧ કુંતા માતાએ રાખડી બાંધી, પુત્ર તણા કરમાંય; યુદ્ધમાં જાવો જીતીને આવો, હાર કદી નહીં થાય. ૨ પણ રક્ષાને સાચવી રાખજો, ભુલી જશો ના વચન; અભેમન્યુએ પછી કર જોડીને, કીધું માતાને નમન. ૩ એવે સુભદ્રા તંબુ ઉપર ચડી, જોવા લાગી જ્યારે, ઓત્રાને આવતી દીઠી નહીં, રડી પડી છે તે વારે, ૪ જારે જા ભુંડી કરમ હીણી, હજુ સુધી નવ આવી; એમ કહીને ઉતરી હેઠી, તંબુમાં તે તો સીધાવી. ૫ આવી પુત્રને કહેવા લાગી, ઊભા રહો જરા કુમાર; વાર હવે વધુ નથી થવાની, આવે છે તારી નાર. ૬ તેને મળીને દીકરા મારા, સુખેથી યુદ્ધમાં જાવો; એટલું વચન પાળવા માટે, દયા જરા દીલ લાવો. ૭ અભેમન્યુ કહે માતા

માજી, બકવા કરો છો શા માટે; નારીનું કામ નથી કાંઇ મારે, યુદ્ધે જઉં શીર સાટે. ૮ સુભદ્રા કહે યુદ્ધમાં જાવો, તેનો તો નથી બળાપો; છેવટનું એક વચન માગું છું, તેટલું મુજને આપો. ૯ અભેમન્યુ કહે માતાજી મારાં, લોભનાં લક્ષણ ત્યાગો; યુદ્ધથી પાછો વાળવા વિના, ખુશી આવે તે માગો. ૧૦ સુભદ્રાના મનમાં એવું કે, જો જરા કરાવું વાર; એટલામાં એની નારી આવે તો, ના નીકળે તંબુ બહાર. ૧૧ સુભદ્રાએ એમ જાણી કહ્યું, બેટા નથી બીજો દાવો; જતી વખતે મારા હાથનો, કંસાર જમતા જાઓ. ૧૨ અભેમન્યુ કહે અરેરે માતા, એવું શું બોલી વચન; જાતા જનને જમવાનું કહેવું, તે તો છે અપશુકન. ૧૩ કુંતા કહે જમવાનું કહ્યું તો, જમ્યા વિના ના જવાય; જમ્યા વિના પછી જવાય તો તો, અપશુકન એ થાય. ૧૪ માટે તમો અપશુકન ટાળો, ઓ રે મારા તન; માતાના હાથનો કંસાર જમીને, કરતા જાવો શુકન ૧૫ પછી અભેમન્યુ જમવા બેઠો, માતા બેઠી પુત્ર પાસ; કંસાર પ્રેમેથી પીરસ્યો ત્યારે, જમી લીધા પાંચ ગ્રાસ. ૧૬ પછી સેવકોને સુચના આપી, સૈન્યા કરો તૈયાર; એમ કહી પછી સજવા બેઠો, વસ્ત્ર અને શણગાર. ૧૭ હવે કહું કથા કૈરવ સૈન્યની, સુણો શ્રોતા જન; પહોર પાછલી રાત રહી ત્યારે, ઉઠયો દુરીયોધન. ૧૮ દ્રોણ ગુરૂને ઉઠાડી કહે છે, કોઠા કરો તૈયાર; વહાણું વાશે વખત યુદ્ધનો થાશે, કેમ કરો હવે વાર. ૧૯ દ્રોણ ગુરૂ તત્ર ઊઠીને રથંભની, ઊત્તર દિશામાં ગયા; સ્વચ્છ જગા જોઇ મોટા મેદાનમાં, આવીને ઊભા રહ્યા. ૨૦ પછી મુવેલાં મડદાં મંગાવ્યાં, મનુષ્યની તે તો જાત; જગ્યા માપીને હારોહાર ત્યાં, ઢગલા કરાવ્યા સાત. ૨૧ પછી અંજલી જળની ભરી, હાથમાં મંતરી લીધી; પહેલા શબની ઢગલી ઉપર, તેમણે છાંટી દીધી. ૨૨ મંત્ર થકી થયો પાષાણુ કોઠો, જરા ન લાગી વાર; સો શિખર સો ધ્વજા પતાકા, તેમાં થયાં સો દ્વાર. ૨૩ બીજી અંઅજળી મંતરી છાંટી, કોઠો વજ્રનો કરીયો; બસો શિખર બસો ધ્વજા, બસો દ્વારનો ઠરીયો. ૨૪ ત્રીજી અંજળીથી ત્રીજો કોઠો, ત્રાંબાનો કીધો તેહ; ત્રણ ઘણું દ્વાર શિખર ધ્વજા, એમાં નહિ સંદેહ. ૨૫ ચોથો કોઠો ચાંદીનો કીધો, અંજળી છાંટી જે વારે; ચારસેં શિખર ચારસેં ધ્વજા, ચારસેં દ્વાર તે ઠારે. ૨૬ પાંચમો કોઠો મંત્ર વડેથી, કનકનો તે તો બનાવ્યો; પાંચસે શિખર પાંચસે ધ્વજા, પાંચસે દ્વારે દીપાવ્યો. ૨૭ છઠો સપ્ત ધાતુનો, મંત્ર થકી કીધો તેને; છસો શિખર છસો ધ્વજા, છસો દ્વાર છે જેને. ૨૮ મંત્ર વડે પછી સાતમો કોઠો, કીધો છાણુ માટીનો; કળા સૌથી તેમાં વધારે, તે કોઠો ખરી ચાંટીનો. ૨૯ સાતસે

શિખર સાતસે ધ્વજા, સાતસે તેનાં દ્વાર; એ પરમાણે સાતે કોઠા, કીધા તે મંત્ર આધાર. ૩૦ પછી નીમેલા યોદ્ધાઓ સારથી, મોખરે મુકયા તમામ; દ્રોણ ગુરૂ પહેલે કોઠે ઉભા, રાખી બરોબર હામ. ૩૧ અઠાવી હજાર અતીરથી, મ્હારથી યોદ્ધા સાત; સાત કોઠામાં ખરચક ભરીયા, એવે થયું પરભાત. ૩૨ એવે અભેમન્યુ પોશાક પેરી હોંશે લીધાં હથીયાર; માતા વિગેરેને પાયે પડીને, નીકળ્યો તંબુની બહાર. ૩૩ એવામાં સૌ પાંડવ યોદ્ધા, સેન્યા સાથે પુરપાટ; આવીને ઉભા તંબુ બારણે, જુવે છે પુત્રની વાટ. ૩૪ સેદેવ નીકુળ ભીમ ને દ્રુપદ, વિરાટ આદી તમામ; અનેક યોદ્ધા અતીરથી ને, મ્હારથી ઉભા તે ઠામ. ૩૫ અભેમન્યુ તવ આનંદે આવી, સેન્યોના અંદર પેઠો; વૃદ્ધ વડીલોને નમન કરીને, રથની ઉપર બેઠો. ૩૬ એટલે સૈન્યમાં સુરા યોદ્ધાએ, દોદશે દીધા ડંકા; જોર ઝપાટે સુર સપાટે, ચાલ્યા ઊછળતા બંકા. ૩૭ અતીરથી યોદ્ધા, ચાલે જોડાજોડ; હાથી ઘોડા ઉંટ ને ખચર, કરે છે દોડાદોડ. ૩૮ ગદા લઈ ભીમ જેમંગળપર, બેશીને મોખરે મહાલે; રથની સાથે રથ રાખી સૌ, ઝાંપ કરીને તે ચાલે. ૩૯ ગટારગચ્છ રથ અભેમન્યુનો, હાંકે છે સારથી થઈને; કાકા વિગેરેની હુંફ ઘણી છે, ત્યાં તો અભેમન્યુ ભાઈને. ૪૦ રણતુર આદિ વાદ્યો વાગે, દોદશ વાગે દદામા; એમ કરીને પાંડવ યોદ્ધા, ચાલ્યા કોઠા સામા. ૪૧ એવામાં તો પ્રભુને પાતાળે, પડી પેટમાં ફાળ; ચામર દોરો બાંધી ચડયો એ, યુદ્ધમાં અરજુન બાળ. ૪૨ ડોસીની રક્ષાથી જીવતો રહેશે, મરશે નહિ કો દીશ; અઢાર વર્ષની ઉમર થશે તો, છેદશે મારૂં શીશ. ૪૩ જ્યાં સુધી દોરો ડોસીનો રહેશે; ત્યાં સુધી જીવતો રહેવાનો; જીવતો રહેશે તો ત્રિલોકનો પતિ, નક્કી તે તો થવાનો. ૪૪ પરાંણે કુપાને કબજે લીધો, સાંઢણીનો ઘડયો ઘાટ; ત્યારે અધુરામાં પુરો, ડોસીએ વાળ્યો દાટ. ૪૫ એવું જાણી દોરો કાઢવા, કામ પ્રભુએ શું કીધું; એક સ્વરૂપ પાતાળે બીજું, બ્રાહ્મણનું રૂપ લીધું. ૪૬ ભગવાન બ્રાહ્મણ રૂપ લઈને, પાતાળેથી પળીયા; પાંડવ સેન્યા જતું હતું ત્યાં, પૃથ્વિ વિષે નીકળીયા. ૪૭ વિશ્રામ—નિકળ્યા નિર્દય શોમિમાં, ધરી બ્રાહ્મણનું રૂપ રે; વ્યાસ મગન વાણી વદે, ચાલ્યા રાખી ચુપ રે. ૨૩

કડવું ૨૪ મું—રાગ ધનાશ્રી.

બોલ્યા વૈશંપાયે વચન, સાંભળ પરીક્ષીત રાજના તન; ચાલ્યા ત્યાં ચૌદ લોકના ભુપ, ધર્યું બ્રાહ્મણનું કૂડું રૂપ. ૧ ધોતી ધારે બેઠે

પેરી લીધી, પોથી બગલમાં મારી દીધી; લીધી લલાટે ભસ્મ લગાવી. ડાબી ખાંધે તો ઝોળી ભરાવી. ૨ ધોળી પાઘડી બાંધી છે માથે, ઝાલી લીધી છે જેષ્ટિકા હાથે; ધરીયું ગોર્વાંદે ઘરડું રે ગાત્ર, જમણા હાથમાં તુંબીનું પાત્ર. ૩ દાંત પડયા ને ડાચાં તો મળીયાં, મોડે માથે ઉગ્યાં છે પળીયાં; વૃદ્ધ માટે આંખે નવ સુજે, લટકે ચામડી થરથર ધ્રુજે. ૪ નીચા વળીને રસ્તો રે જુવે, બંને નાસિકાએ પાણી ચુવે; ભોમિ પડતા આખડતા રે જાય, મુખે અર્જુન ઉચ્ચાર થાય. ૫ પેઠા પાંડવના સેન્યમાં જ્યારે, યોદ્ધા પુછવા લાગ્યા તે વારે; જાવું છે કયાં કહો મહારાજ, અહીંયાં કોનું છે તમારે કાજ. ૬ પ્રભુ કહે જાવું અરજુન પાસે, આવ્યો એને હું મળવાની આશે; મારો બાળપણાનો છે મિત્ર, એવો પારથ પુન્ય પવિત્ર. ૭ હોય અહીંયાં તો મુજને બતાવો એવી દયા દીલે કાંઇ લાવો; ત્યારે યોદ્ધાઓ બોલ્યા વચન, નથી અહીંયાં એ તો અર્જુન. ૮ ગયા કાલના તે તો પાતાળ, હાલ એમના છે અહીંયાં બાળ; પ્રભુ કહે છે કયાં તે બતાવો, મને એની પાસે લઇ જાઓ. ૯ જો એ અરજુન સુતને મળાશે, મિત્ર મળ્યા બરોબર થાશે; ત્યારે યોદ્ધાઓ હેતજ લાવ્યા, તેડી અભેમન્યુ પાસે આવ્યા. ૧૦ વિપ્ર દેખીને અર્જુન બાળ, પગે લાગ્યો તે તો તતકાળ; પુછયું પધારવું થયું કેમ, ટાળો તમે તે તો મારો વહેમ. ૧૧ વધા વળતાં વિપ્ર એ વાત, થાય મારો સ્નેહી તમ તાત; તેને મળવા આવ્યો હું આંહી, પણ તે તો છે પાતાળ માંહી. ૧૨ એવી આમને કહી મને વાણી, વળી વાત તમારી, મેં જાણી; મારા મિત્રના તમો કુમાર, દેખી આનંદ પામ્યો અપાર. ૧૩ બેની કાન્તિ બરોબર કહાવે, ચેહરો મુખનો મળતો આવે; કરૂં વખાણ વાત શું ઝાઝી, તમને દેખી થયો બહુ રાજી. ૧૪ ભાઇ શું છે તમારૂં રે નામ, વળી શીદ જશો તમો આમ; કેમ લીધું આ સેન્યા અપાર. હીંડે પાછળ હાર કતાર. ૧૫ તે તો માંડી કહો મને વાત, ધન્ય ધન્ય ઓ મારા ભ્રાત; અભેમન્યુ વધો તવ વાણી, કહે છે સાંભળો પુરૂષ પુરાણી. ૧૬ મારૂં અભેમન્યુ એવું નામ, જાવું કરવા યુધ્ધનું કામ; કોઠા કૈરવે સાત રચ્યા છે, અમ પાછળ પાપી મચ્યા છે. ૧૭ માટે કોઠામાં લડવા જાવું, હું તો હમણાં જીતીને આવું; પ્રભુ કહે ધન્ય તારી રે હામ, નક્કી રાખીશ બાપનું નામ. ૧૮ દેખું બાળક બળ અતિશે, તારા બાપના જેવો તું દીશે; ધન્ય ધન્ય તારો અવતાર, ખરો ક્ષત્રી તું મિત્ર કુમાર. ૧૯ એમ કહી હાથ અંગે ફેરવીયો, દોરો ડોસીનો કર ત્યાં ઠેરવીયો; દોરો ઝાલી બોલ્યા જુદો ભાવ, ભાઈ શું તને આવે છે તાવ. ૨૦ સાચું

કહે ભાઈ દોરો છે શાનો, મને વહેમ પડે છે માંદાનો; અભેમન્યુ કહે શરીર મારૂં, દીસે ધારવું જુદું તમારૂં. ૨૧ તાવ મારા શત્રુને રે આવે, એવું કહેશો નહિ મને હાવે; દોરો તાવનો તે ના કહેવાય, રૂડી રાખડી તે તો મનાય. ૨૨ મારૂં રક્ષણ થાવાને કાજ, બાંધી રક્ષા કુંતાજીએ આજ; સુણી બ્રાહ્મણે મુખ બગાડયું, ખોટું લાગ્યું એવું ત્યાં દેખાડયું. ૨૩ દેખી પુત્રને પડીયો વહેમ, મોઢું મહારાજા બગાડયું કેમ; પ્રભુ કહે છે જવા દે એ વાત, ન હોય ક્ષત્રી તણી તારી જાત. ૨૪ ન હોય અર્જુનજીનો કુમાર, ધિક ધિક તારો અવતાર; તારૂં બળ મેં જાણી રે લીધું, તેં તો બાપને લાંછન દીધું. ૨૫ હોય વાઘને નહિ વળાવું, દોરો દેખીને હું તો દુભાવું; તું તો જીતીશ આપો રે આપ, જીત્યો સૌ કહેશે દોરા પ્રતાપ. ૨૬ કામ કોઠામાં તારાથી થાશે, દોરો ડોસીનો જશ લઇ જાશે; વળી અપસુકન કેહેવાય, રાંડેલીનો દોરો ના બંધાય. ૨૭ મારા મિત્રનો પુત્ર તું થઉ છું, માટે તેથી તને ખરૂં કહું છું; અભેમન્યુને ઉતરી વાત, સાચું માન્યું તેણે ખરેખાત. ૨૮ મારા બળથી હું જીતવાનો, જશ લેશે દોરો ડોસીમાનો; મારી મહેનત મિથ્યા થવાની, જશ દોરાથી ડોસી લેવાની. ૨૯ એવો દોરો બાંધ્યાથી શું થાય, વાત ધ્યાનમાં લીધી એ ત્યાંય; ખરેખરૂં આ બ્રાહ્મણ ભાખ્યો, દોરો ઝાલી તેણે તોડી નાખ્યો. ૩૦ તાર તેમાંથી એક ઉછળીયો, ગટોરગચ્છના ખોળામાં પડીયો; તેણે અજાણે તાર ને લીધો, ઝાલી હાથમાં આંબળો દીધો. ૩૧ અભેમન્યુનું ધનુષ્ય જેહ, તેની પ્રપંચાએ બાંધ્યો તેહ; તેનું કારણ તો નહિ કાંઈ, ગયો સ્હેજ સ્વભાવે બંધાઈ. ૩૨ બીજો આખો દોરો જે કહેવાય, જઇ પડયો તે ભોમીની માંય; પગવડે પ્રભુએ તે લીધો, છાનો મુખમાં મુકી દીધો. ૩૩ ગળી ગયા દોરો દીનોનાથ, પછી બોલ્યા અભેમન્યુ સાથ; ભાઇ સુખે હવે તમો જાવો, સામા શત્રુને બળ બતાવો. ૩૪ થશે કીરતિ તેમાં તમારી, એ છે આશિષ આજ અમારી; હવે આપો ભાઇ રજા અમોને, વળી કોઇ દીન મળશું તમોને. ૩૫ એમ કહીને થયા તે વિદાય, અભેમન્યુ બેઠો રથમાંય; લીધું ધનુષ્ય હાથમાં જ્યારે, દીધા દો દશ ડંકા તે વારે. ૩૬ રથ હાંકયો એ ભીમકુમાર, હીંડયું સૈન્ય ત્યાં હાર કતાર; એ કથા તો અહીંથી રહી છે, પેલી સાંઢણી શી ગતિ થઇ છે. ૩૭ ભાલો પેઠો છે પગની માય, રત્ને કાઢવા કીધો ઉપાયઃ સાંઢણી પગે બે પગ દઇને, ભાલો ખેંચી કાઢયો ધીમે રહીને. ૩૮ છુટી રૂધિરની બહુ ધાર, સાંઢ ધ્રુજવા લાગી અપાર; રત્ને તેલનો કકડો કીધો, તર્ત છીદ્રમાં તે ઘાલી દીધો. ૩૯ પેલ મુકી પાટો તાણી

બાંધ્યો, પછી રૂપાં ખાતાને આરડ્યો; થઇ સાંઢણી ઉભી તે વારે, આવી હિમત રત્નાને ત્યારે. ૪૦ પગ પગણે ધરતીમાં ધરતી, ધીમે ધીમે એ પગલાં ભરતી; પછી કરવા લાગી ચેઇકાર, ત્યારે રત્નો થયો તૈયાર. ૪૧ સાંઢ બેસાડી બેઠાં બે સાથે, લીધી લગામ રત્નાએ હાથે; દયા ઓત્રાની દીલમાં ધારી, શાંઢ હોંકારાથી હક્કારી. ૪૨ હવે ત્યાં તો થયું છે પ્રભાત, કરવા લાગી ઓત્રા ઉતપાત; રત્ના યુદ્ધે પતિ ચઢયો હશે, મારી હવે તો શી ગતિ થશે. ૪૩ રત્નો કહે બહેની રોકાયાં વનમાં, મારી હોંશ રહી મારા મનમાં; હવે થનાર હોય તે થાય, મારો એમાં ના ચાલે ઉપાય. ૪૪ એમ વાત કરે છે તે વારે, આવ્યા નિરદય ભોમિમાં ત્યારે; દીઠું રત્નાએ સૈન્ય તમામ, મુકી મુળથી તેણે તો હામ. ૪૪ દેખી ઓત્રા તો સૈન્ય અપાર, ધાર્યું યુદ્ધે ચડયા ભરથાર; એવું જાણી ઓત્રા થઇ ઘેલી, લાગી રત્નાને પુછવા પે'લી. ૪૬ વીરા સાચે સાચી કહેજે વાત, કોણ યુદ્ધે ચડયું પરભાત. ૪૭ વિશ્રામ—રાયકા કોણ યુદ્ધે ચડયું, આ તો થતાં પ્રભાત રે; બ્રાહ્મ મગન વાણી વદે, ઓત્રા પુછતી વાત રે. ૨૪

કડવું ૨૫ મું—રાગ મેવાડો.

ઓત્રા વાણી ઓચરી, સુણો રાયકારે; સામું સૈન્ય આ કોનું દેખાય, રતના રાયકારે. સોનેરી રથ છે શોભતો, સુણો૦ તેમાં બેઠો છે કોણ એ રાય. રતના૦ સુર્ય જેવું જેનું મુખ છે, સુણો૦ જાણો૦ ઉગ્યો એ તો બીજો ભાણ. રતના૦ ૧ કોનો કુંવર ક્યાં જતો હશે, સુણો૦ એવો ધોળી ધજાવાળો કોણ. રતના૦ ૨ રૂપે રતિના પતિ સમો, સુણો૦ દીસે કંચન સમાણી કાય; રતના૦ સૈન્યા સકળ સાથે લીધું, સુણો૦ દીસે શત્રુને મારવા ધાય. રતના૦ ૩ સીંહસમો એ સુરો દીસે, સુણો૦ ખાંધે લાથો હાથે છે ધનુષ્ય; રતના૦ દોદેશ દ્રષ્ટીને ફેરવે, સુણો૦ એના મનમાં હશે શી હુંશ. રતના૦ ૪ ધન્ય છબી તેની ફાંકડી, સુણો૦ ધન્ય ધન્ય તેનો અવતાર; રતના૦ નારી તેની તો કેવી હશે, સુણો૦ આવો પામી હશે ભરથાર. રતના૦ ૫ જપ તપ વ્રત કર્યા હશે, સુણો૦ ગાળ્યાં હશે હીમાળામાં હાડ; રતના૦ બાળપણ સંત સેવ્યા હશે સુણો૦ હશે પ્રભુનો પુરણ પહાડ. રતના૦ ૬ ધન્ય ભાગ્ય તેની નારનાં, સુણો૦ કર્યાં હશે ઘણાં પુન્ય દાન; રતના૦ ધર્મ ને કર્મ પાળ્યાં હશે, સુણો૦ સેવ્યા હશે સદા ભગવાન. રતના૦ જન્મ તેનો તો સફળ દીસે, સુણો૦ આવા નાથનો ઝાલેલો હાથ. રતના૦ ૭ ધન્ય તાહ્ણી તેહની, સુણો૦ તે તો મળી આવો રૂડો નાથ; રતના ૮

રત્નો વાણી ઉચર્યો, સુણો બહેનીરે. તમે કીધાં બધાં પુન્ય દાન; ઓત્રા બહેનીરે. ધર્મ ને કર્મ તમે કર્યાં, સુણો૦ તમે સેવ્યા સદા ભગવાન. ઓત્રા૦ ૯ જપ તપ વ્રત તમે કર્યાં, સુણો૦ તમે ગાળ્યાં હિમાળામાં હાડ; ઓત્રા૦ બ્રાહ્મણ સંત તમે સેવ્યા, સુણો૦ તમ ઉપર પ્રભુજીનો પાડ. ઓત્રા૦ ૧૦ સુત સુભદ્રાનો તે દીસે, સુણો૦ એ તો અર્જુનજીનો કુમાર; ઓત્રા૦ અભેમન્યુ એનું નામ છે, સુણો૦ થાય તમારો એ ભરથાર. ઓત્રા૦ ૧૧ સેન્યા લીધી બધી સાથમાં, સુણો૦ ચડયો કરવા કોઠામાં યુદ્ધ; ઓત્રા૦ હીંમત હોય જો આપની, સુણો૦ પાછા વાળવા ચલાવો બુદ્ધ. ઓત્રા૦ ૧૨ વિશ્રામ-ઓત્રા વાણી સાંભળી, પડી ઉછળી ધર્ણું રે; વ્યાસ મગન વાણી વદે, જાણે આવ્યું મર્ણું રે. ૨૫

કડવું ૨૬ મું—રાગ ઈન્દ્રસભાનો.

ઓત્રા વાણી સાંભળીને, પડી ઉછળી ધર્ણું; શુદ્ધ સાન ને ભાન મળે નહિ, જાણે આવ્યું મર્ણું. ૧ રત્નો શાંઢથી ઉતર્યો હેઠો બેઠો બાઇની પાસ; આગતા સ્વાગતા કરવા લાગ્યો, તેને પણ છે ત્રાસ. ૨ નાખી વાયુ પાણી પાયું, રત્નાએ તે વાર; થોડીક વારે શુદ્ધિ આવી બોલી વિરાટ કુમાર. ૩ રત્ના વીરા ગવાળો લઇને, તમે થાઓ વિદાય; મારી સાસુને તે તો સોંપજો, જઇને તંબુમાંય. ૪ વળી કે'જ્યો કે વહુ આવી છે, ગઇ છે રણ મોઝાર; ભાગ્ય હશે તો પાછા વળશે, ભોળવીને ભરથાર. ૫ ખરૂં પુન્ય જો હશે તમારૂં, તો તો આવશે ઘેર; નહિ આવે તો કરણી વાંકી, એજ પુર્વનું વેર. ૬ એમ કહ્યું કે ગવાળો લઈ, રત્નો થયો વિદાય; ઓત્રા સુર ભરીને નાઠી, સેન્યા સામી જાય. ૭ યોદ્ધાઓએ દીઠી આવતી, અભેમન્યુની નાર; ભલુ થયું એ આવી પહોંચી, સૌનો એ વિચાર. ૮ નક્કી એ તો પાછો વળશે, રહેશે સૌનો ધર્મ; એમ કહી સૌ ખસી ગયા દુર, નાર ન પામે શર્મ. ૯ ઓત્રા તો જેમ પક્ષણી ઉડે, એ પરમાણે જાય; સામી આવતાં દેખી બોલ્યો, અભેમન્યુ ત્યાંય. ૧૦ વિશ્રામ-ગટોરગચ્છ વીરા જુઓ, કોણ આવે આ નાર રે; કહે મગન એમ પુછતો, અરજુનનો કુમાર રે. ૨૬

કડવું ૨૭ મું—રાગ મેવાડો.

કુંવર વાણી ઉચર્યો, મારા વીરારે. સામી આવી પેલી કોણ નાર; કુળના હીરારે. લોભે મુનિવર ભાળીને, મારા૦ એના પહેર્યા રૂડા શણગાર. કુળના૦ ૧ શરદનો ચંદ્રમા શોભતો, મારા૦ એવું શોભે છે એનું મુખ; કુળના૦ એના સમ રૂપ નહિ બીજું, મારા૦ દેખી રતિને

લાગેજ દુઃખ. કુળના૦ ૨ કાન્તિ જુઓ કેવી ખીલી, મારા૦ જેની હંસના સરખી છે ચાલ; કુળના૦ માનુની છે મૃગલોચની, મારા૦ કેવું મુખડું લાલ ગુલાલ. કુળના૦ ૩ કોની પુત્રી ક્યાં જતી હશે, મારા૦ એ તો રૂપનો અંબાર કાંણુ; કુળના૦ સાથે દાસી કો દીસે નહિ, મારા૦ એનાં વાગે મને મોહ બાણુ. કુળના૦ ૪ કેવી દીસે અલબેલડી, મારા૦ ધન્ય ધન્ય તેનો અવતાર; કુળના૦ પતિ તેનો તો કેવો હશે, મારા૦ આવી રૂડી પામ્યો હશે નાર. કુળના૦ ૫ જપ તપ વૃત કર્યાં હશે, મારા૦ ગાળ્યાં હશે હિમાળામાં હાડ; કુળના૦ બ્રાહ્મણ સંત સેવ્યા હશે, મારા૦ હશે પ્રભુનો પુરણ પાડ. કુળના૦ ૬ ધન્ય ભાગ્ય તેના નાથનાં, મારા૦ ઘણાં કર્યાં હશે પુન્ય દાન; કુળના૦ ધર્મ ને કર્મ પાળ્યા હશે. મારા૦ ભજ્યા હશે સદા ભગવાન. કુળના૦ ૭ ધન્ય પુરૂષ ભાઇ તેહનો, મારા૦ ધન્ય ધન્ય આવી મળ્યો નાર; કુળના૦ જન્મ તેનો તો સફળ દીસે. મારા૦ આવી નારી જોડે સંસ્કાર. કુળના૦ ૮ ગટોરગચ્છ ત્યાં ઉચર્યો, મારા૦ તમે કીધાં ઘણાં પુન્ય દાન; કુળના૦ કર્મ ધર્મ તમે કર્યાં; મારા૦ તમે ભજ્યા સદા ભગવાન. કુળના૦ ૯ જપ તપ વૃત તમે કર્યાં, મારા૦ તમે ગાળ્યાં હિમાળામાં હાડ; કુળના૦ બ્રાહ્મણ સંત તમે સેવ્યા, મારા૦ તમ ઉપર પ્રભુનો પાડ. કુળના૦ ૧૦ સુતા સુદ્રષ્ણાની તે દીસે, મારા૦ રાય વિરાટની એ કુમાર; કુળના૦ ઓત્રા એવું એનું નામ છે, મારા૦ એવી ઉત્તમ તમારી છે નાર. કુળના૦ ૧૧ દાસી ઘણી ઘેર તેહને, મારા૦ નથી કમીના તેને તો કાંય; કુળના૦ આવે એ મળવા આપને, મારા૦ એમ કહીને થયો તે વિદાય. કુળના૦ ૧૨ વિશ્રામ—એમ કહી પંથે પળ્યો, ગટોરગચ્છ તો ત્યાંય રે; કહે મગન અભેમન્યુ ત્યાં, હરખડીયો રથ માંય રે. ૨૭

કડવું ૨૮ મું—રાગ આશાવરી.

વૈશમપાયે એણીપરે બોલ્યા, સુણ જનમેજય રાય; વિસ્તારી તુજને સંભળાવું, ચક્રાવાનો મહીમાય. ૧ ગટોરગચ્છ એમ કહીને ગયો, સેન્યા ઉભું તે ઠામ; એવામાં ત્યાં ઓત્રાએ આવી, ઝાલી ઘોડાની લગામ. ૨ અભેમન્યુ કહે કોણ તમે છો, શું છે તમારૂં નામ; રસ્તે જાતાં મારા ઘોડાની, કેમ આ ઝાલી લગામ. ૩ દેવી છો કે યક્ષણી કીન્નરી, કોણ તમે છો વનિતા; દાનવી માનવી કે ગાંધર્વી, કોણ કાવે માત પિતા. ૪ ક્યાંથી આવ્યાં ને ક્યાં જાઓ, કોનાં તમે દીસો નારી; સાચે સાચી વાત કહો કોણ, નાત ને જાત તમારી. ૫ તવ ચંદ્રવદની

ચતુરા બોલી, પહેલી કહો તમ વાત; કંથ તમે કઈ કામનીના, કોણ તમારાં છે માત તાત. ૬ કયાંથી આવ્યા કયાં જવું ધારો, સેન્યા લઇને સાથે; શા કારણથી કીશોર વયમાં, ધનુષ્ય ધાર્યું છે હાથે ૭ અભેમન્યુ કહે ક્ષત્રી તેથી, લીધું મેં ધનુષ્ય; યોદ્ધા લીધા યુદ્ધને માટે, છે મુજ મનમાં હુંશ. ૮ અરજુન સુભદ્રા માત પીતા મુજ, અભેમન્યુ મુજ નામ; તંબુથી આવું કોઠામાં જાવું, કરવા રણ સંગ્રામ. ૯ સુદ્રષ્ણાજી સાસુ મારાં, સસરા વીરાટરાય; નારી હમારી, તેની કુમારી, ઓત્રા નામે ઓળખાય. ૧૦ મધુરા વચને માનુની બોલી, સાંભળો વાત હમારી; વીરાટ સુદ્રષ્ણા જે કહ્યાં તમે, તેની છું હું કુમારી. ૧૧ સુભદ્રાજી સાસુ મારાં, અરજુન સસરા નીદાન; તેમના કુમાર કંથજી મારા, નામે તે અભેમાન. ૧૨ તે અભેમન્યુ યુદ્ધે ચડીયા, મળીયા મુજને વાટે; દેખી પતીને હું આનંદ પામી, લગામ ઝાલી તે માટે. ૧૩ અભેમન્યુ તવ હરખી બોલ્યો, ધન્ય વીમળ તુજ વાણી; મળવા માટે કેમ ન આવ્યાં, કાલે તમે મુજ રાણી. ૧૪ નારી મારી વાર કર્યા વીના, તંબુએ થાવો વીદાય: તમને દેખી યોદ્ધા મારા, દુર ઉભા રણમાંય. ૧૫ ઓત્રા કહે છે નાથજી મારા, વીકટ યુદ્ધનો પંથ; કામ નહી તમ જેવાનું ત્યાંતો, કપાઇ મરવાનું કંથ. ૧૬ યુદ્ધ કરવાના ઘણા દહાડા છે, તેના પહેલો લ્યો લહાવો; સંસાર લહાવો પુરો કરીને, પછીથી યુદ્ધમાં જાવો. ૧૭ અભેમન્યુ કહે કહોછો ખરૂં પણ, પાછું ના મુજથી ફરાય; યુદ્ધ કરવા મેં બીડું ખાધું તે, કોયલા ચાવ્યા કહેવાય. ૧૮ વળી જો કંઠમાં યુદ્ધને માટે, આરોપી રણમાળ; પણ લીધેલું મીથ્યા કરૂં કેમ, હું અરજુનનો બાળ ૧૯ પાછો વળુ કદી પ્રેમદા તો, બોળાય બાપનું નામ; કલંક લાગે કુળમાં મોટું, મોશાળ લાજે તમામ. ૨૦ ક્ષત્રીવટમાં ખામી લાગે, લાજે સુભદ્રાની કુખ; સાસુ સસરાને લાંછન લાગે, કો ન જુવે મુજ મુખ. ૨૧ વચન માટે વડીલ વૃધોનું, કીધું મેં અપમાન; તો પછી તારૂં કહ્યું માનું કેમ, નહી વળુ પાછો નીદાન. ૨૨ ચંદ્ર ચળે રવી પશ્ચિમ ઉગે, પાવક શીતળ થાય; સમુદ્ર મરીયાદ લોપે મારૂ, વચન મીથ્યા ન જાય. ૨૩ તેટલા માટે યુદ્ધ જવાનો, નારી તમે તંબુ જાવો; યુદ્ધ કરી ઘેર આવું ત્યારે, લેજયો સંસાર લાવો. ૨૪ ઓત્રા કહે છે સ્વામી મુજને, સ્વપ્ન થયું છે નઠારૂં; એ યુદ્ધમાં ઘાત પ્રાણની ભાસે, તે માટે તમને હું વારૂં. ૨૫ વાત વળી એક કરવી છાની, એનો છે ઉરમાં બળાપો; કાલ જજયો યુદ્ધે આજનો દાહાડો, માગ્યો મને એક આપો. ૨૬ અભેમન્યુ કહે નકામી હઠ, શીદ કરે છે તું નારી; તારા કરતાં હઠ જુવેતો, છે બમણી હઠ

મારી. ૨૭ ઓત્રા કહે સુણો રાજ્ય હઠ, ને બાળક હઠ બે તમારે; પણ તમારા કરતાં મારામાં, છે એક હઠ વધારે. ૨૮ તે તો જણાવું જુઓ તમોને, જે હઠ મારી અતીશે; રાજ હઠને બાળક હઠ છે, સ્ત્રી હઠ વધારે દીસે. ૨૯ માટે સ્વામી મુકી દયો સુમત, નહી પોચે મુજને આપ; કહ્યું માની હવે પાછા વળો કંથ, ટાળવા અબળાનો તાપ. ૩૦ અભેમન્યુ કહે વધુ બોલ્યા વીના, જાને ભુંડી છાની માની; હવે ફરી બોલીશ તો મારા, હાથનો માર ખાવાની. ૩૧ ઓત્રા હશીને બોલી વળતાં સ્વામીજી શું કહું તમને હજુ સુધી હાથ નથી અરાડયો તે, લાવો વીતસે અમને ૩૨ એવું કહેતાં અભેમન્યુની, આંખ્યમાં ભરાયું પાણી; અભેમન્યુ કહે છેવટ મુજને, રડાવશો નહી રાણી. ૩૩ મીથ્યા મોહ લગાડો શું કરવા, મન મારૂં અકળાય; કોટી ઉપાય કરે કદી નારી, પાછું તો નહીં વળાય. ૩૪ ઓત્રાને પણ આંસુ આવ્યાં, હૈયુ રહેતું નથી હાથ; કરજોડીને કહેવા લાગી, નહીં જાવા દઉં મુજ નાથ. ૩૫ વિશ્રામ—નહીં જાવા દઉં નાથજી, મુકો યુદ્ધનો પંથરે; વદે મગન ઓત્રા કહે, માનો કહ્યું મુજ કંથરે. ૨૮

કડવું ૨૬ મું—રાગ ભરથરીનો.

કહ્યુંરે માનોને મારા કંથજી, પંથ યુદ્ધના વીકટજી; ઓથ વીના દીસો એકલા, નથી તાત નીકટજી. કહ્યુંરે૦ ટેક. જો તમે યુદ્ધમાં જાવો તો, કાઢું હું મારા પ્રાણજી; હઠ કરી રથને હાંકો તો, ધર્મરાયની આણજી. કહ્યું૦ ૧ કોઠા દીસે કંથ કારમા, જીતે એવું એ કોકજી; વેર કૃતઘ્ની ત્યાં વાળશે, કપટી કૈરવ લોકજી. કહ્યું૦ ૨ દોરો કુટયો નથી મુછનો, એવી વય છે કીશોરજી; ઉમર વીના યુદ્ધ ના ઘટે, જુલમી કરવાના જોરજી. કહ્યું૦ ૩ યુદ્ધમાં જયારે જવું હતું, ત્યારે શીદ ઝાલ્યો હાથજી; પરણ્યા પછી હવે કયાં પળો, ન્યારા થાવો માં નાથજી. કહ્યું૦ ૪ પરણે તો હજુ થયા નથી, પુરા દીન પચીસજી; કંકણ દોરા છુટયા નથી, નથી મળીયા કોઇ દીસજી. કહ્યું૦ ૫ સોળ કળા જેવી ચંદ્રને, તેવી કાન્તી તમારીજી; જેવી ગાદી ઘેર આપને, તેવી હુંતો છું નારીજી. કહ્યું૦ ૬ હંસ જાણીને મેં હોંશથી, કીધો આપનો સંગજી; જોરે જાણુત બાપડો, નવ સોંપત અંગજી. કહ્યું૦ ૭ આપને માથે અતીરથી, ઘણા યોદ્ધા સમર્થજી; વૃદ્ધ વડીલો છતાં તમે, યુદ્ધે જાશો તે વ્યર્થજી. કહ્યું૦ ૮ મને હતી એવી હોંસ કે, બેશીશું જોડા જોડજી; એળે જાવા બેઠો જન્મ આ, પડે જોડમાં ખોડજી. કહ્યું૦ ૯ કર્મ કઠોરૂં મારૂં થયું, નવ આવી આગલે દનજી; નાથ તમે યુદ્ધે ચડયા, મુજને રઝળાવી

વનજી. કહ્યું૦ ૧૦ પાપ પ્રગટ થયાં પુર્વનાં, લાય લાગી લલાટજી; મળવા મને તમે દોહ્યલા, એ છે ઉરમાં ઉચાટજી. કહ્યું૦ ૧૧ માઠા શુકન થયા મુળથી. લાજ લેસે કોકજી; સુજ પડે બધી મુજને, આશા જીવ્યાની ફોકજી. કહ્યું૦ ૧૨ કરમે મારે કયાંથી આવીયો, વાંકો દીન દુશ્મનજી: હવે જીવી હું તો શું કરૂં, કરૂં કાયા પતનજી. કહ્યું૦ ૧૩ રડતી મુકો છો શું રાંકને, કાંક કરો વીચારજી; દગો દેવો આવો ના ઘટે, શીદ તરછોડો નારજી. કહ્યું૦ ૧૪ બહુ બાણ શત્રુનાં વાગશે, શાર પડશે શરીરજી; છોળે રૂધીર અંગે છુટશે, મારી નણદલના વીરજી. કહ્યું૦ ૧૫ જળ જળ કમળ ના નીપજે, વન વન અગર ન હોયજી; કુળ કુળ કુંવર ના નીપજે, જન જન પ્રીત ન જોયજી. કહ્યું૦ ૧૬ સાસુ જાયા સુણો વીનતી, શું કહું વારંવારજી; વ્યાસ મગન વાણી શું વદે, રાણી રડતી અપારજી. કહ્યું૦ ૧૭ વીશ્રામ—રાણી ત્યાંતો બહુ રડે, નેણે નીર અથાગરે; વદે મગન અભેમન્યુ કહે, નારી મુકો વાગરે. ૨૯

કડવું ૩૦ મું—રાગ ઉપરનો.

માનોરે કહ્યું મારૂં માનુની, હવે નથી ઉપાયજી; કાલે કદી આવ્યાં હોત તો, જાત ના યુદ્ધમાંયજી. માનો. ટેક૦ સામા રૂદન તમે શીદ કરો, મુકો વાજીની વાગજી; વાલી હવે કાંઈ વળે નહી, રથને જાવા દો માગજી. માનો. ૧ શોક તજો બધો સુંદરી, કંપે મારી આ કાયજી; અધવચ રણમાં હું આવીયો, પાછું કેમ વળાયજી. માનો. ૨ ધાર્યું થતું નથી આપનું, શીદ રાખોછો રોશજી; કેડે પડયો મામો કૃષ્ણજી, નથી મારો આ દેશજી. માનો. ૩ મામાયે મન ગમતું કર્યું, જુઠા વચને વરણાવ્યાંજી; વેર મારે ને એને પુરવનું, પાટા બાંધી પરણાવ્યાંજી. માનો. ૪ પણ એકવાર જો જીવતો, લાવે મારો એ ઇશજી; દ્વારકાં પહેલી ઉજડ કરૂં, છેદું મામાનું શીશજી. માનો. ૫ જંપ જરી મને નહી વળે, આવું જીવતો આવાસજી; તોલો ગોરી પછે તાહરી, પુરૂં પુરણ આશજી. માનો. ૬ હોંસ હતી જ્યારે તુજને, કાલે જોવુંતું મુખજી; હવે જો અહીંથી પાછો વળું, લાજે સુભદ્રા કુખજી. માનો. ૭ શત્રુ સામો લડવા ચડયો, જુવે કૌરવ લોકજી; પાછો વળુ કેમ પ્રેમદા, આશા રાખો એ ફોકજી. માનો. ૮ ભાવીએ મળે બધું આવીને, તેમાં શાનો પસ્તાવોજી; શનકાદી સરખા હારી ગયા, દૈવ ઉપર ન ફાવોજી. માનો. ૯ મને પણ હોંશ હતી ખરી, એટલું જોવા જોડજી; ઉરથી અદ્ધર તે ઉડી ગઇ, પાડી મામાયે

ખોડજી. માનો. ૧૦ વચન વ્યર્થ જો થાયતો, લાગે કુળમાં કલંકજી; થાટે વચન વ્યર્થ નહી કરૂં, રહેજ્યો મનમાં નિશંકજી. માનો. ૧૧ વીદ્યા થકી વળી વૃદ્ધ છું, માત્ર કાયા કીશોરજી; કીશોર વયવાળો અગ્નિ છે, તેનું કેવું છે જોરજી. માનો, ૧૨ મુચ્છ વીના વળી કો'છો તો, મુચ્છ માનું હું તુચ્છજી; મુચ્છ છતાં જે કાયર થયો, મુચ્છ નહી એતો પુચ્છજી. માનો. ૧૩ તંત મુકો હવે તારૂણી, જાવો મારે મુકામજી; પારથ પંકાયો પૃથ્વીમાં, તેનું નહી બોળું નામજી. માનો. ૧૪ હોશ હવે હારશો નહી, નવ કરશો ઉચાટજી; વાટ જુવે કૌરવ કોઠામાં, ઘડુ તેમનો ઘાટજી. માનો. ૧૫ કરજો સેવા માત તાતની, નીતી પાળજો આપજી; હવે જો હું પાછો વળું, બ્રહ્મ હત્યાનું પાપજી. માનો. ૧૬ કીરતી કોઠામાં જઇ મેળવું, છતાં મૃત્યુ જો થાયજી; વ્યાસ મગન વાણી ઉચરે, નહી કોઇનો ઉપાયજી. માનો. ૧૭ વીશ્રામ–એવી વાણી સાંભળી, ઓત્રા કહે છે ત્યાંય; વ્યાસ મગન વાણી વદે, સુણો સૌ શ્રોતાયરે. ૩૦

કડવું ૩૧ મું—રાગ માધવ.

મને મારીને રથડા હાંકો, હઠીલા રાણારે; મારો દહાડો દીસે આજ વાંકો, હઠીલા રાણારે. ૧ નહીતો આવું તમારી સાથે, હ; કોઠા જીતવા તે મારે માથે, હ. ૨ હુંતો ઢળકતી બાંધુ ઢાલ, હ; કરૂ પાપી જનોને પાયમાલ, હ. ૩ મને આપો હાથે હથીયાર, હ; કરૂ કૌરવનો સંહાર, હ. ૪ હું તો અબળા બળ બતાવું, હ; બધા કોઠા એ ચાક ચડાવું, હ. ૫ જુવો જુવો જરા મારી હામ, હ; ભણી વ્યંઢળની વીદ્યા તમામ, હ. ૬ જ્યારે યુદ્ધે જવું હતું નાથ, હ; ત્યારે શીદ ઝાલ્યો મારો હાથ. હ. ૭ આવા દેવા હતા જ્યારે દગા, હ; ત્યારે શીદ થયા મારા સગા, હ. ૮ મને પરણ્યા તો હવે પાળો, હ; મને મારો કે રથ પાછો વાળો, હ. ૯ મારી લેવા બેઠા કેમ લાજ, હ; નહી યુદ્ધે જાવા દેઉં આજ, હ. ૧૦ કીધી પાળવા ચોરીમાં સરત, હ; કુવે ઉતારી વાઢો શું વરત, હ. ૧૧ કોઠા કાળ સરીખા હું ધારૂં, હ; થાય મૃત્યુ ત્યાં તો તમારૂં, હ. ૧૨ મારો વીધવા થાય અવતાર, હ; પછી મારે તે કોનો આધાર, હ. ૧૩ નાથ વીધવા નારી કેવી, હ; ભાર ભોમી ઝીલે નહી તેવી, હ. ૧૪ કાંટો વાડનો વેરી થાય, હ; જ્યાં ત્યાં હલકી એતો ગણાય, હ. ૧૫ છે સોંઘી કુસકાથી વીધવા, હ; છે મોંઘી મણીથી સધવા, હ. ૧૬ નારી વીધવા સાપનો ભારો, હ; જાય એનો એળે જન્મારો, હ. ૧૭ મેં શું માગેલું છાણે છાણું, હ; એથી અગત્યું

પાપનું ટાણું, હ. ૧૮ મેં શું ધાવતાં બાળ વછોડયાં, હ; મેં શું થતાં વેવીશાળ તોડયાં, હ. ૧૯ મેં શું વીપ્રોને ગાળો દીધેલી, હ; થાળો પીરશીને તાણી લીધેલી. હ. ૨૦ મેં શું સંત સાધુને દુભાવ્યા, હ; તેથી દુઃખના દહાડા આવ્યા, હ. ૨૧ મેં શું તોડી પીપળીયાની ડાળ, હ; તેથી યુદ્ધે ચડયા સાસુ બાળ, હ. ૨૨ મેં શું તોડી સરોવર તીર, હ; તેથી તજે છે નણુદલવીર, હ. ૨૩ મારાં પાપ બધાંએ જાગ્યાં, હ; મને આ ભવે નડવા લાગ્યાં, હ. ૨૪ મેં શું ગાયોને મારેલા માર, હ; જેથી તજે મને ભરથાર, હ. ૨૫ મેં શું બાળ્યાં હશે ઘર ગામ, હ; મેં શું કરેલાં પ્રપંચી કામ, હ. ૨૬ મેં શું શાક્ષીયો જુઠી કીધેલી, હ; મેં શું લોભમાં લાંચો લીધેલી, હ. ૨૭ મેં શું અભક્ષા ભક્ષ કરેલું, હ; મેં શું પારકું ધન હરેલું, હ. ૨૮ મેં શું અણગળ પાણી પીધેલાં હ; અન્ન વેણ્યા વીનાનાં રાંધેલાં, હ. ૨૯ મેં શું મળમુત્ર ગંગામાં ધોયાં, હ; મેં શું પર નરમાં મન પ્રોયાં, હ. ૩૦ મેં શું ઉનાળે પરબો ઉઠાડી, હ; હું તો જુઠું બોલી શું દહાડી દહાડી, હ. ૩૧ મેં શું તોડેલી પક્ષીની પાંખો, હ; મારાં પાપ પ્રગટ થયાં એતો, હ. ૩૩ એમ કહી કરથી માથાં કુટે, હ; રામા રૂવેને શીર કેશ ચુંટે, હ. ૩૪ એવાં રૂદન અતીશે આરંભ્યાં, હ; જળગંગા જુમનાનાં થંભ્યાં, હ. ૩૫ દેખી યોદ્ધાઓ રડે હજારો, હ; પશુ પક્ષી ચરે નવ ચારો, હ. ૩૬ નારી અતી કરે છે આક્રંદ, હ; વાયુ ચારે દીશાયે પડયો બંધ, હ. ૩૭ સ્વાન ભસવા લાગ્યાં ચોપાસે, હ; બધી ભોમી ભયંકર ભાસે, હ. ૩૮ થયા રૂધીર વરણા છાંટા, હ; બેઠા રૂદનથી રાણીના ઘાંટા, હ. ૩૯ શું વદે મગન વ્યાસ વાણી, હ; એવું રૂદન કરે છે રાણી, હ. ૪૦ વિશ્રામ-રાણી રૂદન બહુ કરે, નીર નેત્રે ચોધારરે; વદે મગન અભેમન્યુ કહે, સાંભળ રાણી નારરે. ૩૧

કડવું ૩૨ મું—રાગ મેવાડો.

વાણી અભેમન્યુ ઉચર્યો, સુણો સુંદરીરે; શીદ આમ કરોછો રૂદન, વાત વદુ ખરીરે. શોક કરે શું વળે હવે, સુણો. મીથ્યા મારૂં ભમાવો છો મન, વાત. ૧ વૃદ્ધ વડીલે ઘણું કહ્યું, સુણો. નવ માન્યું મેં કોઇનું કેણુ, વાત. કુંતા સુભદ્રાને નવ ગણ્યાં, સુણો. આવ્યો ધર્મનું ઉથાપી વેણુ, વાત. ૨ તારો વાર્યો હવે કેમ વળુ, સુણો. વળુ તો તો વગોણું કેવાય, વાત. સગાં સંબંધી સૌ કળકળે, સુણો. હસતાં વેરી વાળાં બધાં થાય, વાત. ૩ કહેશે કે અમે બહુ વારીયો,

સુણો. તોયે કોઇનું ના માન્યું લગાર, વાત. નારી દેખી મોહ પામીયો, સુણો. થઇ કામાંધ વળીયો કુમાર, વાત. ૪ વૃદ્ધ કરતાં વનીતા વધી, સુણો. એવાં મેણાં મારે મને રોજ, વાત. જીવતાં મુવા જેવો હું દીસુ, સુણો. મારો ઘટે ઘણો ભાર બોજ, વાત. ૫ વધુ કહે કશું નહી વળે, સુણો. ખાલી ખોટી થાવો શીદ આજ, વાત. માની મારૂં તંબુ સંચરો, સુણો. તેમાં મારી તમારી છે લાજ, વાત. ૬ સંસાર સુખને કારણે, સુ. મીથ્યા યત્ન કરો છો શું કામ, વાત. મીથ્યા છે સુખ સંસારનું; સુ. મીથ્યા વૈભોગ પણ છે તમામ, વાત. ૭ અતી ઉપાધી સંસારની, સુ. તેમાં સુખ ઉપાધી છે નાર, વાત; માટે સુકરણી સુધા-રવા, સુ. મોટા મોટા તજે છે સંસાર, વાત. ૮ કંઇ નર નારી તજી ગયા, સુ. નારી વીષે નથી કંઇ લાણુ, વાત; નારીમાં અવગુણ છે ઘણા, સુ. નારી નિશ્ચે છે નરકની ખાણ, વાત. ૯ માટે તજુ છું હું તુજને, સુ. તમે મોહ ધરોછો શા માટ, વાત. નથી સગુ કોઈ કોઈનું, સુ. માટે મીથ્યા કરો છો ઉચાટ, વાત. ૧૦ મોડુ કે વહેલું સર્વને, સુ. નકી મરવાનું છે એક દીન, વાત. દાનવ માનવ દેવતા, સુ. તેતો સર્વ છે કાળ આધીન, વાત. ૧૧ અમર પટો નથી કોઇનો, સુ. વીજાુવીરંચીનો છે વીનાશ, વાત. તો પછી હું કોણ માત્ર છું, સુ. તેથી તમે ના પામશો ત્રાસ, વાત. ૧૨ જો હવે હું પાછો વળું, સુ. મને બ્રહ્મહત્યાનું છે પાપ, વાત. છેવટનું મુજ વાકય આ, સુ. કદી ભુલી જશો નહી આપ, વાત. ૧૩ કલેશ કરે કશું નહિ વળે, સુ. હવે નથી કંઈ મારો ઉપાય, વાત. જેવું ભવીષ્ય તારૂં મારૂં, સુ. એવું ધારીને થાવો વીદાય, વાત. વીશ્રામ-અભેમન્યુ એમ ઉચર્યો, વનીતા થાવ વીદાયરે, વ્યાસ મગન વાણી વદે, ઓત્રા બોલી ત્યાંયરે.

કડવું ૩૩ મું—રાગ ઉપરનો.

ઓત્રા વાણી ઉચરી સુણો સ્વામીરે. તમો વીપરીત વદીયા વાત કહું શીશ નામીરે. શીદ અવગુણ ગણો નારીના સુ. ઘણી ગુણીયલ નારીની વાત કહું. ૧ નારીથી વીશ્વ બધું થયું સુ. કરો ઉંડો એ ઉરમાં વીચાર કહું. હંસ ઉત્પન થયા નારીથી સુ. દાની ધ્યાની ને જ્ઞાની અપાર કહું. ૨ રામકૃષ્ણ એથી થયા સુ. વાલ્મીક ને વેદ વ્યાસ કહું. ધ્રુવ પ્રહલાદ એથી થયા સુ. રૂષી મુની જોગી જતી ખાસ કહું. સુરા સીધ તપેશ્વરી સુ. સૌ નારીથી થયા ઉતપન કહું. તમે આપે સૌ નારી થકી સુ. પાકે નારીની કુખે રતન કહું. ૪ નારી છે ઉત્તમ સર્વથી સુ. નથી નારી વીનાનું કલ્યાણ કહું. તમ જેવા રત્ન એથી

થયા સુ. માટે નારી છે રત્નની ખાણ કહુ. ૫ જુવો નારી નથી કોઈ તજ્યું સુ. કહો કોણુ તજ્યુ છે સંસાર કહુ ઉલટી કરણી સુધારવા સુ. રાખી મોટા પુરૂષોએ નાર કહુ. ૬ ઇંદ્રને ચંદ્ર વરૂણ વાયુ સુ અત્રી અગની કસ્યપને કુબેર કહુ. એમણે પણ નારી નવ તજી સુ રહ્યા સંસારમાં સુખભેર કહુ. ૭ બ્રહ્માજી પણ નારી નવ તજ્યા સુ. નારી નવ તજ્યા ભોળો નાથ કહુ. વીષ્ણુ પણ નારી નવતજ્યા સુ. વાત વીચારો એ દીલ સાથ કહુ. ૮ મોટા મોટા નારી નવ તજ્યા સુ. પછી મનુષ્ય તે કોણુ માત્ર કહુ. નારી વીના નથી છુટકો સુ. નારી નથી એ નર્કનું પાત્ર કહુ. ૯ તજવી ઘટે કેઇ નારીને સુ. નારી પારકી તેને તજાય કહુ. સંસાર તજવો ઘટે નહિ સુ. ઘટે તજવા અનીતી અન્યાય કહુ. ૧૦ પરણી નારી તજવી નહિ સુ. થાય તજવાથી નીતીનો ભંગ કહુ. હુંતો નારી નાથ આપની સુ. માટે મારો તજો કેમ સંગ કહુ. ૧૧ વેદ વીધીથી વાર્યા સુને સુ, દેવ સાક્ષી હતા ચોરી માંય કહુ. પાણી ગ્રહણ કર્યું તે પછી સુ. આપ્યું વચન વીચારોને ત્યાંય કહું. ૧૨ નારી હવે તને નહી તજુ સુ. દીધું વચન વડીલો સમક્ષ કહુ. વળી છે દીન મારે સોળમો સુ. તેમાં રાખો જરા તમે લક્ષ કહુ. ૧૩ આજ ઋતુદાન દ્યો મને સુ. બાળ હત્યાનું લાગશે પાપ કહુ. ૧૪ વિશ્રામ–પતી પાપ એ લાગશે, ઓત્રા બોલી વચનરે; વ્યાસ મગન વાણી વદે, સુણો શ્રોતા જનરે. ૩૩

કડવું ૩૪ મું—રાગ આશાવરી.

વૈસમ પાયે એણી પેર બોલ્યા, સુણુ જનમેજય રાય; વીસ્તારી તુજને સંભળાવું, ચકાવાનો મહીમાય. ૧ ઓત્રા કહે પતી પાપ ન લાગે, માટે દ્યો ઋતુદાન; સોળમો દહાડો સાચવો મારો, તેથી થશે સંતાન. ૨ અભિમન્યુ કહે એ શું બોલ્યાં, નારી તમે રણમાંય; ઘર વીના કદી કાળ ઋતુદાન, રસ્તામાં નવ અપાય. ૩ વળી મરીયાદા મુકી વર્તવું, તે પશુ પક્ષીનું કર્મ; દીવસે દોષ અતી છે એમાં, ન હોય મનુષ્યનો ધર્મ. ૪ વળી જુવો વૃદ્ધ વડીલો દેખે, દેખે સૈન્ય તમામ; સુંદરી શર્મ ભરેલું એવું, કેમ બની શકે કામ. ૫ ઓત્રા કહે છે શરમ તે શું, ઓઢાય કે પથરાય; એવી શર્મ શું કામમાં આવે, ધર્મની હાની જ્યાં થાય. ૬ હાથે કરીને શર્મની અંદર, વંશ ખુવો છો શું કરવા; શર્મને માટે રાખતા નથી, પાપ તણી જરા પરવા. ૭ વળી હું તમારે પાલવે પડી, શું સુખ દીઠું મેં સ્વામિ; જાણતા નથી શું જીંદગી મારી, જરૂર જાશે નકામી. ૮ માટે દયા ધરી પુત્ર આપી કરો, એટલું

ભલું અમારૂં: પાપ વળી નહિ લાગે ને રહેશે, પાછળ નામ તમારૂં. ૯ સોળમો દહાડો આજનો એવો, જો રતુદાન દેવાશે; ભવિષ્યમાં મને ભાસે છે કે, પુત્ર તો જરૂર થાશે. ૧૦ માટે રતુદાન દઈને સ્વામિ, સુખેથી યુદ્ધમાં જાઓ; સોગન તમે ખાધા છે તેથી, નથી બીજો મારો દાવો. ૧૧ અભેમન્યુ કહે નારી બધો, તંત મુકી દે તું તારો; કોટી ઉપાયે કોઈ પણ વચન, તારૂં નથી માનનારો. ૧૨ તારૂં ધાર્યું કરવા માટે, બાનાં મીથ્યા બતાવે; સમય વીના સુંદરી તું શીદ, સ્ત્રીનાં ચરિત્ર ચલાવે. ૧૩ આડાઅવળી વાતો કરી મન, મારૂં તું ભમાવા ધારે; પણ તારા કરતાં કાંક મારામાં, બુદ્ધિ તો હશે વધારે. ૧૪ ઓત્રા કહે તે તમે કહો પણ, હું તો કદી નવ માનું; બુદ્ધિ હોય તો જુવો તમોને, ભાન નથી દુનીયાનું. ૧૫ હરિ ફરીને યુદ્ધમાં જાવું, તેટલું જ્ઞાન તમારૂં; પણ બીજું તમે જાણતા નથી, પાછળ શું થશે હમારૂં. ૧૬ બુદ્ધિ તમે બધી વેચી ખાધી છે, એમ મને તો જણાય; મારા જેટલી નથી તમારી, વધારે કેમ ગણાય. ૧૭ અભેમન્યુ કહે અબળા તું તો, વિચાર વીનાનું બોલે; કદી કાળે નારીની બુદ્ધિ, ન હોય નરની તોલે. ૧૮ જ્યાં જોઈએ ત્યાં પુરૂષ બધા, દીસે ઘણા બુદ્ધિમાન; નરની બુદ્ધિને નારી ન પોકે, નારીની બુદ્ધિ નાદાન. ૧૯ તે માટે મોટા પુરૂષો કહી ગયા, પ્રેમદા બુદ્ધિ છે પાની; તેથી હું મર્દથી સુમત ન કરો, માસુની લ્યો સાચું માની. ૨૦ ઓત્રા કહે શું સાચું માનું, પુરૂષ ચરિત્ર પછાડી; જુવો બધી અવની જાણે છે, સ્ત્રીનું ચરિત્ર અગાડી. ૨૧ તેમ છતાં જો બુદ્ધિ હોય તો, પ્રશ્ન પુછું એક તમને; નરનારીની પરિક્ષા થાશે, ઉત્તર આપતાં અમને. ૨૨ અભેમન્યુ અહંપદ કરી બોલ્યો, પ્રશ્ન તારો પુછ તું તો; તારા પ્રશ્નનો ભારજ શો છે, હવડાં ઉત્તર દઈશ હું તો. ૨૩ ઓત્રા કે ભલે એમ હોય તો, પ્રશ્ન પુછું હું તો તર્ત; મારા તમારા હાર્યા જીત્યાની, સામા સામી કરો સર્ત. ૨૪ અભેમન્યુ કહેવા લાગ્યો, જેમ તું કહે તેમ કરવું; આપણુ બંને બંધાવો એવાં, બંધાયા કેડે ન ફરવું. ૨૫ ઓત્રા કહે મારા પ્રશ્નનો ઉત્તર, જો કદી તમથી ન થાય; તો પછી મુજને પુત્ર આપ્યા કેડે, થાવું તમારે વીદાય. ૨૬ જો કદી પ્રશ્નનો ઉત્તર સાચો, તમે દેશો આ દીશ; તો તો હું તમને રોકયા વીણ ચટ, અહીંથી રસ્તે પડીશ. ૨૭ અભેમન્યુ કહે કબુલ મહારે, શો છે પ્રશ્નનો સાર; કહેતાં પહેલો ઉત્તર આપીશ, વાર ન લાગે લગાર. ૨૮ તેમ છતાં દૈવ્ય ઇચ્છાએ મુજથી, ઉત્તર નવ દેવાય; તો પછી તારે કહેવો પડશે, છુટકો કદી નહી થાય. ૨૯ ઓત્રા કહે હા કહ્યા પ્રમાણે, તમે વર્તશો જ્યારે; પછી

હું પ્રશ્નનો ઉતર, તર્ત કહીશ તે વારે. ૩૦ રાય કહે વળી વચમાં મારે, કહેવાનું એક વચન; પહેલું પરઠયું પાછળ લાભે, રોકાવાનો પહોર દન. ૩૧ એક પહોર હું તંબુમાં રોકેશ, પછીથી યુદ્ધે પળીશ; પુત્ર થશે તે તો, ભામની તારૂ ભવીશ ૩૨ ઓત્રા કહે હું એથી વધારે, નહી રોકુ મારા નાથ; કહ્યા પ્રમાણે મારે પળાવું, આપો વચન મુજ હાથ. ૩૩ અભેમન્યુએ તે સમે વચન, ઓત્રાના હાથમાં દીધું; સાથે સાચું ઓત્રાનું વચન, પોતાના હાથમાં લીધું. ૩૪ અભેમન્યુ કહે કો હાવે પ્રશ્ન, વાર ન કરશો નકામી; કરજોડી પછી ઓત્રા કહે છે, સાંભળી લ્યો મુજ સ્વામી. ૩૫ એકાદશીના વ્રતને દિવસે, છે શ્રાદ્ધ પીતૃનું ઘેર; નારીને દીન સોળમો તે શો, સાચવવા શી પેર. ૩૬ અપવાસ એકાદશીનો કરતાં, વળતું નથી શ્રાદ્ધ; જમે તો શ્રાદ્ધ વળે પણ, આવે એકાદશીમાં બાધ. ૩૭ વળી જમ્યા વીના શ્રાધ વળે નહીં, પીતૃ લોક ન પામે; અપવાસ વીણ એકાદશી ન થાયે, એવો બાધ બે કામે. ૩૮ વળી તે દહાડે ઋતુ દેતો પડે, નર્કે પીતૃને આપ; નારીને ઋતુ દીધા વીના લાગે, બાળહત્યા તણું પાપ. ૩૯ તે એક પુરૂષે એકે દીવસે, સાથે ત્રણ વ્રત કરવાં; એક બીજાને બાધ ન આવે, એવી રીતે અનુસરવા. ૪૦ એક કરે એક નવ કરે તો, પડે ચતુરાઇમાં ખામી; નારીથી બુદ્ધિ નરની વધારે, આપોને ઉત્તર સ્વામી. ૪૧ ઉત્તર આપો કે પુત્રજ આપો. પાળો વચન મુજ કંથ; હવે હું નથી રોકતી તમને, ઉઘાડો આ યુદ્ધ પંથ. ૪૨ અભેમન્યુ સુણી વીસ્મય પામ્યો, કરવા લાગ્યો વીચાર; ઉંડુ અટપટુ પ્રશ્ન આ દીસે, ઉત્તર આપુ સું આ વાર. ૪૩ એકાદશીમાં શ્રાધ શ્રાધમાં, એકાદશી તો નડે છે; ઋતુ ના દે તો પાપજ લાગે, દેતાં બે નરકે પડે છે. ૪૪ આડા અવળી એમ તપાસ્યું, બુદ્ધિ ના પોકી લગાર; ત્યારે અભેમન્યુ કહે ધન્ય નારી, તારી બુદ્ધિ અપાર. ૪૫ હવે તમે તેનો ઉત્તર શું છે, દરસાવો તે દીલ સાથ; ઓત્રા કહે કહ્યા પ્રમાણે વર્તો, પછે કહીશ મારા નાથ. ૪૬ અભેમન્યુએ વીચાર કીધો, પાળવું પડશે વચન; હવે છુટકો નથી થવાનો, આપવો પડશે તન. ૪૭ પ્રશ્નનો ઉત્તર દેવા બુદ્ધિ, નથી પોચતી મારી; વચન ભ્રષ્ટ થવું નહીં નારી આસ્થા ભરી છે બીચારી. ૪૮ એવું જાણી સેન્યા સામું જોયું, ભાઇને કીધી પછી સાન; નજર થતાં ચેતી ગયો ત્યાં, ભીમ તણો સંતાન. ૪૯ અભેમન્યુએ હાથ કરીને, પોતાની પાસે બોલાવ્યો; એક સપાટે દોડતો ત્યાંથી, અભેમન્યુ પાસે આવ્યો. ૫૦ ગટોરગચ્છ કહે શો હુકમ વીરા, જે હોય તે ફરમાવો; અભેમન્યુ કહે અહીંયાં આગળ, તંબુ

એક તણાવો. ૫૧ એવું સાંભળી ગટોરગચ્છે, માયાવી તંબુ ત્યાં કીધો; રથથી જરાક વેગળો રણમાં, તરત તે તાણી દીધો. ૫૨ અંદર સાહીત સરવે બનાવી, ચીજ નથી ઓછી એક; કમીના તંબુમાં કાંઈ મળે નહીં; વાપર્યો એવો વીવેક. ૫૩ ગટોરગચ્છ પછી સૈન્યામાં જઈ, ઉભો રહ્યો જ્યારે, અભેમન્યુએ સાન કરી નારીને, રથેથી ઉતર્યો ત્યારે. ૫૪ ઓત્રા ચાલી પતીની પાછળ, મુકી ઘોડાની લગામ; નર નારી તવ રથેથી આવી, કીધો તંબુમાં મુકામ. ૫૫ તવ પ્રભુ પાતાળે વીચાર કીધો, ભાણેજને હું તો મારૂં; પણ એક મારા બાનાના બદલે, ભક્તનો વંશ વધારૂં. વીશ્રામ—વંશ વધારૂ ભક્તનો, પ્રભુએ ધાર્યું ત્યાંયરે; વ્યાસ મગન વાણી વદે, સુણો જન શ્રોતાયરે. ૩૪

કડવું ૩૫ મું—રાગ ધનાશ્રી.

બોલ્યા વૈસમ પાયે વચન, સાંભળ પરીક્ષત રાયના તંન; પ્રભુ કહે છે ભાણેજને મારૂ, મારા ભક્તનો વંશ વધારૂ. ૧ નર નારી જરા વાર મળશે, તેમાં પુત્રની વેળા શું વળશે; એવું જાણીને મન વીચાર્યું, વધુ સંસાર સુખ દેવા ધાર્યું. ૨ કરૂ છ માસનો દીનમાન, તો તો રહેશે એ ગર્ભ નીદાન; એવા વીચાર મનમાં કીધા, સુર્યચંદ્રને સ્થંભાવી દીધા. ૩ એવી આજ્ઞા પ્રભુએ દીધી, શશી રવીએ માની લીધી; પછે હાથમાં લીધું પાણી, બોલ્યા એવું ત્યાં પુરૂષ પુરાણી. ૪ દેવ દાનવ માનવ સંગ, પશુ પક્ષીને કીટ પતંગ; એવા જે જે જગત જીવ માત્ર, હોય સુપાત્ર કે કુપાત્ર. ૫ જેવી જેવી જેના મનની આશા, તૃસ થાજ્યો ક્ષુધાને પીપાશા; મળ મુત્રને મૈથુન તમામ, નીદ્રા આદી થતાં હોય જે કામ. ૬ જેવી ઈચ્છામાં હોય હર્ષશોક, તેવી ઇચ્છામાં રેહેજ્યો ત્રીલોક; જેમ થનું હોય તેમ થાય, વધુ ઓછો ના દીન વરતાય. ૭ એવું કહી પાણી પ્રભુએ પીધું, બીજુ અંજળી જળ ભરી લીધું; જાણ્યું દીવસે ઋતુ ન દેવાય, વર્ણશંકર પ્રજા તે થાય. ૮ એમાં અવગુણ હોય અતીશે, તે તો કુકરમી અધરમી દીસે; થાય કામી ક્રોધી અનાચારી, બુદ્ધિ હીણ અબળ દેહ ધારી. ૯ દે કોઈ દીવસે જે ઋતુદાન, તેથી ઊપજે એવો સંતાન; એવું જાણીને શ્રી જદુરાય, માટે તેનો ત્યાં કીધો ઊપાય. ૧૦ જળ પીધું ત્યાં તો બીજીવાર, તંબુ ઊપર વરસાવ્યો ધુમાર; વળી વીચાર્યું શ્રી અવીનાશ, બાધ કરશે રવીનો પ્રકાશ. ૧૧ સુર્ય દેખેતો દેશેરે શ્રાપ, તેથી દંપતીને લાગે પાપ; પશુ પક્ષીનું એતો છે કર્મ, ન હોય દીવસે મનુષ્ય ધર્મ. ૧૨ એવું જાણી વ્યવસ્થા શુ કીધી, નીજ ચક્રને આજ્ઞા દીધી; ગચ્છું સુર્યના સામું એ

સીધું, સુર્ય ઢાંકી આચ્છાદન કીધું. ૧૩ દોશ દુર કર્યા એ તમામ; રૂડું રાખવા ભક્તાનું નામ; એવા ભક્ત આધીન ભગવાન, દીસે દયાના સીંધુ નીદાન. ૧૪ હવે તંબુમાં જે નરનારી, અન્યો અન્ય ત્યાં વાત વીચારી; સુખ રૂપે માંડયો સંસાર, આસ્યા તૃષ્ણાએ ભરીયાં અપાર. ૧૫ રૂડો રમતાં રંગ વીલાસ, કર્યો પુરણ પ્રીતી પ્રકાશ; ભોગ ભોગવ્યો એ અવસરમાં, રહ્યો ગર્ભ ઓત્રાના ઉદરમાં. ૧૬ રાય પરીક્ષીત જે કહેવાય, તેના ગર્ભનો આ મહીમાય; થયો પુન્ય પ્રતાપી એ રાય, તેની સાંભળે જન જે કથાય. ૧૭ સુણે શ્રદ્ધાથી જે નરનાર, વાધે વંશની વૃદ્ધિ અપાર; જેણે કળીયુગ દુર હઠાયો, રાખ્યો ધર્મનો પ્રથમ પાયો. ૧૮ સુણી તેતો ત્યાં સકળ દુઃખ વાર્યો, રાય અંતે અભયપદ પામ્યો; કથા સાંભળે તે તો રે જેહ, થાય પાપ થકી મુક્ત તેહ. ૧૯ કથા સાંભળી પુન્ય જે કરશે, ભુંડા ગર્ભનો વાસ તે તરશે; કથા સાંભળી જન જે ઉવેખે, તે તો પુનઃ ગરભ દુઃખ દેખે. ૨૦ એવો ઉત્તમ પરીક્ષીત રાય, રહ્યો ઓત્રાના ઉદર માંય; એવે વીતી ગયા ખટ માસ, થઇ પુરણ ઓત્રાની આશ. ૨૧ પછી પ્રીતે લાગી પતી પાય, કરજોડી વચન વદી ત્યાંય; મારી આશા પુરણ કરી આપે, વડીલ વૃદ્ધના પુન્ય પ્રતાપે. ૨૨ ભલું વાધ્યું મારૂં ઘરસુત્ર, મને પ્રભુજી આપશે પુત્ર; પુત્ર પીતા વીના કેમ રહેશે, તેની સંભાળ તે કોણ લેશે. ૨૩ એમ કહી રડી પડી અપાર, નીર નેત્રે વહે છે ચોધાર; અભેમન્યુ કહે સુણો વાલી, હવે ખેદ કરો શીદ ખાલી. ૨૪ એમ કહીને છાની રાખી નાર, ઓત્રા કહે છે સુણો ભરથાર; પ્રીતી ઓછી હતી તે વધારી, હવે છુટે ન માયા તમારી. ૨૫ અભેમન્યુ કહે સુણો રાણી, હવે એવી ના બોલશો વાણી; નહી નીમીશ માત્ર રોકાઉં, આપો આજ્ઞા યુદ્ધમાં જાવું. ૨૬ પરઠયા પ્રમાણે થઈ પહોર વાર, વાંકું વરતાય નહિ લગાર; આપો પ્રશ્નનો ઉત્તર અમને, કહ્યા પ્રમાણે પજ્યો હું તમને. ૨૭ વિશ્રામ—કહ્યા પ્રમાણે હું પજ્યો, કહે છે પારથતંનરે; વ્યાસ મગન વાણી વદે, સુણો શ્રોતાજનરે. ૩૫

કડવું ૩૬ મું—રાગ આશાવરી.

વૈસમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજયરાય; વિસ્તારી તુજને સંભળાવું, પ્રશ્નોત્તર મહીમાય. ૧ ઓત્રા કહે છે નાથજી મારા, પ્રશ્ન કહ્યા મેં જે તમને; હજુ તમોને આવડતો હોય તો, ઉત્તર આપો તે અમને. ૨ કહ્યા કેડે પછી તમે કહેશો કે, આવડતો હતો એતો; જાણ્યો કોયડો કોડી બરોબર, જ્યોજો પતિ કરતા તેતો. ૩ અભેમન્યુ

કહે એ શું બોલી, બોળાય બાપનું નામ; પાછળથી પછે એવું બોલવું, તેતો મુરખ કેરૂં કામ. ૪ નક્કી કહું છું નથી આવડતો, છે મુજ બુદ્ધિથી બહાર; મીથ્યા અભિમાન કેમ થાયે, કહો હવે મારી નાર. ૫ બોત્રા કહે એકાદશીને દહાડે, છે શ્રાધ પિતૃનું ઘેર; નારીને દીન સોળાઓ તે સૌ, સાચવવાં શી પેર. ૬ શ્રાધ સારી જમે છે તો, તેથી એકાદશી ભાગેઃ નારીને પુત્રદાન ન દેતો, બાળહત્યા પાપ લાગે. ૭ એકાદશીનું ફળ લેવાને, કરે કદી અપવાસ; પણ શ્રાધ સારી જમે નહિ તો, પીતૃને પડે છે ત્રાસ. ૮ વળી તે દીવસે નારીને કદી, આપે જો ગર્ભનું દાન; તો તો પછી પીતૃને પોતે, નર્કે પડે છે નીદાન. ૯ એ ત્રણ કામો એકે દહાડે, એક ધણીને તે કરવાં; કર્યા વીના કદી છુટકો નથી, શાસ્ત્ર રીતે અનુસરવાં. ૧૦ એ પ્રમાણે એક બીજાને, બાધ કરે છે અતીશે; આંટીઘુંટીવાળું કઠણ એવું, પ્રશ્ન પતિ મારૂં દીસે. ૧૧ તેનો ઉત્તર તમને કહું છું, હું તો હવે મારા નાથ; શાસ્ત્ર પ્રમાણે સિધ બરોબર, સાંભળજો દીલ સાથ. ૧૨ શ્રાધ સારી પીંડ સુંઘવો, દેવું અર્ધ્ય રતુદાન; સચવાય ત્રીવૃત એક તીથીમાં, છે એ શાસ્ત્ર નીદાન. ૧૩ શ્રાદ્ધ સારી પીંડ સુંઘે તો જમ્યા બરોબર થાય; સુંઘવાથી અપવાસ ન ભાગે, એકાદશી સચવાય. ૧૪ પીતૃ પણ પીંડ સુંઘવાથી પામે, શાસ્ત્ર કહે છે એવું; આગળ પાછળ બાધ ન આવે, મધ્યરાત્રી રતુ દેવું. ૧૫ મધ્યરાત્રી સુધી એકાદશી, પછેથી દ્વારશી થાય; માટે મધ્યરાત્રી રતુ દેવું, અન્ય તીથી તે ગણાય. ૧૬ એકાદશીમાં રતુ દેતાં, એકાદશી તો ભાગે; દ્વાદશીમાં દીવસ ફરે છે, બાળકનું પાપ લાગે. ૧૭ એવી રીતે એકજ ધણી, ત્રીવૃત કરે છે સાથ; કોઇ કોઇને એમાં બાધ ન આવે, એવી રીતે મારા નાથ. ૧૮ અભેમન્યુ સુણી આનંદ પામ્યો, કરવા લાગ્યો વખાણ; ધન્ય છે નારી બુદ્ધિ તમારી, મુખે બોલ્યો એમ વાણ. ૧૯ આવાં હું તમને ન્હોતો જાણતો, ગોરી ઘણાં ગુણવાન; બરોબર તમે સુંદરી કીધું, શાસ્ત્ર રીતે સમાધાન. ૨૦ ચતુરા તમારી ચાતુરી ઝાઝી, બુદ્ધિ ઉંડી અપાર; ધન્ય તમારાં માત પિતાને, ધન્ય દીસે અવતાર. ૨૧ હવે નારી આજ્ઞા આપો, હુંતો થાવું વિદાય; તમે સુભદ્રા પાસે પધારો, દ્રૌપદી કુંતા છે ત્યાંય. ૨૨ મારાં માતપિતાની સેવા, શ્રદ્ધા થકી તમે કરજો; ન્યાય નીતિ રીતીમાં રહેજ્યો, ધર્મ રૂડા અનુસરજો. ૨૩ મળવું હવે ભવિષ્ય આધારે, માટે કહ્યું માની લેજો; પીયરમાં એક પલક ન રહેશો, સદાય સાસરે રહેજો. ૨૪ યુદ્ધથી જીવતા આવવું તેતો, તારો મારો સંસ્કાર; રાજકદીપક હોય કદી તો, હામ હારશો નહિ નાર. ૨૫ પુન્ય દાન બહુ પાછળ કરજો, કરજો સદા

શુભ કર્મ; બ્રાહ્મણ સાધુની સેવા કરજો, ધારી બરોબર ધર્મ. ૨૬ કુળમાં લાંચ્છન લાગે એવું, કરશો નહિ કોઇ કામ; માતપીતાની આબરૂ પ્રમાણે, તારજો પેઢી તમામ. ૨૭ રામા તમારૂં હૃદય ઠરશે, સુધર્યું છે ઘરસુત્ર; વડીલ વૃદ્ધના પુન્ય પ્રતાપે, પ્રભુજી આપશે પુત્ર. ૨૮ જેનાવડેથી જગમાં રૂડું, નામ રહે તારૂં; એક વચન હવે બોલ્યા વિના, આજ્ઞા આપે તો સારૂં. ૨૯ થોડું કહ્યું ઘણું માની લેજો, દેજો શ્રીહરિ નામ; હવે હું તો જાઉં છું નારી, છે મુજ છેલ્લા પ્રણામ. ૩૦ એમ કહી અભેમન્યુ ચાલ્યો, ઝાલ્યો ઓત્રાએ હાથ; કરજોડી પાછી કહેવા લાગી, સાંભળોને સ્વામીનાથ. ૩૧ સુખેથી તમે યુદ્ધમાં જાવો પણ પામશો નહિ હાર; છેવટ મારે કહેવાનું એટલું, કરજો શત્રુનો સંહાર. ૩૨ હું અબળાને અધવચ મુકી, કાયર કદી નવ થાશો; કઠણ કામ કોઠાનું સ્વામી, જોજો પાછળ પસ્તાશો. ૩૩ વિશ્રામ-પસ્તાવો પાછળ થશે, કઠણ યુદ્ધનો પંથરે; વદે મગન ઓત્રા કહે, કપરા કોઠા કંથરે. ૩૬

કડવું ૩૭ મું—રાગ સિંધુ.

કપરા કોઠા એ, કયમ કરી કંથ જીતાશે; બ્રહ્મા સરખા ભેદ ન જાણે, ભોળી મન ભરમાશેરે. કપરા. ટેક. કપટી ક્રોધી કૈરવ લોકો, કાળ તમારો કરશે; ગઢ ચક્રાવે એકલડા ત્યાં, કોણ સહાયતા ધરશેરે. કપરા. ૧ ઉછળતાં શસ્ત્રો છુટવાનાં, ગભરાશો ગઢ વિષે; દગલબાજ એ દુષ્ટો ભારે, ડંશ ભરેલા દીશેરે. કપરા. ૨ સમગ્ર એ સાતે કોઠામાં, ભરીયા ભડવીર ભાથી; અતીરથી કો મહારથી મહી, છે સુરાના સાથીરે. કપરા ૩ સુભદ્રા સાસુની કુખે, જોજ્યો ડાઘ ન લાગે; હામ ન હોયતો પહેલું કહેજો, હું ચાલું રણ આગેરે. કપરા. ૪ મારી તમારી ઉંમર સરખી, મેશ રાશીમાં વાશો; મુચ્છ વીનાનાં બેઉ બરોબર, કોણ જુવે તમાશોરે. કપરા. ૫ ઘો તમ વસ્ત્રો તે હું પહેરૂં; કયાં અહીં કોઈ જોનારૂ, મરદ કામ હું કરૂ માતુની; સમજો તો બહુ સારૂ. કપરા. ૬ વંદળની વીદ્યા શીખેલી, હુંતો કૈરવ કાજે; છું ક્ષત્રાણી શુર બતાવું, ના લેવાશો લાજેરે. કપરા. ૮ પણ મારૂ કે પછી તમારૂં, બેમાં એક સુધારો; જો હાર્યા તો જગની અંદર, ઝેર થશે જનમારોરે. કપસ. ૮ જીવ જતાં પણ જશ મેળવજો, ક્ષત્રી નર છો સુરા; અમર નામ અવનીમાં કરજો, પરાક્રમી થઇ પુરારે. કપરા. ૯ સ્વામી સૌ શત્રુ સંહારી, વહેલા પાછા વળજો; વ્યાસ મગન નીજ ગુણ ગાવાજો, સુરાતણુમાં ભળજો. કપરા. ૧૦ વિશ્રામ—ઓત્રા કહે કોઠા

વિષે, જોઝ્યો પામતા હારરે; વ્યાસ મગન વાણી વદે, બોલ્યો રાજ-કુમારરે. ૩૭

કડવું ૩૮ મું—રાગ ઉપરનો.

ધન્ય ધન્ય ક્ષત્રાણી, જોજે સુરાતણુ તું મારૂં; ચક્રાવાને ચુર કરી સૌ, શત્રુને સંહારૂરે. ધન્ય ધન્ય. ટેક. રણ ચક્રાવે લડતાં રાણી, કા-હેર કૌરવ થાશે; અભિમન્યુને આવતો જોઇ, સરવે નાશી જાશેરે. ધન્ય ધન્ય. ૧ ધનુષ્યના ટંકાર કરંતાં, લેશે મુજને નાણી; એક પ-લકમાં પ્રાણ પાપીના, તર્ત નાખું હું તાણીરે. ધન્ય ધન્ય. ૨ ધર મુળમાં જે દ્રોણ રહેલા, પહેલે કોઠે પાડું; કૃપાચાર્જને અવસ્થાના, લાડુ સુંસરા કાઢુંરે. ધન્ય ધન્ય. ૩ કરણ તણું તો મરણ કરૂં હું, વાર જરા ના લાગે; દુર્યોધન પાપી કરૂં પુરો. માર અતીશે માગેરે. ધન્ય ધન્ય. ૪ સલ્લમલ્લ મામાને મારી, જઇ જયદ્રથને ઝાલું; એ આદી યોદ્ધાઓને હું, ખોળી ખાવા આલુંરે. ધન્ય ધન્ય. ૫ અષ્ટાદશ મહીના ઉદરમાં, ગર્ભે વીદ્યા ભણીયો; કોઠામાં જો કાહેર થાઉં તો, ધીક જ-નેતા જણીયોરે. ધન્ય ધન્ય. ૬ શત્રુ નહીં છોડું કોઠામાં, કરૂં કટકા કૌરવના; પારથ પુંઠ તકાશી તેતો, છે વેરી પરભવનારે. ધન્ય ધન્ય. ૭ એકવાર મરવું છે જન્મી, નથી જીવ્યાની પરવા; અમર નામ કરૂં હું આજે, શોક કરે શું કરવારે. ધન્ય ધન્ય. ૮ પાયમાલ કોઠા કરૂં ત્યારે, મન મનોરથ પુગે; કાયર થતાં માંસ મારૂં તે, શીયાળવાં ના સુંઘેરે. ધન્ય ધન્ય. ૯ છેવટ છે એ નિશ્ચય મારો, વ્યર્થની કાઢુ વા-ણી; વ્યાસ મગન હરનીશ ગુણ ગાશે, રજા આપ્ય તું રાણીરે. ધન્ય ધન્ય. ૧૦ વિશ્રામ—રજા આપ્ય રાણી હવે, કહે છે રાજકુમારરે; વ્યાસ મગન વાણી વદે, રજા આપતી નારરે. ૩૮

કડવું ૩૯ મું—રાગ પરજ.

મારા અલબેલા ભરથાર, વહેલા આવજો હો રાજ; મારા ઉરના એકાવળ હાર, વહેલા આવજો હો રાજ. ૧ મારી સગી નણુદલના વીર, વહેલા આવજો હો રાજ; મારા હ્રદયના ધારણધીર, વહેલા આવજો હો રાજ. ૨ મારા શરીરના શણગાર, વહેલા આવજો હો રાજ; મારા પ્રાણતણા આધાર, વહેલા આવજો હો રાજ. ૩ મારા નરણાં કેરા નેત્ર, વહેલા આવજો હો રાજ; રૂડા જીતીને રણક્ષેત્ર, વહેલા આવજો હો રાજ. ૪ મારા ભવીષ્યના ભરથાર, વહેલા આવજો હો રાજ; મારા દુઃખ તણા હરનાર, વહેલા આવજો હો રાજ. ૫ મારા

સુખ તણા સાધંન, વહેલા આવજો હો રાજ; મારા પતી તમે પાવંન, વહેલા આવજો હો રાજ. ૬ સાસુ જાયા રાજકુમાર, વહેલા આવજો હો રાજ; કરી કૌરવનો સંહાર, વહેલા આવજો હો રાજ. ૭ હું તો જોઇ રહેવાની વાટ, વહેલા આવજો હો રાજ; જોજ્યો કરાવતા ઉચાટ, વહેલા આવજો હો રાજ. ૮ હું તો લળીલળી લાગુ પાય, વહેલા આવજો હો રાજ; જોજ્યો વાર વધુ ના થાય વહેલા આવજો હો રાજ. ૯ કીર્તિ મેળવી કોઠા માંય. વહેલા આવજો હો રાજ. જેના વ્યાસ મગન ગુણ ગાય. વહેલા આવજો હો રાજ. ૧૦ વિશ્રામ-એમ કહી ઓત્રા હરબડી, પડી મુર્ચ્છાની માંયરે, વદે મગન અભેમન્યુ ત્યાં, તર્તજ થયો વીદાયરે. ૩૯

કડવું ૪૦ મું—રાગ ધનાશ્રી.

બોલ્યા વૈશમપાયે વચન, સાંભળ પરીક્ષીતરાયના તંન. ઓત્રા પડી જ્યાં મુર્ચ્છાની માય, રાય તંબુથી થયો વીદાય. ૧ આવી રથમાં બેઠોરે જ્યારે, પાસે સેના આવ્યું સૌ ત્યારે; રથે ગટોરગચ્છ જેવો આવ્યો, ભાઇએ શાંન કરી સમજાવ્યો. ૨ વીરા જાવો જરા દયા જાણી, સુભદ્રા પાસે પહોંચાડો રાણી; સુણી સેવકો તેડીને ત્યાંય, ગયો ગટોરગચ્છ તંબુ માંય. ૩ તેવે મુર્ચ્છામાંથી ઉઠી નાર, દીઠા જેઠજી ઉભેલા દ્વાર; તેતો બોલ્યા મુખે એમ વાણી, જાવો માજીના તંબુમાં રાણી. ૪ થઇ સેવક સાથે વીદાય, આવી માતાના તંબુની માંય; પડી ઓત્રા સુભદ્રાને પાય, કરજોડી કહેવા લાગી ત્યાંય. ૫ માજી આવતાં થઇ મુને વાર, ચડી ચુકયા યુદ્ધે ભરથારઃ તેથી ઉતરી હું બારોબાર, ગઇ મનાવા પતિને તે ઠાર. ૬ મેંતો ઘણું ઘણુ સમજાવ્યા, પાછા પુત્ર તમારા ન આવ્યા; પાછા વાળ્યા છતાં નવ વળીયા, તાણી તંબુ તેતો મને મળીયા. ૭ આપી પુત્રને થયા વીદાય, ત્યાંથી આવું છું હાલ હું આંય; મને પુત્ર પ્રભુજી જો દેશે, નામ એ થકી કુળમાં રહેશે ૮ સુણી સુભદ્રાનો ગયો રોષ, ઘણો કુંતાને વળ્યો સંતોષ; બોલી દ્રૌપદી તો તેણીવાર; બાઈ જેવો તારો સંસ્કાર. ૯ એમ વાતો કરે છે તે ઠામ, એવે માયાવી શું કીધું કામ; તંબુ માયાનો અલોપ કીધો, ચાલ્યો રથના સામો તે સીધો. ૧૦ બેઠો રથે ચડીને તે ઠામ, લીધી હાથમાં અશ્વ લગામ; અભેમન્યુ કહે વીર મારા, હવે હાંકોને અશ્વ તમારા. ૧૧ સુણી રથને હાંકયો તે વાર, ચાલ્યું સૈન્યા ત્યાં હારફતાર; દીધા દો દેશ ફરતા રે ડંકા, કરે ગર્જના બહાદુર બંકા. ૧૨ વાગે વીધવીધ વાજાંનો નાદ, અતી યોદ્ધાને ઉર ઉનમાદઃ કયારે કરીએ

શત્રુનો સંહાર, એવી ઉરમી છે ઉરમાં અપાર. ૧૩ હીંડયા કરતા સૈ સોરબકોર, આલ્યું રહેતું નથ જરી જોર; વાગે સરણાઇ ભેરી દદામુ, ચાલ્યું સૈન્યા એ કોઠાના સામું. ૧૪ ભીમે ગદા અચુત મણુની લીધી, સ્વારી જયમંગળ પર કીધી; સહેદેવ નીકુળને મેઘવર્ણું, ચાલ્યા મુજાવતા સૈર ઘર્ણું. ૧૫ સૈન્યા સર્વે ભયંકર ભાસે, અભેમન્યુ જુવે છે ચોપાસે; એના મનમાં છે હરખ અપાર, ઘણો ખીલ્યો અર્જુનનો કુમાર. ૧૬ એવી ખીલી તેની મુખ કાન્તી, જોતાં અર્જુનની આવે ભ્રાન્તી; નથી આજે એનામાં કંઇ ન્યુન, જાણે આવ્યો એતો અર્જુન. ૧૭ ઉભા કોઠામાં યોદ્ધા અપાર, તેતો કરવા લાગ્યા વીચાર; સૈન્યા ધારી ધારીને તપાસ્યું, આવ્યો અર્જુન એવું ત્યાં ભાસ્યું. ૧૮ વીશ્રામ —ભાસ્યું અર્જુન આવીયો, લાગી સૌને ધાકરે, વ્યાસ ભગત વાણી વદે, વાગી ત્યાં વીર હાકરે. ૪૦

કડવું ૪૧ મું—રાગ હુંસે માંડયો વિલાપ.

વાગી વાગી કોઠામાં હાક, અર્જુનજી આવીયોરે; બધા યોદ્ધા ચડયા ત્યાં ચાક, અર્જુનજી આવીયોરે. ૧ નથી ખાતા કો છીંક કે છાક, અર્જુનજી આવીયોરે; જબરી છે એની ધાક; અર્જુનજી આવીયોરે. ૨ કૌરવ કહે છે આવ્યું આજ મ્હોત, અર્જુનજી આવીયોરે; એવા સૌ કો બની ગયા બ્હોત, અર્જુનજી આવીયોરે. ૩ દીધું પાતાળ કેરૂં નામ, અર્જુનજી આવીયોરે; કીધું કપટનું એણે કામ, અર્જુનજી આવીયોરે. ૪ આવી પહેલી જાણી હોત વાત, અર્જુનજી આવીયોરે; ભેગા કરી કોઠામાં ન થાત, અર્જુનજી આવીયોરે. ૫ દોડાદોડ કરે છે તમામ, અર્જુનજી આવીયોરે; એવી હારી ગયા સૌ હામ, અર્જુનજી આવીયોરે. ૬ વીશ્રામ—હામ સરવ હારી ગયા, કરતા નાશાનાશરે; વ્યાસ ભગત વાણી વદે, પડીયો ઓછો ત્રાસરે. ૪૧

કડવું ૪૨ મું—રાગ આશાવરી.

વેસમપાયે એણીપેર બોલ્યા, સુણ જનમેજયરાય; વીસ્તારી તુજને સંભળાવું, કોઠા યુદ્ધ મહીમાય. ૧ ત્રાસ પડયો કોઠામાં સહુને, કૌરવ યોદ્ધ વીમાસે; દ્રોણગુરૂ તે કહેવા લાગ્યા, હવે વલે શી થાશે. ૨ કુપટ કરી એ પારથ આવ્યો, કરશે આપણો કાળ; ઉગરવાનો આરો નહી એમ, બોલ્યો અંધનો બાળ. ૩ દ્રોણ કહે તમે ધીરજ રાખો, છો આવ્યો અર્જુન; કાળ કરીશ એનો આ કોઠે, પરવાર્યું છે પુન. ૪ એમ કહીને જોવા લાગ્યા, કીધો ત્યાં અનુમાન; ન્હોય ન્હોય

અર્જુનજી આતો, છે તેનો સંતાન. ૫ અર્જુન હોય તો ઢાંકયો રહે નહીં, જોડે હોય ભગવાન; રથ ધ્વજા પર હનુમંતાનું, ચીત્રજ નથી નીદાન. ૬ શામાટે તમે શોચ કરો છો, અળતી નથી નીશાની; બાપ સમો એ બેટો ભાસે, અર્જુન બેઠા માંની. ૭ જાણીને કેમ ભુલ્ય ખાવો છો, અર્જુન છે પાતાળ; તેમ છતાં અર્જુન હશે તો, કરીશ તેનો હું કાળ. ૯ એવામાં સૈન્ય થડમાં આવ્યું, દીઠો અર્જુન બાળ; ત્યારે સૌને ધીરજ આવી, ટળી પેટની ફાળ. ૯ વીધવીધ વાજાં તર્ત વગાડયાં, કર્યા શંખના નાદ; કીકીયારી કીધી કોઠામાં, અતી થઈ ઉનમાદ. ૧૦ એવામાં અભીમન્યુ આવ્યો, કોઠા લગભગ જ્યારે; સૈન્ય ઉભુ રખાવી ભીમને, કહેવા લાગ્યો ત્યારે. ૧૧ કાકા મારા કોઠા અંદર, સૈન્યાનું નહીં કામ; તે બીચારૂ ત્યાં નકામું, રહેવા દ્યો આ ઠામ. ૧૨ યુક્તિસર એ યુદ્ધ કરવાનું, કઠણ કામ અપાર; જાણ હોય તે કોઠા જીતે, બીજાનો નહીં ભાર. ૧૩ માટે કાકા તમે એકલા, ચાલો મારી સાથે; છ કોઠા સર કરવા મ્હારે, સાતમો છે તમ માથે. ૧૪ ત્રીજો ગટોદ્દગચ્છ ભાઈ આવે, રથ હાંકવા માટે; આપણ ત્રણ વીના કોઇ યોદ્ધા, લેવો નહિ વ્યુહ વાટે. ૧૫ ભીમ કહે ભાઈ વાત ખરી છે, સમજ્યો તેહ તમામ; સહેદેવ નીકુળ મેઘવરણને, બોલાવ્યા તે ઠામ. ૧૬ ભીમ કહે ભાઇ સૈન્યા તેડી, અહીંથી અળગા થાવ; કામ નથી કોઠામાં કોઇનું શીતળ છાંયે જાવ. ૧૭ જયમંગળ મુજ ગજેંદ્રને પણ, રાખો સૈન્યા સાથ; એમ કહીને સાંકળ આપી, મેઘવરણની હાથ. ૧૮ તવ સૈન્યા અળગુ જઇ રાખ્યું, શીતળ છાયા માંય: જયમંગળ ગજ મેઘવરણ લેઈ, ઉભો મોખરે ત્યાંય. ૧૯ ગટોદ્દગચ્છ તવ લગામ એંચી, રથ હાંકયો પુરપાટ; પાણી પંથા પલક એકમાં, હીંડયા હણહણાટ. ૨૦ સંપ કરી ત્રણે જણ સાથે, સુરાતણ શુભ લાવી; પહેલે કોઠે જઈને ઉભા, દ્રોણના સનમુખ આવી. ૨૧ વીશ્રામ—આવી ત્યાં ઉભા રહ્યા, અંતર ક્રોધ અપારરે, વદે મગન અભેમન્યુ કહે, ધીક ધીક દ્રોણાચારરે. ૪૨

કડવું ૪૩ મું—રાગ ક્ષત્રી કલંકનો.

ધીક ધીકરે પ્રપંચી દ્રોણાચાર, હવે તમારૂં આવી પોચ્યુંરે; ન્હોય ન્હોય તમે બ્રાહ્મણ કુમાર, હવે તમારૂં આવી પોચ્યુંરે. ૧ પણ પાળ્યું નહિ બોલેલું તમામ, હવે તમારૂં આવી પોચ્યુંરે; કીધું કપટથી કોઠાનું આ કામ, હવે તમારૂં આવી પોચ્યુંરે. ૨ મારા પીતાજીને મોકલી પાતાળ, હવે તમારૂં આવી પોચ્યુંરે; પછે પ્રપંચની

પાથરી આ જાળ, હવે તમારૂં આવી પોચ્યુંરે. ૩ સાંધ્યો વીસવાસ દઈને આ લાગ, હવે તમારૂં આવી પોચ્યુંરે; નીતિ રીતિ તણો કીધો તમે ત્યાગ, હવે તમારૂં આવી પોચ્યુંરે. ૪ માંડયો યુદ્ધમાં તો મુળથી અધર્મ, હવે તમારૂં આવી પોચ્યુંરે; નથી સમજ્યા હજુ સુધી સ્વ-ધર્મ, હવે તમારૂં આવી પોચ્યુંરે. ૫ બ્રહ્મ કુળમાં લગાડયું એ કલંક, હવે તમારૂં આવી પોચ્યુંરે; ભુંડો દીશે તમ ભવીષ્યનો વંક, હવે તમારૂં આવી પોચ્યુંરે. ૬ કરૂં પુરો બધો નીજ અનમાન, હવે તમારૂં આવી પોચ્યુંરે, આજ ઉતારૂં તમારો અભીમાન, હવે તમારૂં આવી પોચ્યુંરે. ૮ નક્કી ભમે છે તમારે માંથે કાળ, હવે તમારૂં આવી પોચ્યુંરે; સુત સિંહનો ના જાણુશો શીયાળ, હવે તમારૂં આવી પોચ્યુંરે. ૮ ઝાલો ઝાલો હથીયાર હવે હાથ; હવે તમારૂં આવી પોચ્યુંરે; રોળુ રણમાં યોદ્ધાઓ સૌ સાથ, હવે તમારૂં આવી પોચ્યુંરે. ૮ નહિ છોડુ કોઠે થનાર તે થાય, હવે તમારૂં આવી પોચ્યુંરે; વ્યાસ મગન સદાય ગુંણ ગાય, હવે તમારૂં આવી પોચ્યુંરે. ૧૦ વીશ્રામ–આવી પહોચ્યું આપનું, કહે છે પારથ તનરે; વ્યાસ મગન સુખ ઉચરે, વદીયા દ્રોણ વચન રે. ૪૩

કડવું ૪૪ મું—રાગ સાડે તીન પેસે શેર એ.

અલ્યા હંકારી અભીમાની, તારૂં મોત આવ્યુંરે; મોત આવ્યુંરે. તારૂં મોત આવ્યુંરે. અલ્યા. ટેક. તાત ગુરૂની લજ્જા લોપી, વદીયો ભ્રષ્ઠ વચંન; જા જા પાપી પાછો અહીંથી, પલમાં થઈશ પતંન. અલ્યા. ૧ યુદ્ધ કામ વૃદ્ધોનું આતો, નહિ બાળકનું કામ. સીંહની આગળ કહે કેમ ચાલે; શીયાળવાની હામ. અલ્યા. ૨ દ્રોણગુરૂની ધાકે જો લ્યા, ધ્રુજી ઉઠે ધર્ણું; છોકરવેળા શીદ કરે તુજ, માથે આવ્યું મર્ણું. અલ્યા. ૩ આગળ મુજ અપમાન કર્યું છે, તે મુજ મનમાં રીશ; મુકટ માટે આજે તારૂં, છેદી નાખું શીશ. અલ્યા. ૪ શીદ મરે મીથ્યા મુમતમાં, હજુએ મારૂં માન; રાંક બીચારી રાંન રખડશે, વીરાટની સંતાન. અલ્યા. ૫ પરણીને પાધરોજ આવ્યો, ઘડી રહ્યો નહિ ઘેર; કાંકણદોરા છુટયા પેલો, કરવા બેઠો કેર. અલ્યા. ૬ દયા લાવ્ય નીજ દારા ઉપર, કાંક સમજ દીલ સાથ; એ બીચારી શું સુખ પામી, ઝાલી તારો હાથ. અલ્યા. ૭ ઓથ વીના એકલડો આવ્યો, પારથ છે પાતાળ; કોણ ઉગારે આ કોઠામાં, કરીશ તારો કાળ. અલ્યા. ૮ માત તાત તુજ મરણ સાંભળી, મરશે કુટી શીશ; ધર્મ દ્રોપતી કુંન્તા સરવે, મરશે પાડી ચીશ. અલ્યા. ૧૦ બાળક

બુદ્ધિમાં મુજ સાસું, બહુ બરબડયો આજ; અધમ તારી આ અવનીમાં, લુંટાવાની લાજ. અલ્યા. ૧૧ બાણ કારમાં કેમ સેવાશે, કાયા તુજ કીશોર; જ્યાં આગળ હું કરીશ ઝપાટો, જરી ના ચાલે જોર. અલ્યા. ૧૨ લહાણુ નથી લેવાનો અહીંયાં, મુજથી ભીડી બાથ; આમ કેમ કાયર થઇ ઉભો, ઉપાડય પહેલો હાથ. અલ્યા. ૧૩ વીશ્રામ-ઉપાડય પહેલો હાથ તું, વદીયા દ્રોણાચારરે; વ્યાસ મગન કહે તે સમે, કોપ્યો રાજકુમારરે. ૧૪

કડવું ૪૫ મું—રાગ સવૈયાનો.

વૈશમપાયે એણીપેર બોલ્યા, સુણ જનમેજય રાય; વીસ્તારી તુજને સંભળાવું, કોઠા યુદ્ધ મહીમાય. ૧ સીંહ સમી પછી કરી ગર્જના, કોપ્યો રાજકુમાર; વિશ્વાસઘાતી મહા પાપી, ધીક ધીક દરોણાચાર. ૨ પારથને પતાળ મોકલી, કપટે કોઠા કરીયા; ન્હોય ન્હોય એ રીત તમારી, અધર્મને અનુસરીયા. ૩ તે માટે તમે યાદ રાખજો. વાળુ વેર વીશાળ; પારથ હું બીજો પૃથ્વીમાં, કરૂં તમારો કાળ. ૪ યુદ્ધ કામ ક્ષત્રીનું આતો, વીચારો એ વાત; નથી લાડવો અહીં ખાવાનો, ભટ બ્રાહ્મણની જાત. ૫ દરોણ કહે ચુપ ચબાવલા, તું ચડયું ચડયું માં બોલ; અભીમન્યુ કે મારે મન છો, તમેજ તરણા તોલ. ૬ દ્રોણ કહે મદ માથ્યા ધરીને, શીદ બરબડે ન્હોત; અભીમન્યુ કે હવે તમારૂં, આવી પહોંચ્યું મ્હોત. ૭ દ્રોણ કહે લ્યા તાત ગુરૂનું, કેમ કરે અપમાન; લાડુભટ્ટ મુજને ઠેરવીયો, નીચ બુદ્ધિ નાદાન. ૮ તે માટે હું આજે તાહરી, ખબર બરોબર લઇશ; હજુ પગે લાગી વજ્ય પાછો, તોતો જીવતો રહીશ. ૯ અભીમન્યુ કહે એ શું બોલ્યા, ધીક ધીક દ્રોણાચાર; પગે લાગવા જેવું પરોજણ, નીજમાં નથી લગાર. ૧૦ રાવણ હીરણ્યકશીપુ જેવી, બુદ્ધિ બળી તમારી; વીપ્ર વચનથી ભ્રષ્ટ થયા તે, માટે નાંખું મારી. ૧૧ જીવતા જગમાં આજ ન છોડુ, ભુંડા બ્રહ્મકુમાર; જુવો ઝપાટો ક્ષત્રી પુત્રનો, થાવ હવે તૈયાર. સુણી દ્રોણને ધુમ ધુમ વ્યાપી, નખ શીખ સુધી રીશ; પ્રચંડ ધનુષ્ય ઉપાડી કહે છે, છેદું તારૂં શીશ. ૧૨ સામા સામી વાદ વદિ એમ, કોપ્યા અપરંપાર; બળ કરી બન્ને જણુ સાથે, કર્યો ધનુષ્ય ટંકાર. ૧૪ ઉલકાપાત થયો અવનીમાં, ડોલ્યા દશ દીગપાળ; ભુમી કંપ થયો મહા ભારે, ખળભળીયું પાતાળ. ૧૫ કીકીયારી કોઠામાં કીધી, યોદ્ધે ધરી ઉનમાદ; વીધ વીધ વાજાં તર્ત વગાડયાં, કર્યા શંખના નાદ. ૧૬ તેજ સમય બંને જણુ સાથે બાણ કર્યાં સંધાણ. એક

એકના ઉપર મુકયાં, લેવા માટે આણ. ૧૦ દ્રોણગુરૂનો સર છુટયો તે, સન્મુખ આવ્યો દોડી; બાળકના બાણે તે સરને, તરત નાખ્યો તોડી. ૧૮ દ્રોણે તવ અગનાસ્ત્ર મુકયું, બાળ બાળવા ત્યાંય; અભીમન્યુએ વરૂણાસ્ત્ર મુકયું, અગ્નિ સૌ ઓલવાય. ૧૯ તવ દ્રોણે પર્વતાસ્ત્ર મુકયું, ચાલ્યું પર્વત પુર; અભેમન્યુએ વજ્રાસ્ત્ર મુકયું, પર્વત કર્યા ચકચુર. ૨૦ નાગપાસ તવ ગુરૂએ મુકયું, બાળ બાંધવા ત્યાંય; મુકયું કુંવરે ગરૂડાસ્ત્ર તે, નાગને વીણી ખાય. ૨૧ બાણ બધાં એમ નષ્ટ કર્યાં કે, પડી પેટમાં ફાળ; દ્રોણગુરૂને ચીડ ચડી બહુ, અંગે ઉઠી જવાળ. ૨૨ મનમાંહે વીચાર કરે છે, બળીયો કયાંથી બાળ; ગજુ નથી ને કરે ગર્જના, સિંહ સમી વીકરાળ. ૨૩ રણ રક્ષા કુન્તાની જબરી, તે રાખે છે માપ; દ્રોણ બીચારા નથી જાણતા, દોરા તણો પ્રતાપ. ૨૪ એવે દ્રોણ મંત્ર ભણી વળી, સર મુકયો શુભ શાખ; એક બાણના મંત્ર વડેથી, બન્યાં બાણ એક લાખ. ૨૫ મધપુડાની માંખો માફક, છુટયાં તીર તે વાર; અભેમન્યુના અંગે વાગ્યાં, આવી અપરંપાર. ૨૬ ગટોરગચ્છ તે બાણ કહાડીને, હીંમત ઝાઝી આલે; તકે કાકડા તેલે બોળી, છીદ્ર વિશે વળી ઘાલે. ૨૭ ઉત્તમ કામ કરે સારથીનું, મન વરતી રથ હાંકે; બાપ દીકરો બંને સાથે, ભાઇનું ભલું તાકે. ૨૮ ભીમસેન તો રહી રથ પાછળ, મોટી બુમો પાડે; ખબરદાર મારી નાખું કહી, ગરજી ગદા પછાડે. ૨૯ એવે મંત્ર ભણી સર મુકયો, પારથને કુમાર; એક બાણના મંત્ર વડેથી, બનીયાં સાઠ હજાર. ૩૦ વળી દ્રોણના મુકતા પહેલાં, તે મુકે એનાર; બાળકનાં બાણ બમણાં ભાળી, ધ્રુજે દ્રોણાચાર. ૩૧ જોર ભર્યાં જઈ ગુરૂને વાગે, વીંધે સર્વ શરીર; અંગ બનાવ્યું ચારણી જેવું, નીકળે બહુ રૂધીર. ૩૨ શીશોળીયાંના પીંછની માફક, અંગે ચોટયાં બાણ; જેવો મોરને શાહુડી દીસે, તેવા દીસે દ્રોણ. ૩૩ મેઘબુંદ સમ બાણ ભમે છે, કોઠામાં ને બહાર; ધીરજ રહી નહિ દ્રોણ ગુરૂને, દેખી બાણ અપાર. ૩૪ જાણ્યું બાળક છે બહુ બળીયો, મને ચડાવ્યો ચાક; વૃદ્ધપણામાં આજે મારૂં, નક્કી લેશે નાક. ૩૫ વળી મારા કરતાં તેનો, ત્રણ ગણો છે તોર; તેના ભેગું બાપ દીકરો, જબરૂ દે છે જોર. ૩૬ માટે એ બે નષ્ટ કરૂ તો, બાળક એ જીતાય; એવું જાણી દ્રોણગુરૂએ, સાધ્યો તર્ત ઉપાય. ૩૭ બંને સર કાઢયાં ત્યાં સાથે, મુકયાં તેણીવાર. બાપ દીકરો ધરણી ઢાળ્યા, મુર્છાની મોઝાર. ૩૮ પછી ગુરૂએ ધાર્યું હણવા, પારથસુતનું શીશ; અંત સમય મનમાં આદરીયો, કરી કારમી રીસ. ૩૯ કાળજવરનો મંત્ર ભણી જ્યાં, જાય તાણવા તીર; અભેમન્યુ તે ચેતી

ગયો, બળીયો બાવન વીર. ૪૦ જાણ્યું કરશે કાળ ગુરૂજી, સમજ્યો પુરણ સાર; ગુરૂજીના મુકતા પહેલું, બાણ કર્યું તૈયાર. ૪૧ મંત્રયુક્ત કરી માર્યું પછી, દ્રોણ છાતીમાં ત્યાંય; રથ ઉપરથી ફેંકી દીધા, ઢાળ્યા ધરણી માંય. ૪૨ એવે મુર્છા વળી કે ઉઠયો, બાપ દીકરો સાથ; ગટોરગચ્છ રથે બેઠો, ગદા ભીમે ગ્રહી હાથ. ૪૩ મેઘનાદ સમ કરી ગર્જના, કોપ્યો પૃથાકુમાર; દંત પીસી પછી દોટજ મુકી, કોઠાની મોઝાર. ૪૪ યોદ્ધાઓ તવ ભીમને દેખી, પુરણ પામ્યા ત્રાસ; જાણ્યું હવે મરી જવાના, કરતા નાસાનાસ. ૪૫ દ્રોણે પણ જાણ્યું કે કરશે, મારી ઉપર ચોટ; મર્ણ બચાવી મુઠીયો વાળી, દડબડ મેલી દોટ. ૪૬ દ્રોણ દેખી દુરીયોધન બોલ્યો, કેમ નાઠા મહારાજ; દ્રોણ કહે છે બાળક બળીયો, લીધી મારી લાજ. ૪૭ ધરણી ઉપર મુજને ઢાળ્યો, ખાધી પુરણ પછાડ; કાળજ્વર કરમાં રહ્યુંને, ઉલટાં ભાગ્યાં હાડ. ૪૮ દુરીયોધન કહે વાહ ગુરૂજી, જાણ્યા બ્રહ્મકુમાર; બુદ્ધિહીણા બાળકથી શું, છેવટ પામ્યા હાર. ૪૯ રાયગુરૂ બે વાત કરે છે, એવે અભેમાન; કોઠે રથ હંકાવી લાવ્યો, બહાદુર નર બળવાન. ૫૦ અભેમન્યુ કોઠામાં આવી, ફરીયો દ્વારેદ્વાર; દ્રોણગુરૂના યોદ્ધાઓ ત્યાં, માર્યા એક હજાર. ૫૧ વજ્રાસ્ત્રનો મંત્ર ભણી પછી, બાણ મુકયું ભરપુર; પાષાણનો એ પહેલો કોઠો, તર્ત કર્યો ચકચુર. ૫૨ પાયમાલ કોઠો કર્યા કેડે, બોલ્યો બાળક વાણ; શરીરથી આ કહાડો કાકા, બહુ સાલે છે બાણ. ૫૩ ભીમ ગટોરગચ્છ બાણ કહાડે છે, ધાર રૂધીરની ચાલે; કરી કાકડા તેલમાં બોળી, છીદ્ર વિષે તે ઘાલે. ૫૪ બાણ બધાં એમ ખેંચી નાંખ્યાં, મળી બાપ સંતાન; થોડીકવાર પછીથી થયો, અભેમન્યુ સાવધાન. ૫૫ પછી હોંસથી રથ હંકાવ્યો, લક્ષ બરોબર લાવી; જઇ ગોરના સનમુખ ઉભા, બીજે કોઠે આવી. ૫૬

વીશ્રામ—બીજે કોઠે આવીયા, પ્રથમ મેળવી માનરે; વ્યાસ મગન વાણી વદે, ત્રણ જણા બળવાનરે. ૪૫

કડવું ૪૬ મું—રાગ ધનાશ્રી.

બોલ્યા વૈસમપાયે વચન, સાંભળ પરીક્ષિતરાયના તન; ભીમ ગટોરગચ્છ અભેમાન, આવ્યા ત્રણ જણા બળવાન. ૧ ઉભા બીજા કોઠાનીરે બહાર, કૃપાચાર્ય કોઠા મોઝાર; દેખી ભીમ કહે સુણો ગોર, લાડુ ખાંણુ ખાવ છો કે પહોર. ૨ ભટ ભોજનના અધિકારી, ઉભા કોઠામાં શસ્ત્ર શું ધારી; ન્હોય ન્હોય એ તમારો ધર્મ, યુદ્ધ કરવું એ ક્ષત્રીનું કર્મ. ૩ શર્મ આવી ના તમને લગાર, નકી ખાવાના થયાછે

આર; પણ ગોર હમારા છો આપ, તેથી લડતાં લાગે મને પાપ. ૪ માટે ઉભો છું મન વિચારી, તેવડ કરવી મારે તમારી; હજુ જો કદી નાશીરે જાવો, પાપ ના લાગે પ્રાણ બચાવો. ૫ અભેમન્યુ કહે સુણો કાકા, કેમ પાછા પડો થઇ પાકા; રાડય મુકી બનો છો શું રાંકા, આવા શબ્દ વદો છો શું વાંકા. ૬ કોણ ગોર ને કોણ યજમાન, પુરો કરો જેવો અનમાન; યુદ્ધમાં નહિ પુન્ય કે પાપ, લડવા આવી ઉભા આપો આપ. ૭ સંપ શા માટે કરવો આ ઠામ, કરો યુદ્ધનું હવે તો કામ; હતા બળીયા એમના બનેવી, જુવો દશા કરી મેં તો કેવી. ૮ પછી એમનો શો અહીં ભાર, નથી ટકવા દેવાનો લગાર: મારો હાથ હું આજે બતાવું, સંગ છત્રપતિનો છોડાવું. ૯ સુણી ગોર બોલ્યા મુખ વાણી, વીરા શીદ વદો તાણી તાણી; નથી ઉભો હું સુમત આણી, વદુ વાત જરા લ્યો તે જાણી. ૧૦ પાપી પુરણ અંધનો બાળ, ભારે કપટ કીધું ભુપાળ; પહેલો વચને બાંધીરે લીધો, કોઠો પરાણે મુજ માથે દીધો. ૧૧ નથી મારે તમારે કંઇ વ્હેર. કીધી કૌરવે આ બધી પેર; તેથી કોઠે કદી નવ આવું, તોતો વચન ભ્રષ્ટ હું થાવું. ૧૨ તેથી આવી ઉભો છું આ ઠામ, નથી કરવું મારે યુદ્ધ કામ; છતાં યુદ્ધ કર્યા જેવું થાય, જેથી રાજી રહે મન રાય. ૧૩ વળી વચન મુજ સચવાય, એવો બતાવો કાંક ઉપાય; સુણી બોલ્યો વૃકોદર વાણી, બાણ નાંખો ઉંચાં તાણી તાણી. ૧૪ ઠાલેઠાલું જણાવોને જોર, કરો કોઠામાં શોરબકોર; એવું બે ઘડી યુદ્ધ જમાવો, પછી શસ્ત્ર ફેંકી નાશી જાવો. ૧૫ થશે યુદ્ધ વચન સચવાય, બીજો એ વીણ નથી ઉપાય; સુણી ગોર થયા રળીયાત, ઠીક ઉતરી ઉરમાં વાત. ૧૬ પછી લીધું ધનુષ્ય તે વાર, કીધો તર્ત ત્યાં ઘોર ટંકાર; સામસામાં છોડયાં બાણ બળથી, કોઇને વાગે ના મુકે એ કળથી. ૧૭ એવું દૈવત તો ઝાઝુ દાખે, તીર તાણી ઉંચાં ઉંચાં નાંખે; બધાં બાણ ભમે કોઠા બહાર, મધમાંખોની પેઠે અપાર. ૧૮ કીધો કોઠામાં સોરબકોર, જાણે ઝાલ્યું રહેતું નથી જોર; ભેગો ભીમ ત્યાં ઘાંટારે પાડે, ગરજી ગદા એ લોમી પછાડે. ૧૯ એવાં છુટયાં જ્યાં બાણ અપાર, દેખી હરખ્યો એ અંધકુમાર; કહે છે જુવોને મામા શકુની, કોપ્યા કેવા કૃપાચાર્ય મુનિ. ૨૦ બાણ આટલાં બહાર દેખાય, હશે કેટલા કોઠાની માંય; નક્કી કાળ કુંવરનો એ કરશે, તેથી હૃદય મારૂં ઠીક ઠરશે. ૨૧ એવે કોઠામાં થઇ કીકીયારી, ભીમ બોલ્યો ત્યાં વખત વીચારી; ગોર બે ઘડી થઇ ગઈ ધારૂ, હવે યુદ્ધ આટોપો તો સારૂ. ૨૨ નહીં તો મરીશ હું મહારાજ, હવે શરમ નહીં રાખું હું આજ; સુણી શબ્દ કૃપાચાર્ય

ગોર, જરા છેવટ જણાવ્યું જોર. ૨૩ પછી ગરવા થઇનેરે ગાઠા, ફેંકી આયુધ તેતારે નાઠા; કહે છે હાર્યો હુંતો ભાઇ હાર્યો, મને ત્રણે જણે કુટી માર્યો. ૨૪ એમ કહેતા પેઠા કોઠા માંય, જઇ ઉભા જ્યાં કૌરવરાય; દેખી દુભાયો દુરીયોધન, આ શું કામ કીધું મુનીજન. ૨૫ મેં તો મોખરે બ્રાહ્મણ રાખ્યા, તમે દૈવત કાંય ન દાખ્યા; સાળો બનેવી બળીયા અપાર, છતાં બંને જણે ખાધી હાર. ૨૬ તમે બ્રાહ્મણ લાડુ ખાઈ જાણો, એવું બોલ્યો કરી રીસ રાણો; ભોગ લાગ્યા મેં મોખરે મુકયા, ચોટ પ્રથમથી અમે ચુકયા. ૨૭ એવે અર્જુનજીનો કુમાર, પેઠો બીજા કોઠાની મોઝાર; ફરી વળીયો એ દ્વારેદ્વાર, માર્યા યોદ્ધાઓ ત્યાં બે હજાર. ૨૮ પછી બાણુ લીધું એક ત્યાંય, મંત્રયુકત કીધું કરમાંય; મુકયું કોઠા ઉપર કરી સુર, કીધો વજ્ર કોઠો ચકચુર. ૨૯ પછી બોલ્યો રૂડો રણધીર, રથ હાંકો હવે મારા વીર; સુણી ગટોરગચ્છ ગુણવાન, હાકયા રથના હય બળવાન. ૩૦ ત્રીજો કોઠો ત્રાંબાનો છે જયાંય, જઇ ઉભો રાખ્યો રથ ત્યાંય; તે કોઠામાં છે અસ્વત્થામા, ઉભા ત્રણે જણા તેના સામા. ૩૧ વિશ્રામ—સામા ત્રણ જણા ઉભા અસ્વત્થામા જ્યાંયરે; વ્યાસ મગન વાણી વદે, સુણો જન શ્રોતાયરે.

કડવું ૪૭ મું—રાગ આશાવરી.

વૈશંપાયે એણીપેર બોલ્યા, સુણ જનમેજય રાય; વીસ્તારી તુજને સંભળાવું, ત્રીજા કોઠાનો મહીમાય. ૧ ભીમ ગટોરગચ્છ અભેમન્યુ ત્રણ, ત્રીજા કોઠા બહાર; આવી ઉભા તે દેખીને, બોલ્યો દ્રોણકુમાર. ૨ ઠીક થયું અહીંયાં આવ્યો તું, ઓરે અર્જુન બાળ; બે ગઢ જીત્યો પણ આ કોઠે, આવ્યો તારો કાળ. ૩ વૃદ્ધ હતા મુજ તાત ને મામા, તેથી જીત્યો ત્યાંય; તુજ સમોવડ હવે મળ્યો હું, જમપુર કરૂં વીદાય. ૪ વેર વાળું લ્યા મુજ તાતનું, તેં જે કર્યું અપમાન; બ્રાહ્મણનો તેં ભાર ન રાખ્યો, નીચ બુદ્ધિ નાદાન. ૫ તાત ગુરૂ પણ તેં ના માન્યા, ઉલટો વદીયો વાદ; અભીમાની હું તે સૌ તારો, ઉતારૂં ઉનમાદ. ૬ અભેમન્યુ કહે અછકલા શીદ, આગળથી છલકાય; બળ વીનાનો મીથ્યા બોલી, મુરખ શું મકલાય. ૭ નથી ઓળખતો હજુ તું મુજને, તે સૌ લક્ષમાં લાવ્ય; તાત તથા મામા તારાને, જા પહેલો પુછી આવ્ય. ૮ ત્યાર પછીથી તું મુજ સાથે, કર્ય યુદ્ધનો આરંભ; જરી ઝપાટો જોયા વીણ શીદ, દુષ્ટ કરે તું દંભ. ૯ દ્રોણ સરીખા ધરણી ઢાળ્યા, ઘડયો ગોરનો ઘાટ; કહે પછી તું શા લેખામાં, જવાનો જમપુર વાટ. ૧૦ યુદ્ધ કામ ક્ષત્રીનું આતો, નહીબ્રાહ્મણનો ભાર; બ્રાહ્મણભટ લાડુ ખાઈ

જાણે, ત્યાં પડવાનો પાર. ૧૧ અતિપાળ હું ગૌ બ્રાહ્મણનો, થઈ જા હજુ મુજ શર્ણ; નહી માને તો નક્કી આણીશ, મુરખ તારૂં મર્ણ. ૧૨ અસ્વત્થામા કહે શું બોલે, બુધ્ધિ વીનાના બ્હોત; કોઇ નથી સમર્થ સૃષ્ટીમાં, કરવા મારૂં મ્હોત. ૧૩ જો અલ્યા હું ચીરંજીવી છું, માટે મ્હોત ન થાય; ઉમેદ તારી મીથ્યા થાશે, કરતાં ક્રોડ ઉપાય. ૧૪ અભીમન્યુ કહે ઠીક ત્યારે તું, સંભાળી લે શીવ; જોર હવે હું જણાવું મારૂં, જાળવ તારો જીવ. ૧૫ મ્હોત હોય તેવા જનનો તો, સૌકો કરે વીનાશ; પણ વણ મોતે અત્ય બનાવું, એ ચતુરાઈ મુજ પાસ. ૧૬ અસ્વત્થામા કહે ચતુરાઈ તુજ, મુજ આગળ નહી ચાલે; બાણ એક ટકવા ના દેઉં, શીદ મમતમાં મહાલે. ૧૭ એવી રીતે વાદ વધ્યા બહુ, બન્ને જણ બળવાન; સામા સામી સાહી સરાસન, ખેંચી તરત કમાન. ૧૮ બળથી બાણ વછોડયાં સાથે, તે ચાલ્યાં ભરપુર; એક એકના બાણને વાગી, થઇ ગયાં ચકચુર. ૧૯ તવ અસ્વસ્થામાએ, કાઢી મુકયાં પાંચ પ્રમાણ; પારથ પુત્રે તે શર તોડયાં, મુકી એકજ બાણ. ૨૦ અમરે તે દેખી અકળાઇને, સર મુકયો એક ત્યાંય; તેનાં બાણ બની સો સાથે, કોચી કુંવર કાય. ૨૧ કુંવરે તવ મંત્ર ભણી સર, મુકયાં એક હજાર; અસ્વસ્થામાના અંગે પાડયાં, રૂંવે રૂંવે સાર. ૨૨ અમરે તવ ક્રોધ કરીને, મુકયાં બાણ અનેક; ત્રણે જણની કાયા કોચી, હીંમત હાર્યા છેક. ૨૩ અસર એમ પછીથી બોલ્યો, જો લાહુનું જોર; ક્ષત્રીપણું હવે ખોવરાવું, તોડી તારો તોર. ૨૪ અભી-મન્યુ કહે જો અલ્યા મેં, કૃપાચાર્યને દ્રોણ; પલક એકમાં પાછા પાડયા, મુજ આગળ તું કોણ. ૨૫ એમ કહીને મન વીચાર્યું, મહેનત મીથ્યા થાય; અમર મરવાનો નથી માટે, અન્ય કરૂં ઉપાય. ૨૬ એવું જાણી સર કાઢી એક, મંત્ર ભણ્યો તતખેવ; પ્રથમ બ્રહ્મા અગ્રે વીષ્ણુ, મુકયા મધ્ય મહાદેવ. ૨૭ પછીથી પવનાસ્ત્ર શકતીના, મંત્ર ભણ્યા નહી નુન્ય; તેના ઉપર ધર્મ કુંતાનું, પુરણ મુકયું પુન્ય. ૨૮ તે દેખીને અસ્વસ્થામાએ, બાણ કાઢયું ઝટ બહાર; બ્રહ્મા વિષ્ણુ મહાદેવ સરવે, મુકયાં એજ પ્રકાર. ૨૯ વજ્રાસ્ત્ર વળી શકતીનો, મંત્ર ભણ્યો ભરપુર; ભારદ્વાજ તથા બ્રહસ્પતીનું, મુકયું પુન્ય જરૂર. ૩૦ એવામાં તો અભીમન્યુએ, ખેંચી તર્ત કમાન; તાણીને તીર તેજ સમયે, મુકયું મહા બળવાન. ૩૧ તે દેખી અસ્વસ્થામાએ પણ, તાણ્યું તર્ત ધનુષ્ય; શર સામો શર છોડી દીધો, આણી ઉરમાં હુંસ્ય. ૩૨ ચાલ્યા શર વીજળી વેગે તવ, પુરણ થયો પ્રકાશ; યોધ્ધાઓ સૌ જોઇ રહ્યા છે, હાર જીતની આશ. ૩૩ બન્ને બાણ થયાં તે ભેગાં,

બાઝયાં બળથી ત્યાંય; એક એકને આવી વાગે, તડંમ તડાક થાય. ૩૪ એવી રીતે લડતાં લડતાં, ચડયાં ગગન મોઝાર; હાર જીતની વાટ જુવે છે, બળીઆ બે કુમાર. ૩૫ રખેજ મ્હારૂં બાણુ હારશે. કરતા બેઉ ઉચાટ; એવામાં એ બ્રહ્મ બાણુતો, ઉછળીયું પુરપાટ. ૩૬ શત્રુના સર સામું તેણે, કર્યું જોરથી આવણુ; કુંવર કેરા સરને છેદી, કટકા કીધા ત્રણુ. ૩૭ તે દેખી યોદ્ધાઓ બોલ્યા, વીર અમર શાબાસ; પણુ ભીમ ભત્રીજા આદી, તે તો થયા ઉદાસ. ૩૮ એવામાં વળી અસ્વસ્થામા, મરડી બોલ્યા મુચ્છ; જો અલ્યા મુજ બાણુની આગળ, બાણુ થયું તુજ તુચ્છ. ૩૯ એવો શબ્દ શુણી અભીમન્યુને, દીલમાં લાગ્યું દુઃખ; એવે ત્રણુ કટકા કોઠામાં, આવી પડયા સનમુખ. ૪૦ તેમાંનો જે વિષ્ણુ કટકો, છટકયો તેણી વાર; અમરને અદ્ધર ઉઠાવી, ચડયો ગગન મોઝાર. ૪૧ તે દેખીને ત્રણુ જણાયે, કીધો શોર બકોરઃ તાળી પાડી કરી હેકારી, જણુવી ઝાઝું જોર. ૪૨ અમરના યોદ્ધાઓને તવ, પડીયો ઝાઝો ત્રાસ; ધણી વીનાનાં ઢોરાં માફક, કરતા નાસા નાસ. ૪૩ પણુ પેલો વીષ્ણુનો કટકો, જે છે ગગનની માંય; તેણે અમરને ચાક ચડાવી, ફેંકી દીધા ત્યાંય. ૪૪ જોર ભર્યો કોઠામાં જઇને, પડયો તાતની પાસઃ તેને દેખી દુરીયોધન મન, અતિ થયો ઉદાસ. ૪૫ ક્રોધ કરી પછી કહેવા લાગ્યો, ધીક ધીક બ્રાહ્મણુ ભાઈ; ભેડય મેળવ્યું મુળથી મારૂં, લંપટ લાડુ ખાઇ. ૪૬ કીંચીત કામ કર્યું નહીં કોઠે, બળી તમારી બુધ; બ્રાહ્મણુ ભટ લાડુ ખાઈ જાણે, કયાંથી આવડે યુદ્ધ. ૪૭ હવે ઝપાટો જુવો ક્ષત્રીનો, બાળકના શા ભાર; રણુ કોઠામાં રોળીશું એ, નક્કી રાજકુમાર. ૪૮ કરણુ પણુ ત્યાં કહેવા લાગ્યો, બ્રાહ્મણુ હાર્યા હોડ; પણુ જોજ્યો હું જરૂર કુંવરના, કરીશ કટકા ક્રોડ. ૪૯ એવામાં ત્યાં અભીમન્યુએ, સર કાઢયું એક બહાર; મંત્ર ભણી કોઠામાં મુકી, હણીયા યોદ્ધા અપાર. ૫૦ ત્યાર પછી સર વજ્રાસ્ત્રને, મુકયું કોઠ માંય; ત્રાંબાગઢને ગરગડાવી, તોડી પાડયો ત્યાંય. ૫૧ પછી પોતાનો રથ હંકાવી, ચાલ્યો રાજકુમાર; કાકા ભાઈ સાથે જઈ ઉભો, ચોથા કોઠા બહાર. ૫૨ કરણુ આવી ઉભો એ કોઠે, સુર્ય તણો સંતાન; કુંવરને તે કહેવા લાગ્યો, આવ્ય હવે નાદાન. ૫૩

વીશ્રામ—આવ્ય હવે નાદાન તું, ઓરે અર્જુન બાળરે; વદે મગન ત્યાં કરણુ કહે, કરીશ તારો કાળરે. ૯૭

કડવું ૪૮ મું—રાગ ધનાશ્રી.

બોલ્યા વૈસમ્પાયન વચન, સાંભળ પરીક્ષીતરાયના તંન; કહે

કર્ણ કરીશ હું કાળ, બળ મારૂં દીઠું નથી બાળ. ૧ તાત તર્ફડે તારો મારાથી, કેમ ટકી શકાશે તારાથી; નથી જાણતો કે છું હું કેવો, કાકો કરણ કાળના જેવો. ૨ બ્રાહ્મણ જીત્યો તેવું બધે ભાળે, એવું જાણીશ નહીં કોઇ કાળે; પછી કહેશે કહ્યું નહોતું પહેલું, જો જે જીવતો હું નહી મેલું. ૩ સુણી બોલ્યો અભેમન્યુ ભ્રાત, અલ્યા જાણું બધી તારી વાત; સુત પારથનો નથી છાંનો, દાસી દીકરો દેખું સદાનો. ૪ નથી યુદ્ધે તારો અધીકાર, લુંડ લંપટ લાજ્ય લગાર; અલ્યા શું કહેવરાવે છે ઝાઝું, તારા સામો હું લડતાં લાજું. ૫ છતાં આશા તારી પુરી પાડું, દ્વાર જમનાં આજ દેખાડું; સુરા સીંહ તણો છું હું બાળ, કરૂં શીયાળવા તારો કાળ. ૬ સુણી કર્ણ તણા બેકુમાર, તકે બોલી ઉઠયા તેણીવાર; ચંદ્રકેતુ અને વર્ષકેતુ, કહે છે જોર ઝાલ્યું નથી રહેતું. ૭ પિતા તમે ઉભા રહોને આમ, અમને યુદ્ધ કરવા ઘો આ ઠામ; કહે કરણ સુણો મુજ બાળ, સીંહ સુત છે એ વીકરાળ. ૮ બાળ બોલ્યા થઇ આકળા ભુત, જાણ્યા અમને શું શીયાળ સુત; તમે ધારો છો અમનેરે કેવા, નથી શું અમો બે એના જેવા. ૯ ત્યારે કર્ણ કહે મરજી તમારી, જોજ્યો વીરા જતા પછે હારી; જોજ્યો બોળતા બાપનું નામ, કરો સાચવીને સંગ્રામ. ૧૦ એમ કહી રથ કોરાણે રાખ્યો, એવે ભીમને કુંવરે ભાંખ્યો; કાકા કોરાંણે ઉભા રહો તમે, એના સામા લડીશું બે અમે. ૧૧ જો એ લડવા આવે કરણ જ્યારે, ગદા લઇ તુટી પડવું તમારે; ભીમ કહે છે વીરા ખરેખાત, ન્યાય નીતિ તણી છે એ વાત. ૧૨ એમ કહી ભીમ ઉભો કોરાણે, બોલ્યા કરણ કુમારો તે ટાંણે; બહુ બોલે ચડયું ચડયું બોત, માટે આવ્યું હવે ત્હારૂં મ્હોત; અમ તાતની નીંદ્યા તેં કીધી, નાથ ઘાલીશું નાકજ વીંધી. ૧૪ નથી દીઠા અમારા તેં હાથ, ભીડી બળીયા સંગાથે બાથ; સુણી બોલ્યો ત્યાં રાજકુમાર, અલ્યા હાથમાં લ્યો હથીયાર. ૧૫ પછી પુરણ પરીક્ષારે થાશે, હાથ મારા તમારા જણાશે; એવી રીતે વધ્યા બહુ વાદ, અન્યો અન્ય ધરી ઉનમાદ. ૧૬ પછી લીધાં ધનુષ્ય ને બાણ, કર્યાં સર સનમુખ સંધાણ; તીર તાણી તાંણી તેતો નાંખે, જરી દીલે દયા નવ રાખે. ૧૭ વીર એ બાણ મુકેરે ત્યાંય, એનાં વીસહજાર બાંણ થાય; મુકે તીર એક અર્જુનકુમાર, તેનાં થાય છે ચાલીસ હજાર. ૧૭ તે તો પાડે રૂંવે રૂંવે સાર, ગભરાયા ત્યાં કર્ણકુમાર; પછી અભેમન્યુએ બે બાણ, મંત્રયુક્ત કર્યાં નીરવાણ. ૧૯ તે તો છોડી દીધાં સરસીધાં, એને અવળે હાથ બાંધી દીધા; નાંખ્યા રથેથી ભોમીની માંય. રથ ભાગી નાંખ્યા પછી ત્યાંય. ૨૦

કર્ણ કોપ્યો તે દેખી અતીશે, નામબોળુ એ દીકરા દીસે; એવું જાણીને ધનુષ્ય ચડાવ્યું, બાણ ગરૂડાસ્ત્રનું અડાવ્યું. ૨૧ મુકી બાળકને છોડી દીધા, પછી રથમાં બોલાવી લીધા; ભેગા ત્રણે જણા થયા જ્યારે, યુદ્ધ આરંભ્યું તે સમે ભારે. ૨૨ કર્ણ કોપ્યો કુંવર પર જેવો, સામો કોપ્યો વાયુ તન તેવો; કરી ગર્જના ગદારે લીધી, દોટ કોઠે કરણ સામી દીધી. ૨૩ કર્ણે જાણ્યું લેશે મારો પ્રાણ, માર્યું ભીમને મોહાસ્ત્રનું બાણ; પડયો ભીમ ભોમીની મોઝાર, દેખી માયાવી કોપ્યો અપાર. ૨૪ કરી ગર્જના પાડી ત્યાં ચીસ, રથેથી ઉછળ્યો આણી રીશ; કર્ણે જાણ્યું કે જુલમ કરશે, પ્રાણ પલકમાં મુજ હરશે. ૨૫ તેથી બાણ એણે એક લીધું, મંત્રી મોહાસ્ત્ર મુકી દીધું; વાગ્યું માયાવીને આવી જ્યાંય, પડયો એ પણ મુર્છાની માંય. ૨૬ બાપ દીકરો પડયા બે ભાન, નથી એકેને શુદ્ધ કે સાન; દેખી કુંવરને ક્રોધ ચડીયો, કોપી ત્રણે ઉપર તુટી પડીયો. ૨૭ મારે ઉપરાછાપરી બાણ, મેઘ આષાડી બુંદ પ્રમાણ; કોપ્યો કરણ ત્યાં અપાર, મારે ચોકસ બાણનો માર. ૨૮ કોચી નાખી કુંવરની કાયા, અતિ અંગમાં સર ભરાયા; દીસે શાહુડી જેવું શરીર, છુટે અંગથી ઝાઝુ રૂધીર. ૨૯ તોયે કર્ણ દયા નવ ધારે, બાણ ઉપરા ઉપરી મારે; હામ અભેમન્યુ તવ હાર્યો, એવે સર વળી એક માર્યો. ૩૦ તેથી અભેમન્યુ લડથડીયો, રથેથી ઉછળી હેઠે પડીયો; દેખી રથેથી કર્ણ ઉતરીયો, પ્રાણ પુત્રનો લેવા પરવરીયો. ૩૧ આવ્યો અભેમન્યુ પાસે ચાલી, લાવ્યો હાથમાં ફરસી એ ઝાલી; અભેમન્યુ પડયો છે જ્યાં હેઠો, એની છાતી ઉપર ચડી બેઠો. ૩૨ પછી બોલ્યો ફરસી ઉગામી, અલ્યા સંભાળી લે જગ સ્વામી; કોઈ દહાડો કહ્યો નથી કાકો, આજ દાવ મળ્યો મને પાકો. ૩૩ દાસી દીકરો કહી કહી બોલાવે, તે વેર વાળુ બધું હાવે; છતાં કાકા કહે જો તું પહેલું, તોતો જરૂર જીવતો મેલું. ૩૪ અભેમન્યુએ વિચાર્યું એવું, અણી મોતની ઉગારી લેઉં; કાકો કહેવામાં મારૂં શું જાશે, સમો સંકટનો સચવાશે. ૩૫ અણી ચુકયો તે સો વર્ષ જીવે, એવું ધારી લીધું દીલ દીવે; ગઇ તક તે વિપ્ર ન વાંચે, વળી વિચાર્યું એ ખરી ખાંચે. ૩૬ પછી બોલ્યો સમે શબ્દ પાકા, કહે છે શું કહોછો કરણ કાકા; એવું કહેતાં ખુશી થયો કરણ, ચટ છાતીથી ઉતર્યો ધર્ણ.૩૭ કાકો કીધો તેથી દયા ધારૂં, જાજા છોકરા હું નહિ મારૂં; એમ કહીને થયો તે વિદાય, જઈ ચડયો રથની માંય. ૩૮ એવે ઉઠયો ત્યાં અભેમાન, બેઠો રથે થઈ સાવધાન; ત્યારે કરણ બોલ્યો વચન, અલ્યા સાંભળ પારથ તન. ૩૯ ટેક તારો મેં આજ તોડાવ્યો, કેવો કાકો

મેંતો કહેવડાવ્યો; સુણી અભિમન્યુ બોલ્યો વાણી, ક્રોધ અતિ કરણ પર આણી. ૪૦ કહે છે સાંભળ દાસી કુમાર, શીદ ગર્વ કરે તું કુમાર; અલ્યા કાકો કહ્યો કેવો મેંતો, તેનો ભેદ જાણ્યો નથી તેંતો. ૪૧ માટે સાંભળ તે કહું વાત, પહેલો કાકો તે બાપનો ભ્રાત; બીજો કાકો જે તાતનો મીત્ર, ત્રીજો કાકો પાડોશી પવિત્ર. ૪૨ ચોથો ગામમાં ઘરડો ગણાય, તેને કાકા કહી બોલાવાય; વળી વૃદ્ધ નોકર નીજ ધામ, કાકો પાંચમો એતો ગુલામ. ૪૩ એવા કાકા છે પાંચ પ્રકાર, જરા સમજ દાસી કુમાર; કરણ કહે તેમાં કાકો હું કેવો, કુંવર કહે તું ગુલામ કાકા જેવો. ૪૪

વીશ્રામ—અભિમન્યુએ તે સમે, કાકો કહ્યો ગુલામરે; વ્યાસ મગન વાણી વદે, કરણ કોપ્યો તે ઠામરે. ૪૮

કડવું ૪૯ મું—રાગ સવૈયાનો.

વૈશમપાયન એણીપેર બોલ્યા, સુણ જનમેજય રાય; વિસ્તારી તુજને સંભળાવું, ચોથા કોઠાનો મહીમાય. ૧ કુંવરનો એમ શબ્દ સાંભળી, ચડી કરણને રીસ; કહે છે જીવતો હવે ન મેલું, છેદુ તારૂં શીશ. ૨ ચંદ્રકેતુ ને વર્ષકેતુ કહે, પ્રથમ બગાડયું બાપ; મોત કર્યા વીણ મુકી દીધો, ખાધી એ ભુલ્ય આપ. ૩ જીતી બાજી જરૂર હાર્યા, માટે બડબાડે બાળ; કરણ કહે ડરશો નહિ દીકરા, કરીશ હવે હું કાળ. ૪ એમ કહી ધનુષ્ય ઉપાડયું, કોપ્યો અપરંપાર; અભિમન્યુને બાણ તણો તવ, દેવા માંડયો માર. ૫ મંત્રયુકત કરીને તેતો, મુકે બાણ વીવેક; એક બાણના મંત્ર વડેથી, થતાં બાણ અનેક. ૬ અભિમન્યુ પણ ઉધું ઘાલી, તાણી મારે તીર; સર શત્રુનાં તોડી નાખે, બળીયો બાવનવીર. ૭ ચંદ્રકેતુ ને વર્ષકેતુ પણ, મુકે બળથી બાણ; બંને ભાઇઓ અભિમન્યુનો, લેવા ધારે પ્રાણ. ૮ અભિમન્યુએ વિચાર કીધો, હાર્યા કરણ કુમાર; તોયે પાપી લડવા લાગ્યા, લાજે નહિ લગાર. ૯ એવું જાણી સર એક કાઢયું, ભાથામાંથી બહાર; કાળીજવરનો મંત્ર ભણીને, તર્ત કર્યું તૈયાર. ૧૦ તાણી તીર પછીથી મુકયું, કરી કારમી રીસ; ચંદ્રકેતુનું ચડપ લઇને, છેદી નાખ્યું શીશ. ૧૧ બાણ વળી એક બીજું લીધું. કીધું પવન સમાન; મુકી દીધું ચાલ્યું સીધું, આવ્યું મહા બળવાન. ૧૨ વર્ષકેતુને તે જઈ વાગ્યું, અદ્ધર ઉસડયો ત્યાંય; ગગને ચડાવી ફેંકી દીધો, પડયો જઇ ગજપુર માંય. ૧૩ ત્યાં આગળ કોઇ સેવકોએ, દીઠો કરણ કુમાર; ધૃતરાષ્ટ્રની પાસે લાવ્યા, આણી એમ અપાર. ૧૪ રાજાએ ત્યાં રણુભોમીની, પુછી વાત

તમામ; પછી પુત્રને રોકી રાખ્યો, કરવા ત્યાંનું કામ. ૧૫ કોઠામાં હવે અભિમન્યુ કહે, સાંભળને ઓ કર્ણ; ઉંધુ ઘાલી યુદ્ધ કરે શું, પુત્ર પામ્યા તુજ મર્ણ. ૧૬ કરણે તવ પાછળ જોયું, દીઠા નહીં એ બાળ; અરે પાપીએ પુત્ર તણોશું, દીશે કીધો કાળ. ૧૭ એવું જાણી બહુ રીશ આણી, ક્રોધે ચડીયો કર્ણ; અધર્મિ હવે યાદ રાખજે, કરૂં હું તારૂં મર્ણ. ૧૮ વેર વાળું હવે મુજ પુત્રોનું, પુરણ પ્રગટી દાઝ; પારથને હવે મારા જેવો, કરૂં વાંઝીયો આજ. ૧૯ એમ કહી લઢવા લાગ્યો તવ, તાંણી મારે તીર; એજ વખતે અભીમન્યુનું, કંપી ઉઠ્યું શરીર. ૨૦ રૂવે રૂવે સાર પડયાં બહુ, નીકળે છે રૂધીર; ડોળા બે ડગડગવા લાગ્યા, નયણે ચાલ્યુ નીર. ૨૧ એવામાં ઇશ્વર ઇચ્છાથી, બાપ દીકરો સાથ; મુર્છામાંથી ભીમ ગટોદ્ગચ્છ, ઉઠયા મરડી હાથ. ૨૨ પછી કુંવરના સામું જોયું. પડી પેટમાં ફાળ; જાણ્યું હવડાં જરૂર કરણ એ, કરશે વીરનો કાળ. ૨૩ ભીમ કહે તવ ગટોદ્ગચ્છને, જોઇ રહ્યા શું ભ્હોત; બળ બુદ્ધી કયાં બળી ગઇ ત્હારી, કર પાપીનું મ્હોત. ૨૪ ગટોદ્ગચ્છ કે પીતા મ્હારા, જુવો હવે મુજ પેર; રંડાવું રાણી એની, મંડાવું મોકયેણ ઘેર. ૨૫ એમ કહીને ચડયો ગગનમાં, કરી ગર્જના ઘોર; વાદળ વા વંટોળ બનાવી, જણવ્યું ઝાઝું જોર. ૨૬ પછી ઓચિંતો હેઠો પડીયો, કરી હોકારો ત્યાંય; કરણનો રથ માંથે લઇને, ગયો ગગનની માંય. ૨૭ કરણે જાણ્યું કોણ તળે છે, જોયું વળીને આમ; ભુંડું ગટોદ્ગચ્છીયું ભાળી, હાર્યો હામ તમામ. ૨૮ જરૂર મારો જીવ લેશે તે, માટે કરૂં હું કાળ; ફરસી કાઢી મયો મારવા, તવ ચેત્યો એ બાળ. ૨૯ ત્યારે રથને ચાક ચડાવી, ફેંકી દીધો ત્યાંય; દ્રોણ ગુરૂની પાસે જઇને, પડીયો કોઠા માંય. ૩૦ અતી રથી સૌ એ ઠેકાણે, કરી રહ્યા એમ વાત; કરણે યુદ્ધ ટકાવ્યું છે તે, કરશે કુંવરની ઘાત. ૩૧ એવામાં તો કરણ પોતે, નીકળ્યો રથની બ્હાર; તે દેખીને વીસ્મય પામ્યો, અંધ તણો કુમાર. ૩૨ તકે દ્રોણ ત્યાં બોલી ઉઠયા, શુણ દુર્યોધન ભ્રાત; કરણ કુંવર જો જીતી આવ્યો, ધન્ય ધન્ય ક્ષત્રી જાત. ૩૩ દુર્યોધન કે ગધે લીંડે, જો કદી પાપડ થાય; અડદનો કોઈ ભાવ ન પુછે, જરૂર જગની માંય. ૩૪ તેવી રીતે પ્રધાનથી જો, થાય યુદ્ધનું કામ; રાય તણો કોઇ ભાવ ન પુછે, કરે એ કામ તમામ. ૩૫ પણ બોલ્યો હવે ગુરૂજી હુંતો, કરીશ કાળો કેર; મારે કોઠે પારથ તનને, જરૂર મારૂં હું ઠેર. ૩૬ કરણ કહે વીર છત્રપતિનું, શીદ કરે અભીમાન; અભિમાન કરવાથી મુવા, મારા બે સંતાન. ૩૭ દુરીયોધન કે નશીબ ત્હારૂં, માટે મુવા કુમાર; મુજ

બાપના જુતીએ મારી, પણ પામ્યો કેમ હાર. ૩૮ સુણી કરણને ખોટુ લાગ્યું, રાય સ્વારથી આપ; મારા જેવું એનું થાજ્યો, દીધો કળકળી શ્રાપ. ૩૯ ગટોદ્દગચ્છ હવે ઉતર્યો હેઠો, ગગનેથી તે ઠામ; રથ હાંકવા આવી બેઠો, લીધી હાથ લગામ. ૪૦ એવે અભીમન્યુએ મુકયાં, કોઠામાં બહુ બાણ; બાકી રહેલા યોદ્ધાઓના, પલમાં લીધા પ્રાણ. ૪૧ પછી બાણ એક વજ્રાસ્ત્રનું, મુકયું કરીને સુર; ચોથો કોઠો ચાંદીનો એ, તરત કર્યો ચકચુર. ૪૨ હવે વીરા રથ આગળ હાંકો, બોલ્યા અર્જુન બાળ; એજ વખતે પાતાળ અંદર, પડી પ્રભુને ફાળ. ૪૩ રથ હાકનારો છે ત્યાં સુધી, મરશે નહીં અભેમાન; માટે લાવ્ય વખુટો પાડુ, માયાવી બળવાન. ૪૪ તેથી પ્રભુએ બન્ને જણને, મુકયો ત્યાં અહંકાર; ગર્વ કરી તવ ગટોદ્દગચ્છ, બોલ્યો તેણી વાર. ૪૫ કહેછે વીરા સૌના કરતાં, બહુ બળીયો એ કર્ણ; હું ગગને ના લઈ ગયો હોત તો, કરત એ ત્હારૂ મર્ણ. ૪૬ અભીમન્યુ કે જા જા ગાંડા, સકટ તળે જેમ સ્વાન; ભાર બધો મારે માથે એમ, તું શીદ કરે અભીમાન. ૪૭ ગટોદ્દગચ્છ કે મુરખ મુજને, સ્વાન ઠેરવે આપ; રથ ત્હારો હવે હાકુ તો મને, બ્રહ્મહત્યાનું પાપ. ૪૮ એમ કહીને રાસ પરોણો, ફેંકી દીધો ત્યાંય; ચોથા કોઠેથી રીસાઇને, ગયો એ સૈન્યા માંય. ૪૯ ભીમ કહે અભીમન્યુ વીરા, ખોટુ થયું આ ઠામ; વીરાથી વીખવાદ કર્યો કોણ, કરશે સારથી કામ. ૫૦ અભીમન્યુ કે કાકા મ્હારા, શીદ હારો છો હામ; જુવો આ મારો પગ અંગુઠો, કરશે એનું કામ. ૫૧ એમ કહીને પગ અંગુઠે, બાંધી તર્ત લગામ; ડીચકારીને અશ્વો હાકયા, મર્દ ન મુકયો માંમ. ૫૨ કાકો ભત્રીજો એ આવ્યા, હાથ ગ્રહી હથીયાર; લાવીને રથ ઉભો રાખ્યો, પાંચમા કોઠા બ્હાર. ૫૩

વીશ્રામ—પાંચમા કોઠા બારણે, આવ્યો પારથ તંનરે; વ્યાસ ભગન વાણી વદે, ત્યાં છે દુરીયોધનરે. ૪૯

કડવું ૫૦ મું—રાગ આશાવરી.

વૈશમ્પાયન એણીપેર બોલ્યા, સુણ જનમેજયરાય; વીસ્તારી તુજને સંભળાવું, કોડા યુદ્ધ મહીમાય. ૧ પાંચમે કોઠે પુરણ પાપી, ઉભો દુરીયોધન; લાડકવાયો લક્ષમણો છે, સાથે તેનો તંન. ૨ સામા ઉભા ભીમ અભેમન્યુ, કરી લાલ લોચન; તે દેખી દુરીયોધન બોલ્યો, વસમાં વીખ વચન. ૩ સાંભળને ઓ મુળથી આડા; જાડા પાડા ભેમ; હજુ સુધી તું મ્હારો ભોમીયો, નથી થયો શું કેમ. ૪ ઘણીકવાર મેં

જાવા દીધો, નહી ભુલ્યો હોય ભ્રાત; માટે હું આજે નહી છોડુ, કરૂ ગર્વિ તુજ ઘાત. ૫ પણ લાવ્યો શું કરવા સાથે, નાનકડો આ બાળ; ગજા વીનાનો ઘડાઇ જાશે, થાશે તેનો કાળ. ૬ માટે મોકલ પાછો અહીંથી, સમજાવી સીબીર; કહીશ પહેલું કહ્યું ન્હોતું લ્યા, કરીશ વાંઝીયો વીર. ૭ ભીમસેન તે ક્રોધ કરીને, બોલ્યો પીસી દંત; હવે અધરમી રહે તુ છાનો, આવ્યો તારો અંત. ૮ જો અલ્યા અભીમન્યુને તું, કહેછે નાનું બાળ; પણ એનો છે વૃદ્ધ સમોવડ, કરશે તારો કાળ. ૯ નથી ઓળખતો હજુ તું એને, સુરા સિંહની જાત; દ્રોણ ગોર અશ્વસ્થામા કર્ણને, પુછ પહેલી જઇ વાત. ૧૦ પછી આવ્ય યુદ્ધ કરવા સામો, ઓરે દુરીયોધન; તારા પાપે થાવા બેઠુ, કૌરવ કુળ પતન. ૧૧ પ્રકટયો છુ તું મુળ પાપનું, ચડશીલા ચંડાળ; જીંદગી આખી ગઈ ઝેરમાં, અરે અંધના બાળ. ૧૨ કુડાં કૃત્ય કર્યાં કોટીધા, લેશ ધરી નહી લાજ; એ બધી ભરાઈ રહી છે, બહુ દહાડાની દાજ. ૧૩ અભીમન્યુ કે કાકા મારા, નકટો છે નર નાથ; વાંક વધાથી શું વળવાનું, એ શઠની સંગાથ. ૧૪ કૌરવ કુળમાં કુલાંગાર છે, લંપટ લુંડ લબાડ; શાંઢ સુત મીથ્યા અભીમાની, ઝેર તણું એ ઝાડ. ૧૫ માટે મુળથી કુરોજ છેદન, ધરી હથીયારો હાથ; થયો હવે નકી મરવાનો, દુષ્ટ દીકરા સાથ. ૧૬ એવા શબ્દ સુણી લક્ષ્મણને, ચડી હળાહળ રીસ; વંઢળ સુત હવે રહે છાનો, છેદીશ ત્હારૂ શીશ. ૧૭ અભીમન્યુ તવ હશીને બોલ્યો, જાણું તારી જાત; સ્વાન ભસંતુ કદી ન કરડે, વીચારી જો વાત. ૧૮ તવ લક્ષ્મણ કહે દુરીયોધનને, ઓરે મારા બાપ; બુદ્ધીહીણો બહુ બોલે છે, જોઇ રહ્યા શું આપ. ૧૯ નકટાએ તમ નીંધા કીધી, માટે વાળો વ્હેર; હાથ ચડેલા હવે ન છોડો, ઠોકી પાડો ઠેર. ૨૦ જરૂર જમપુરી પોચાડો, અન્ય વાત પશ્ચાત; અભીમન્યુને હું મારૂ, તમે કરો ભીમની ઘાત. ૨૧ દુરીયોધન કે શાબાશ બેટા, તું હણ પારથ તંન; જા હું ભીમને જરૂર દેખાડુ, આજે સ્વર્ગ સદન. ૨૨ ભીમ કહે તવ અભીમન્યુને, સાંભળ મારા બાળ; દુરીયોધનને હું મારૂ, તું કર લક્ષ્મણનો કાળ. ૨૩ અભીમન્યુ કે કાકા મારા, એના તે શા ભાર; એ પરમાણે સામા સામી, કીધા તર્ત કરાર. ૨૪ એવામાં દુરીયોધન ઉતર્યો, રથ પરથી ચડી ચોટ; કમર કશી ધશી ભીમ સામી, દડબડ મેલી દોટ. ૨૫ ભાળી ભીમે કરી ગર્જના, જ્યમ મેઘનો નાદ; દુરીયોધન તવ સામો દોડયો, અતી ધરી ઉનમાદ. ૨૬ બન્ને સામા સામી આવ્યા, પ્હોળા રાખી હાથ; એક એકને આવી બાઝ્યા. બળે ભીડાવી બાથ. ૨૭ બાથમ

બાથ કરે પરસ્પર, અંતર ક્રોધ અપાર; ગડદા પાટુ ઢીંચણુ કોણી, દેવા માંડયો માર. ૨૮ બુમો પાડે બળ દેખાડે, રીસ કહાડે ભરપુર; ભોંય પછાડે ચાકી ચાડે, હાડ કરે ચકચુર. ૨૯ મદમાતા માતંગ સરીખા, ખરેખરા એ ખાંટ; એક એકનો લાગ તપાશી, મારે તર્ત ગુલાટ. ૩૦ આમ તેમ આખડતા પડતા, વઢતા બંને વીર; શીશે ચઢતા છાતી છડતા, બડબડતા રણુ ધીર. ૩૧ દુરીયોધન તો મુષ્ટી મારે, દયા વીના દીલ સાથ; ભીમસેન જીલે વજ્ર પાસે, ઉલટો ભાગે હાથ. ૩૨ ભીમસેન તવ વજ્ર પાસે, ધશીને મારે ધીક; દુષ્ટને આવે ઉભા પાંસળે, ઓચંતાની હીક. ૩૩ એવામાં ત્યાં દુરીયોધને, ઝાલ્યો ભીમનો ચર્ણુ; ઓચંતાનો અદ્ધર ઉચકી, તર્ત પછાડયો ધાર્ણ. ૩૪ પછે ચડી બેઠો છાતીપર, ઘાલ્યો ગળામાં નખ; હાથ પગો તરફડવા લાગ્યા, ચડયાં ઉંચાં ભીમ ચખ. ૩૫ દુરીયોધન તવ રીશ કરી કે, સાંભળ શત્રુ આજ; હવે ન મેલુ જીવતો તુજને, કહાડુ મારી દાઝ. ૩૬ ભીમસેન તવ હીમત હાર્યો, બની ગયો બહુ બ્હોત; મનની અંદર એવું જાણ્યું, આવ્યું મ્હારૂ મ્હોત. ૩૭ એવામાં અભેમન્યુ લક્ષ્મણ, તે પણ કરતા યુદ્ધ; એક એકને બાણુજ મારે, ચલવી ઝાઝી બુધ. ૩૮ પણ અભીમન્યુના લેખામાં, લક્ષ્મણ નથી લગાર; ગમત જોવા ખીલાવે છે, કાકાનો કુમાર. ૩૯ એવામાં ત્યાં ભીમના સામુ, જોયું પારથ તન; કાકા ઉપર ચડી બેઠેલો, દીઠો દુરીયોધન. ૪૦ તે દેખીને અભીમન્યુ ત્યાં, કોપ્યો અપરમપાર; આને પુરો પાડી પછે જઈ, કરૂ કાકાની વ્હાર. ૪૧ એવું જાણી ઓચંતાની, કરી કારમી રીસ; કાળજ્વરનો સર મુકી ચટ, છેદ્યુ લક્ષ્મણ શીષ. ૪૨ તે દેખ્યુ દુરીયોધનરાયે, પડી પેટમાં ફાળ; અરે હાય મુજ દીકરો માર્યો, કરૂ એનો હું કાળ. ૪૩ એવું જાણી ભીમને મુકી, જઇ બેઠો રથ માંય; ધનુષ્ય ઉપાડી લડવા લાગ્યો, અભીમન્યુને ત્યાંય. ૪૪ તેજ સમય ભીમે તરત ઉઠી, દડબડ મેલી દોટ; આવી દુરીયોધનના રથને, ઉપાડયો ચડી ચોટ. ૪૫ રથ માથે લઇ ઘુમવા લાગ્યો, ટીંગળતા તોખાર; હાહાકાર હવો તે ટાંણે, કોઠાની મોઝાર. ૪૬ અભીમન્યુએ મુકયું હેવે, પવનાઅનુ બાણ; દુરીયોધન સુદ્ધાં રથ ફેંકયો, પડયો જઈ જ્યાં દ્રોણ. ૪૭ ઘણા જણોનો ઘાંણ વળ્યો ત્યાં, છુંદઈ ગયાં શારીર; દુરીયોધન રથ બ્હાર નીકળ્યો, નયણે ભરતો નીર. ૪૮ તવ ગુરૂ કે કેમ જીતી આવ્યો, રાય વદ્યો તે વાર; મહારાજા શું જીતુ એણે, માર્યો મુજ કુમાર. ૪૯ સુણી કરણુ કે નશીબ તારૂ, માટે મુવો કુમાર; મુજ બાપના બુતીએ મારી, પણ પામ્યો કેમ હાર. ૫૦ દુરીયોધન કે શીદ દે છે બાઇ,

દાઝ્યા ભેગો દામ; ડાગ નથી વીસરતો મુજને, દીકરાનો આ ઠામ. ૫૧ કરણ કહે ભાઇ પુત્ર મુવા સમ, અન્ય નથી કોઇ આગ; આ દુનીયામાં સૌને સરખો, દીકરાનો તો ડાગ. ૫૨ છતાં કહે પર પુત્રો મરતાં, ઓહો સૌ આક્રમ; પણ પોતાનો પુત્ર મરતાં, પડે બધી માલમ. ૫૩ માટે શોક સદાનો એ છે, છાંનોરે મુજ વીર; એમ કહીને કરણે લુચ્છયાં, રાય નેત્રનાં નીર. ૫૪ હેવામાં ભીમ પાંચમે કોઠે, ગદાથી વાળ્યો ઘાણ; હજારો યોદ્ધાના લીધા, પલક એકમાં પ્રાણ. ૫૫ ત્યાર પછીથી બ્હાર નીકળ્યો, વાયુનો કુમાર; અભીમન્યુએ તેજ વખતે, સર કહાડયો એક બ્હાર. ૫૬ મંત્ર યુક્ત કરીને મુકયો, વજ્ર તણો ભરપુર: પાંચમો કોઠો કનક તણો તે, તર્ત કર્યો ચકચુર. ૫૭ ત્યાર પછી રથ આગળ હાકયો, અર્જુન તણે કુમાર; જઇ સલ્લની શામા ઉભા, છઠ્ઠા કોઠા બ્હાર. ૫૮ (વિશ્રામ-છઠ્ઠા કોઠા બારણે, આવી ઉભો એજરે; વ્યાસ વદે સલ્લ બોલીયા, ભાળી ભીમ ભાણેજરે. ૫૦

કડવું ૫૧ મું—રાગ ધનાશ્રી.

બોલ્યા વૈશમપાયે વચન, સાંભળ પરીક્ષીતરાયના તન; છઠે કોઠે છે રાજારે સલ્લ, મામો પાંડવનો જાતે મલ્લ. ૧ મારવાડયનો મહીપતી એજ, સામે બોલ્યો તે ભાળી ભાણેજ; કહે છે શાંમળોને ભાઈ ભેમ, કહો કરવું મારે હવે કેમ. ૨ મારા ભાણેજ થાવો છો આપ, તેથી લડતાં લાગે મને પાપ; ભાણેજ બ્રાહ્મણ સરખા ગણાય, ધર્મ શાસ્ત્ર તણો એ છે ન્યાય. ૩ યુદ્ધ કરતો નથી તો જાય આબરૂ ને થાય હાશી; છતાં યુદ્ધ મારે નથી કરવું, રહે આબરૂ એવું આદરવું. ૪ માટે કાઢવો કાંક ઉપાય, જેથી બેઉ પક્ષ સચવાય; ભીમ કે મામા બતાવું એવું, કરો કામ કૃપાચાર્ય જેવુ. ૫ જેથી બંને પક્ષ સચવાશે, વળી રાજા ઘણો ખુશી થાશે; તેત્રે કુંવર બોલ્યો બીન પરવા, કાકા સંપ કરો છો શું કરવા. ૬ મન મુકી લડવા દ્યો અત્યારે, બળ મામાએ જાણશે કયારે; ભીમ કે મીથ્યા શ્રમ ના કરીએ, રસ્તો આવે તો આડા ના ફરીએ; લાભ મળે તો ખેટ ના ખઇએ, મરે ગોળે તો વીખ ના દઇએ. ૭ અભેમન્યુ કે મરજી તમારી, પછી બોલ્યા ત્યાં સલ્લ વીચારી. ૮ ભાઈ ભીમ પુછું છું હુ એવું, કીધુ કામ કૃપાચાર્યે કેવું; ભીમ કે બીજા કોઠાની માંય, ડોળ દેખાડયો બહુ હમે ત્યાંય. ૯ એક એકના સાચવી પ્રાણ, નાંખ્યાં ઉચાં ઉચાં બધાં બાણ; ખુબ ખુબ ખાલી કરી ઘુમરાણ, ઘાટ ભેર કીધુ ઘમસાણ. ૧૦ પછી નાઠા

નાખી હથીયાર, કામ એવું કર્યું કૃપાચાર; એવી મરજી જો હોય તમારી, વાત ઉરમાં હયો એ ઉતારી. ૧૧ સહુ કહે છે વીરા ધન્ય ધન્ય, વાત ઉતરી એ મારે મન; કહે આપણુ પણુ અહીંયાં એમ, રાખો પેટમાં તો ટાઢુ હેમ. ૧૨ તુ કર ટાકને હું કરૂ ટેક, આખર આપણુ બે એકના એક; માટે મામલો એવો મચાવો, બળ બારણે બહુ બતાવો. ૧૩ ભીમ કહે ત્યારે તૈયાર થાવો, સામા સામી હવે શસ્ત્ર સ્હાવો; એવે લીધાં ધનુષ્યને બાણુ, બળ કરી પાડી ભુમરાણુ. ૧૪ દીલ દયા અતી ઉર રાખે, તીર તાણી તાણી ઉચાં નાંખે; બહુ બાણુ ભમે કોઠા બ્હાર, લક્ષ્યુંદની પેઠે અપાર. ૧૫ દેખી હરખાયો દુરીયોધન, વદો ગોરની સાથે વચન; જુવો યુદ્ધ આ થાય તે કેવું, ગોર કહે છે એ તો મારા જેવું. ૧૬ સુણી દુષ્ટને લાગ્યુ ત્યાં દુઃખ, કહે છે ગોર કરો ડાબુ મુખ; બધા તમારા જેવા શું ધાર્યાં, યુદ્ધ કરતાં મુની તમે હાર્યાં. ૧૭ એ તો સહુ છે સુરો ભુપાળ, કરશે નકી કુંવરનો એ કાળ, એવે કોઠામાં થઇ ભુમરાણુ, સૌએ સાથે કરી હીકરાણુ. ૧૮ તે સમે બોલ્યો વૃકોદર વીચારી, મામા અટાપો બાજી તમારી; સુણી મામાયે હોકારો કીધો, બાથો રથેથી ભેરવી લીધો. ૧૯ કરી કીકીયારી કાયાના કાઠા, મામા મુઠીયો વાળીને નાઠા; કહે છે હાર્યો તો ભાઈ હાર્યો, મને બન્ને જણે થઈ માર્યો. ૨૦ હીંડયા બડબડતા એમ હોઠે જઇ પેઠા એ સાતમે કોઠે; તત્ર દ્રોણુ ગુરૂએ બોલાવ્યા, મામા ઉજવીને ઠીક આવ્યાં. ૨૧ એવે ગોરે ઝાલ્યો જઈ હાથ, કહે છે આવો બેસો મારી સાથ; દેખી દુભાયો અંધનો સુત, બોલ્યો થઇને આકળો ભુત. ૨૨ જાણ્યુ શત્રુને મારશો મામા, છતાં તમે પણુ થયા નકામાં; બધી જીતેલી બાજી બગાડી, જોયા જોયા મેં તો મારવાડી ૨૩ એવું મેણું ત્યાં મામાને દીધુ, એવે અભેમન્યુએ શું કીધુ: માર્યાં કોઠામાં ઝાઝાંરે બાણુ, લીધા અતીશે યોદ્ધાના પ્રાણુ. ૨૪ પછી બાણુ બીજુ એક લીધુ, મંત્ર યુક્તાથી વજ્રનું કીધુ; મુકયુ રીશ કરી ભરપુર, કીધો છઠો કોઠો ચકચુર. ૨૫ પછી કરવા લાગ્યો એ વીચાર, તાંણી રાખી ત્યાં રથના તોખાર; તેથી બોલી ઉઠયો એનો કાકો કહે છે વીરા હવે રથ હાકો. ૨૬ ખાલી ખોટી હૈયાં શીદ થઇએ, ચાલો કોઠાના મોખરે જઇએ; ખરા ખટ કોઠા કર્યા પાર, હાવે એક છે એના શા ભાર. ૨૭ એવે અભેમન્યુ બોલ્યો વાણ્ય, કાકા હું એ કોઠાનો અજાણ્ય; છતાં જીતવાને મન ધારૂ, તેની યુક્તાયો હૈયે વીચારૂ. ૨૮ ભીમ કે એની ચીંત્યા શી તારે, કોઠો સાતમો છે શીર મારે; અભેમન્યુ કે કાકા એ સાચુ, શીદ એક માટે મેલુ કાચુ. ૨૯ મરતાં સુધી તો જીતવો મારે,

હારૂ ત્યારે લેજ્યો શીર તમારે; ભીમ કે તે ના ચીંતા ધરીશ, ધડ ગગડાવી હેઠો પાડીશ. ૩૦ શુણી હરખ્યો ત્યાં પાર્થકુમાર, તર્ત તાં-ણીને હાકયા તોખાર; નથી જાણુતો શું થશે ભાવી, ઉભો સાતમે કોઠે એ આવી. ૩૧ વીશ્રામ–સાતમે કોઠે આવીને, ઉભો અર્જુન બાળરે; વ્યાસ વદે તેણે સમે, પડી પ્રભુને ફાળરે. ૫૧

કડવું પર મું—રાગ આશાવરી.

વૈશમપાયે એણીપેર બોલ્યા, શુણ જનમેજયરાય; વીસ્તારી તુ-જને સંભળાવું, કોઠા યુદ્ધ મહીમાય. ૧ સાતમે કોઠે આવી ઉભો જ્યારે અર્જુન બાળ; તેજ વખતે પાતાળે પ્રભુને, પડી પેટમાં ફાળ. ૨ જાણ્યું કે ખટ કોઠા જીત્યો, બહુ બળીયો ભાણેજ; સાતમો કોઠો જીતશે તો પછી, મરવાનો નથી એજ. ૩ પછી જુલમ કરવાનો જગમાં, ભારે ભગની બાળ; અઢાર વર્ષની ઉમર થાતાં, કરશે મારો કાળ. ૪ માટે મોત કરૂ આ કોઠે, એમ કર્યો વીચાર; પણ જાણ્યુ ભીમ સાથે ત્યાં સુધી, નથી કદી મરનાર. ૫ તેથી ભીમને અળગો કહાડુ, રાખુ એકલો બાળ; ઓથ વીના પછી કોઠે એનો, થાશે નીશ્ચય કાળ. ૬ એવો ગુહ્ય વીચાર ગોઠવ્યો, અંતરમાં અવીનાશ; સેવા કરવા બેઠેલા છે, પારથ પ્રભુ બે પાસ. ૭ એવે નીત્ય નીયમ પરવારી, બેઉ ઉઠયા તે વાર; વસ્ત્રો શસ્ત્રો સજીને પોતે, તર્ત થયા તૈયાર. ૮ પછે જઈ રથ ઉપર બેઠા, બંને જણ સંગાથ; રથ હાકવા રાસ પરણો, પ્રભુએ લીધાં હાથ. ૯ અસ્વોને હલકાર્યા ત્યાંથી, ધરી ઉર ઉમંગ; અસુરની રેઠાણ બતાવા, બ્રાહ્મણો છે સંગ ૧૦ પાપી જ્યાં રહેતો હતો તે, જગા બ-તાવી ત્યાંય; પછીથી એ સૌ બ્રાહ્મણ મંડળ; તર્ત થયું વીદાય. ૧૧ એવામાં ત્યાં અર્જુનજીએ, કર્યો ધનુષ્ય ટંકાર; શબ્દ સાંભળી ઓ-ચંતાનો, અસુર નીકળ્યો બ્હાર. ૧૨ બીજા પણ બહુ દૈત્યો આવ્યા, દેતા જબરી ફાળ; કાળ સરીખા શામા ઉભા, વેશ અતી વીકરાળ. ૧૩ તવ તાડુકી પારથને કે, બોલ્ય અલ્યા તુ કોણ; સાચે સાચુ કહેજે નહીતો, લઇશ પલકમાં પ્રાણ. ૧૪ શા કારણ અહીંયાં આવ્યો તુ, કેમ કર્યો ટંકાર; નથી ઓળખતો છું હું કેવો, પાતાળની મોઝાર. ૧૫ અર્જુનજી તવ કહેવા લાગ્યો. શુણ્ય પાપના પુર; જાણી લેજે હું આવ્યો છું, તારો કાળ જરૂર. ૧૬ માટે મારા હાથે નકી, આવ્યુ તારૂ મ્હોત; જરૂર હું જીવતો નહીં મેલુ, તારી સેન્યા સ્હોત. ૧૭ બહુ દ-હાડા તેં બ્રાહ્મણોને, ભ્રષ્ટ કર્યા ઓ ભુંડ; ડામ રૂપી દારૂણ દુઃખ દીધાં, જઇશ હવે કયાં ઝુંડ. ૧૮ યજ્ઞ યાગને હોમ બગાડયા, પાડયા વેદીના

કુંડ; પાપ કુંભ તુજ ભરાયો, લક્ષ વસા જો ભુંડ. ૧૯ એમ કહીને બાંણુ કહાડીયું, અર્જુનજીએ બ્હાર; તે દેખીને વળી પ્રભુએ, કીધો એક વીચાર. ૨૦ જાણ્યું અર્જુન દૈત્ય જીતીને, જશે જો પૃથ્વીમાંય; પક્ષ પુત્રની કરશે પાકી, તો મૃત્યુ નહી થાય. ૨૧ એવું જાણી અર્જુન બળને કમી કર્યું કીશોર; અસુરને સાટે તે આપ્યુ, તેથી વધ્યુ બહુ જોર. ૨૨ પછી પોતાના દૈત્યો સાથે, કુધો અપરમપાર; ઝાડ પાડને તાડ થકી ત્યાં, દેવા માંડયો માર. ૨૩ પ્રભુજીને આત્રી વાગે, દુઃખ થાય દોહન; પણ પોતાના ભાણેજ માટે, માર ખાય મોહન ૨૪ એવું યુદ્ધ કરાવી રોકયો, પારથને પાતાળ; પછી ભીમને અળગો કરવા, ઘાટ ઘડયો ગોપાળ. ૨૫ જેમંગળ એક હાથી ભીમનો, પાંડવ સેન્યા માય; હજાર ગજનું બળ જેનામાં, પ્રચંડ તેની કાય. ૨૬ તે હાથીને મુકી ગાંડછા, ગોવીંદે કરી ઘાટ; સાંકળોને તડાક તોડી, ઉછળીયો પુરપાટ. ૨૭ સૈન્યા અંદર પડી લોકનો, વાળે કચર ઘાંણ; હજારો યોદ્ધાના લેતો પલક એકમાં પ્રાણ. ૨૮ મેઘવરણને ગટોરગચ્છ એ, ગયા ઝાલવા જ્યાંય; સુંઢમાં ઘાલી ઉછાળ્યા તે, પડયા તંબુ છે ત્યાંય. ૨૯ ઘણા મનુષ્યો પ્રાણ બચાવી, કરતા નાસા નાસ; જોતાં કોઇથી સહન થાય ના, તેજ વખતનો ત્રાસ. ૩૦ તેથી લોકે ઘાંટા પાડી, ઘણી કરી ભુમરાણ; ભીમને કહે છે ધાજયો ધાજયો જેમંગળ લે પ્રાણ. ૩૨ તમો વીના હવે ઉગરવાનો, કોઈ નથી આધાર; સેન્યા સરવે મરણ પામશે, દોડો વાયુકુમાર. ૩૨ એવા શબ્દ તણી કીકીયારી ભીમે સાંભળી કાન; કુંવરને તે કહેવા લાગ્યો, સાંભળને સંતાન. ૩૩ જો આપણી સેન્યા અંદર, થાય અતી ભુમરાણ; કે છે કે જયમંગળ હાથી, લે છે સૌના પ્રાણ. ૩૪ માટે હું જરી જઇને આવું, વાર વધુ નહી થાય; મુજ વીના કોઇને નકી ગાંઠે, જુલમ કરશે ત્યાંય. ૩૫ અભીમન્યુ કે કાકા મારા, એશી બોલ્યા વાત; આ કોઠેથી તમે જશો તો, થાશે મારી ઘાત. ૩૬ જાણે કોઠો કાળ સરીખો, ભાસે મને વીકરાળ; વળી અંગને ડાબુ લોચન, ફરકે મુજ એ કાળ. ૩૮ હારેલા જીતેલા સરવે, આ કોઠે ચંડાળ; અધરમી સૌ આવી પેઠા, કરવા મારો કાળ. ૩૮ માટે કાકા મુકી મુજને, જરી જશો નહી દુર; લાગ એટલો જોઇ રહ્યા છે, કૌરવ પાપી ક્રુર. ૯ નકી મુજને મારી નાંખશે, છુંદશે સર્વ શરીર; અગની પણ છેવટ નહી પામુ, લાવો દયા લગીર. ૪૦ ભીમ કહે ભાઇ હવડા હું જઈ, આવુંછું ચડીચોટ; નાના કહેતો કુંવર રહ્યો, કાકાએ કહાડી દોટ. ૪૧ સુર સપાટે ગયો સેન્યમાં, જેમંગળ છે જ્યાંય; ભીમ પકડવા પાસે આવ્યો, ગજ ના ગાંઠયો ત્યાંય. ૪૨

પણ ઉછળી કુંભસ્થળ માર્યું, ભીમની છાતી માંય; ગદા સુધાં ગોઠમડુ ખાધુ, તડાક દઇને ત્યાંય. ૪૩ ત્યારે ભીમને રીશ વાપી બહુ, તેને દેખી ફેર; ઉઠી ગદા ગ્રહી કે પાપી, હવે મારૂં હું ઠેર. ૪૪ એવામાં પ્રભુએ જાણ્યું જો, ભીમ કરશે ગજ ઠાર; તો નકી કોઠામાં જઈને, કરશે કુંવરની વ્હાર. ૪૫ માટે ભીમનું બળ કમી કીધું, લીધું નંદ કીશોર; દીધું સાટે જયમંગળને, જબરૂ વાધ્યુ જોર. ૪૭ જેવો ભીમ ગદા ગ્રહી આવ્યો, તેવો એ ગજરાજ; ધશી ભીમના સામો ધાયો, ધરી દીલમાં દાજ. ૪૮ ભીમ ગદા લઇ તુટી પડીયો, હાથી પર તે વાર; હાથી પણ ત્યાં સુંઢ વડેથી, મારે ભીમને માર. ૪૯ એમ પ્રભુએ રોકી રાખ્યો. ગજેંદ્ર સાથે ભેમ; દૈત્યની સાથે પારથ રોકયો, થયું કુંવરનું કેમ. ૫૦ કાકાની બહુ ઓથ હતી, પણ મુકયો અંતરીયાળ; તેથી ભય પામ્યો એ ભારે, અર્જુનજીનો બાળ. ૫૧ ગઢ વીશે ગભરાવા લાગ્યો, ગયો હરબડી હામ; મરણ શરણમાં મુકી ચાલ્યા, કાકા કથોલ્યું કામ. ૫૨ ઉર વીશે એમ ઓછું આવ્યું, હૃદય ભરાયું અપાર; ડ્રુસકાં નાખી રડવા લાગ્યો, આંસુ વહે ચોધાર. ૫૩

વીશ્રામ-અભીમન્યુ આંસુ ભરે, કરે ઘણો પરીતાપરે; વ્યાસ મગન મુખ ઓચરે, કુંવર તણો વીલાપરે. ૫૨

કડવું ૫૩ મું—રાગ સાખી, પરજ.

આવો આ વેળારે, કાકા મારા આવો આ વેળા; ભીડયમાં ભેળારે, કાકા મારા આવો આ વેળા. ટેક. કાકા મારા કેમ ગયા, એકલો મુકી આજ; ઓથ હતી એક આપની, તમે કથમ કર્યો મારો તાજ. કાકા. ૧ આ કોઠો છે આપનો, હયો એ લક્ષ લગીર; મુળગો હું માહેર નથી, મારૂ ચુંથાશે હૈયાં શરીર. કાકા. ૨ તમ આધારે બીડલુ, મુકયું મેં મુખ માંય; અંત સમે આવા ખસ્યા, મારી દાઝ ન આવી કાંય. કાકા. ૩ ના કેતી હતી મુજ માવડી, ભાંખી મુળ ભવીશ; ભીમ ભરૂંશો ફોક છે, માટે વીસવાસ તું ના કરીશ. કાકા. ૪ તેમ છતાં માન્યું નહી, મેં કીધો વીસવાસ; તે આગળ સો આવીયું મારો કરશે આ વ્હેરી વીનાસ. કાકા. ૫ વીસવાસઘાત કર્યા થકી, પુરણ લાગે પાપ; છતાં મને તમે છેતર્યો, હતા બાપના ઠેકાણે આપ. કાકા. ૬ સંકટ સમયે મુજને, કરવી જોઇએ ઓથ; નકટા થઈ નાશી ગયા, મારી રણમાં રઝળવાની લોથ કાકા. ૭ સડ પર બેસી કાગડો, દેછે માન શુકન; શીયાળવાં શબ્દો કરે વળી ફરકે છે અંગ લોચન.

કાકા. ૮ સુળમાં આ કોઠો દીસે, કપરો કાળ સમાન; ભાવીએ ભાસે મને, ભોગ લેશે એ મારો નીદાન. કાકા. ૯ હાર્યા જીત્યા યોદ્ધા સૌ, છે આ કોઠા માંય; અપત્ય યુદ્ધ કરવા ઉભા, નથી ઉગરવા એક ઉપાય. કાકા. ૧૦ શત્રુ સામા જોઇ રહ્યા, ચડશીલા ચંડાળ; કાળા મ્હોના કૈરવો, એ તો કરશે નકી મારો કાળ. કાકા. ૧૧ મૃત્યુ મારૂ જો થશે, તો મુઝાશો આપ; પારથ આવી પુછશે, તેને કાકા શો દેશો જવાબ. કાકા. ૧૨ મૃત્યુ મારૂ સાંભળી, સૌના મળશે ભોગ; મરતાં મુજને રહી જશે, વળી તાત તણો તો વીયોગ. કાકા. ૧૩ વીશ્વાસઘાતી માણસો, તમ જેવા નહી કોઇ; ધીક ધર્યો વીશ્વાસ મેં, એમ કહીને કુંવર પડયો રોઇ. કાકા. ૧૪

વીશ્રામ-કાકા આવો એમ કહી, કુંવર પડયો ત્યાં રોઇરે; વ્યાસ વદે કોઠા વીશે, શતરૂ હરખ્યા જોઇરે.

કડવું ૫૪ મું—રાગ ધનાશ્રી.

બોલ્યા વૈશંમપાયે વચન, સાંભળ પરીક્ષીતરાયના તંન; રડતો દીઠો કુંવરને તે ઠામ, શત્રુ હરખાતા જોઇને તમામ. ૧ એતો સાતમા કોઠાની માંય, કૈરવ ડોકાં કરી રહ્યા ત્યાંય; હાર્યા જીતેલા યોદ્ધા એ સર્વ, ઉભા ગઢમાં કરી ઘણો ગર્વ. ૨ છે એ કોઠો તો જયદ્રથ માથે, પાપી ઉભો છે લઈ સૌ સાથે; છત્રપતિનો છે તે બનેવી, રહ્યો સદા સ્વસુર પક્ષ સેવી. ૩ એના મનમાં છે એવીરે હામ, ઠાર કરવો કુંવરને આ ઠામ; તેથી બોલાવી છત્રપતીને, કહેવા લાગ્યો એ મુઢમતીને. ૪ કહે છે ચાલો કુંવર પાસે જઇએ, ગભરાયો માટે ઘેરી લઇએ; જુવો લાગ મળ્યો છે આયાકો, નથી જોડે હવે એનો કાકો. ૫ સુણી છત્રપતીએ તેણીવાર, કીધા યોદ્ધાઓ સરવે તૈયાર; દ્રોણ કૃપાચ્ચારજ અસ્વસ્થામા, કર્ણ શલ્યને શકુની મામા. ૬ નીજ ભાઇયોના પુત્ર તમામ. ચારસેંઅઠ્ઠોતેર તેણે ઠામ; બીજા પાછળ યોદ્ધા અપાર, નીકળ્યા સંપી સૌ કોઠા બ્હાર. ૭ આવ્યા કુંવર પાસે ચડીચોટ, રથ ઘેરી ઉભા વળી કોટ; એત્રે કુંવરનું કાકામાં લક્ષ, તેથી નીચાં હતાં એનાં ચક્ષ. ૮ તેવે પાપીયો આવ્યા પ્રત્યક્ષ, કીધી કીકીયારી પુત્ર સમક્ષ; સુણી ચમકયો ઓચંતાનો બાળ, સામા શતરૂ દેખી પડી ફાળ. ૯ જાણ્યું કરશે હવે મારો કાળ, ચડી ચુકયા છાતી પર ચંડાળ; હાવે શા માટે ધરવોરે શોક, આશા કાકાની કરવી તે ફોક. ૧૦ નીર શતરૂ જો દેખશે નરણે, જોર આવશે પાપીના ચરણે; દુષ્ટો દેખીને મારી ઉદાશી, દાંત કહાડી રહ્યા મોં વીકાશી. ૧૧ માટે ચેત અબ-

મન્યુ સુરા, પાપી પાપે કાપી કર પુરા; નહી તો કરશે પછી તારૂ મર્ણ, સુરો શીર જતાં માગે ના સર્ણ. ૧૨ અંધ્યા વાઘને હોય ના વળાવુ, ધીક પર બળ પુંઠે પળાવું; દરીયો ડોળ્યો તે ખટ કોઠામાં, હાવે ખાંખે શું ખાબોચીયામાં. ૧૩ એમ ચોકસ ચીતમાં ઠસાયું, પણ પાછું ત્યાં રદય ભરાયું; માત પીતા ત્યાં સાંભળી આવ્યાં, નીર નેત્રોમાં તેથી ભરાયાં. ૧૪ અરે હાથ થશે મુજ ઘાત, પછી કરશે શું મુજ પીતુ માત; એતો ટળવળી ટળવળી મરશે, પ્રાણ મારી પાછળ પરહરશે. ૧૫ મેલી રામાને આવ્યો હું રડતી, તેપણ બીચારી રહેશે રખડતી; હતો ગટોરગચ્છભાઈ સાથી, મેં તો બોલી બગાડયું જેનાથી. ૧૬ રહ્યો સરવે સગાનો વીયોગી, થયો આખર મૃત્યુનો ભોગી; છેવટ કાકા હતા એક કાઠા, તેપણ અંત સમે મુકી નાઠા. ૧૭ એમ સંભાળી સંભાળી રડતો બહુ બળાપો કરી બબડતો; દેખી શતરૂ ઘણા ખુશી થાતા. હશી ઘડે એવા હરખાતા. ૧૮ એવી ચેષ્ટા શત્રૂતઓની ભાળી, અભેમન્યુએ મન લીધું વાળી; પછી કાળજુ કઠણ કીધુ, આવણ માયા તણું મુકી દીધુ ૧૯ માયા સંસારની સહુ ફોક, પછી કરવો શા માટેરે શોક; નથી સગુ સહોદર કો સાથી, જ્યારે પ્રાણ જશે પીંડમાંથી. ૨૦ મીથ્યા સગાંને વહાલા કહેવાનાં, જીવ જાતાં એ જોઈ રેવાનાં; માટે કોનાં એ તો પીતુ માત, કોનાં ભગની ને ત્રળી ભ્રાત ૨૧ વળી કોની કોનું કોઈ, કાદવ કાડયો મેં કોઠીને ધોઇ; ધીક ધીક અભેમન્યુભાઇ, તારી ચુલે પડી ચતુરાઇ. ૨૨ જારે જા જીવ ઓછું શું લાવે, શીદ શતરૂને ખાલી હસાવે; મોડું વેલું જ્યારે ત્યારે મરવું, પછી મરવાથી શા માટે ડરવું. ૨૩ માટે કરય હવે પાપીને પુરા, રેના મ્હોત થકી કે અધુરા; એવું વિચારીને અભેમાન, થયો શોક તજી સાવધાન. ૨૪ એવે બોલ્યો ત્યાં દુરીયોધન, અલ્યા સાંભળ પારથ તન; થા તું યુદ્ધમાં તૈયાર, પછી કરજે કાકાને પોકાર. ૨૫ કાકા કાકા શું કહે છે નકામા, કાકા જોને ઉભા તારા સામા; આવી પોંચ્યુ હવે તારૂ મોત, બુરા હાલે થવાનો તું બ્હોત. ૨૬ સુણી અભેન્યુ તે ઠામ, લાગ્યો દાઝ્યા ઉપરજ ડામ; તેથી કુંવરે ક્રોધજ કરીયો, અતી વીખનાં વેણુ ઉચરીયો. ૨૭ કહે છે સાંભળ શાંહના સુત, કર્મહીણા કૃતઘ્ની કપુત; અલ્યા હાર્યા તમે સૌ કુકરમી, છતાં આવીને ઉભા અધરમી. ૨૮ હાર્યા દ્રોણ અને અસ્વસ્થામાં, હાર્યા જોને કરણ સહ્ મામા; હાર્યો તું અને તારારે ગોર, નથી જાણતા તે નઠોર. ૨૯ કરી રાંડયા રણમાં હરાવ્યા, પાછા પાવૈયા થવા શું આવ્યા; માટે પુરા કરૂ હવે પાપી, ભોમી ભોગ આપુ કાપી કાપી ૩૦ એવું

ધારીને ધનુષ્ય ઉપાડો, બળ હોય તો બાંણને કહાડો; ઉંધુ ઘાલી રહ્યા હતા સર્વ, સઘ્ને બોલ્યા બધા કરી ગર્વ. ૩૧ કહે છે વીરા શું જોઇ રહ્યા છો, આમ કાયર કેમ થયા છો; હાવે છેવટનાં શસ્ત્ર ઝાલો, એને ખાવા ખરેખરૂ આલો. ૩૨ એમ ધારી ક્રોધે સઉ ચડીયા, કરી તડાકોને તુટી પડીયા; ઘણા ગરજી દેવા માંડયો માર, છુટયાં શત્રુનાં શસ્ત્ર અપાર ૩૩ ગુપ્તી ગેડી ગદા ને કટાર, તીર તરકસને તલવાર; ભાલા બાંણુ જમૈયા જંજાળ, ધસકે ગોફણુ ગોળા વીશાળ. ૩૪ મુશળ મોગરી મુદગળ ફરશી, રહ્યાં ગલોલ ગુરજ વરશી; એને અભીમન્યુ બાણુજ છોડે સૌનાં શસ્ત્રોને સપાટે તોડે. ૩૫ બાણુ એકનાં અનેક મુકે, ચાંપ રાખી ચતુર નવ ચુકે; પણુ પાપીનું સૈન્ય અપાર, એનો એકલો દીશે કુમાર. ૩૬ કીડી ઉપર કટક હોય જેમ, કુંવર ઉપર કૌરવ દીશે એમ; છતાં કુંવર પાછો નથી પડતો, લાગ તપાસી તપાસી લડતો. ૩૭ એમ લડે શતરૂ સામો બાળ, પાર્થ દૈત્ય બે લડે પાતાળ; લડે સૈન્યામાં હાથીને જેમ, ત્રણ ઠેકાણે યુદ્ધ મચ્યુ એમ. ૩૮ એવો ત્રીકમે નાસીરો કીધો, ભરે ભાણેજ લાગમાં લીધો; એવે કૌરવો મારે બહુ તીર, કોચી નાખ્યું કુંવરનું શરીર. ૩૯ રૂંવે રૂંવે પાડી દીધાં સાર; છુટે અંગેથી રૂધીર અપાર; તીર ચોતરફથી પાપી નાંખે એકલો કુંવર કયાં દ્રષ્ટિ રાખે. ૪૦ તેથી બાળ ઘણો ગભરાયો, જાણ્યુ અંત મારો હવે આવ્યો; માટે ક્રોધ એણે અતી કીધો, સર છેવટનો એક લીધો. ૪૧ ઉપર મંત્ર મોહસ્ત્ર ભણીયો, ગુણ અગણીતા પાછળ ગણીયો; વળી રાખી નહીં જરા ન્યુન, મેલ્યુ ધર્મ ને કુંતાનું પુન્ય. ૪૨ પછી ખેંચીને તર્ત કમાન, આંખયો મેંચીને મુકયુ નીદાન; છુટયુ બાણુ એ એક, મંત્ર આધારે થયાં અનેક. ૪૩ મેઘ બુંદની માફક થઇને. વાગ્યાં સરવેની છાતીમાં જઇને; તેવે શતરૂઓ સૌ લડથડીયા, ઢળી ઢળીને મુરછાંમાં પડીયા. ૪૪ એવે કુંવરે કીધો વીચાર, પાપી આડા ઓલા છે અપાર; જીત્યા એવું કેશે અભીમાની, તેની રાખવી જોઇએ નીશાની. ૪૫ જેથી હારેલા સર્વ જણાય, જીત્યા ના કોથી બોલાય; એમ જાણી કહાડયું એક બાણુ, મંત્ર યુક્ત કર્યું એ સંધાણુ; મુકયુ શતરૂ ઉપર રીશ રાખી. સૌની અકેકી મુચ્છ કાપી નાંખી; પછે થઇ વાર બે ઘડી જયારે, ઉઠયા મુચ્છા વળી સૌ ત્યારે. ૪૭ દેખી બાળને કાળ સમાન, નાઠા કોઠમાં સૌ કો નીદાન; કોઇ રહ્યું નહીં જયારે ત્યાંય, ઘણો હરખ્યો કુંવર મનમાંય. ૪૮ કહે છે હવે તો કોઠાની બહાર, કોણુ આવે છે જોઉં આ વાર; ઉભો મનમાં જાણી એમ હુંસ્ય, રાખ્યુ રથ પર ઉભુ ધનુષ્ય. ૪૯ એક છેડો છે

રથ પર ત્યાંય, બીજો છેડો છે અધર ત્યાંય; મુઠી ઉપર હાથુ ધરીને, ઉભો ધનુષ્યનો ટેકો કરીને. ૫૦ જોઇ રહ્યા શતરૂ સામું બાળ, એવે પડી પ્રભુજીને ફાળ; કહે છે કેમ નથી મરતો ભાણેજ, પડી પેટમાં ચીંતા તો એજ. ૫૧ વીશ્રામ—ચીંતા પેઠી ચીતમાં, ચતરૂભુજને ત્યાંયરે; વ્યાસ મગન વાણી વદે સુણો જન શ્રોતાયરે. ૫૪

કડવું ૫૫ મું—રાગ આશાવરી.

વૈશમપાયે એણીપેર બોલ્યા, શુણ જનમેજયરાય; વીસ્તારી તુજને સંભળાવું, કુંવર મરણ મહીમાય. ૧ ચતરૂભુજ ચીંતામાં પડીયા, કયેમ ન મરે કુમાર; જ્ઞાન દ્રષ્ટીએ જોવા લાગ્યા, જાતે જુગદાધાર. ૨ જાણ્યું કુંતાની રક્ષાનો, રહી ગયો એક તાર; તે જ્યાં સુધી છે ત્યાં સુધી, કુંવર નથી મરનાર. ૩ મત્યંચા પર ગંટોરગચ્છે, વીટેલો છે સ્હેજ; તેજ તાંતણો તુટે તો મરે, નક્કી મુજ ભાણેજ. ૪ તે શું મ્હારે તોડવો પડશે, ચીંત્યા કરી એમ ચીત; અરે મારા એક ભાણેજ માટે, લેવું પડશે નીમીત. ૫ જન્મે મરે જગત સઘળું તે, સૌ મુજ ગતી કહેવાય; નીમીત માંથે હું નથી લેતો, કરૂછું કોડ ઉપાય. ૬ કોઇ તાવથી કોઈ કોગળીએ, કોઇને કરડે નાગ; કોઇ ભગંદર કોઇ જલંદર, રાજ રોગ કે આગ. ૭ સુઠય ચોટયમાં કોઇ મરે વળી, ધરી વ્હેમના વેગ; કોઇ જળથી મળથી કે નળથી, કોઇને વળગે પ્લેગ. ૮ કોઇ મુર્છા કોઈ વરાધ વા માં, ઉટાંટીયામાં અપાર; પણ નીમીત હું નથીજ લેતો, હરતો હરેક પ્રકાર. ૯ માટે આ નીમીત ના લેવું, એમ તપાસ્યો લાગ; રથ હાકતાં ધરીયું બીજુ, ઉંદર રૂપ અથાગ. ૧૦ કંચન જેવી કાયા કીધી, દીશે કોમળ અંગ; ફરફર બાબરી ફરકે જેમાં, જણાય છે પચરંગ. ૧૧ ભોટીલાથી જરાક ભારે, હલકો એથી કોળ; એના જેવો અન્ય મળે ના, દુનીયામાં પણ ડોળ. ૧૨ કાન ટીશીચો ચડાવી ટગટગ, હલાવે વારમવાર; ભાળી બ્રહ્મા મોહ પામે તો, ભાણેજના શા ભાર. ૧ પછી પ્રકટ થયા પૃથ્વીમાં, એ કોઠા મોઝાર; અભીમન્યુના રથના સામા તરત નીકળ્યા બ્હાર. ૧૪ તે ઉંદર ભાળ્યો ભાણેજે, પામ્યો અતીશે મોહ; તદરૂપ થયો ને ભુલી ગયો સૌ, દુશ્મન પરનો દ્રોહ. ૧૫ ઉરમાં એમ વીચાર કરે છે, વાહલા વીર ઉંદર; જનમીને મેં જોયું તારૂં, આવું રૂપ સુંદર. ૧૬ અલ્યા સુવા પણ શીદ નીકળ્યો, તારા દરથી બ્હાર; સુરખ અહીંયાં મરી જવાનો, યુદ્ધ થશે તે વાર. ૧૭ તે માટે નાશી જા નહીં તો, આવ્ય અલ્યા મુજ પાસ; રમકડા જેવો તું દીશે, રમશું આપણુ

ખાસ. ૧૮ તારે માટે કનક તણું વળી, કરાવીશ મંદર; માણેક મોતી રત્નો રૂડાં, જડાવીશ અંદર. ૧૯ પાળીશ તુજને પ્રેમ થકી હું, ધરીશ રૂડાં ભોજન; ધન્ય રઢીયાળા ઉંદર તેં મુજ, પ્રફુલીત કીધું મન. ૨૦ એવામાં તો ઉંદર દોડી, આવ્યો રથ છે ત્યાંય; પૈડા ઉપર થઇને ચડીયો, પડીયો રથની માંય. ૨૧ પછી કુંવરના પગ પાસે જઈ, કરવા માંડયો ગેલ; કુંવર બીચારો તે શું જાણે, ફીતુર જનનાં ફેલ. ૨૨ પ્રપંચા પર ચડતો પડતો, ઉંદર વારંવાર; ઉલટ સુલટ કુદકારા કરતો, તાકયો ઉરમાં તાર. ૨૩ કુંવર દેખી ખુશ થયો બહુ, ઠરી ગયો ત્યાં સ્થીર; જાણ્યું લાવ્ય હવે હું ઝાલું, વાલુ એજ શરીર. ૨૪ એવામાં ઉંદર ચડી આવ્યો. દોરા નજીક તેવાર; પ્રપંચા સુદ્ધાં પછી કાપ્યો, તડાક દઇને તાર. ૨૫ સીધું ધનુષ્ય થતાં તો પેઠી, અણી હળવી મોઝાર; તર્ત તાળવું તોડી નીકળી, એક હાથ ત્યાં બ્હાર. ૨૬ એના હચરકેથી ઉછળીયો, ખાધી અવળ ગુલાંટ; રથ આગળ આવીને પડીયો, પૃથ્વીપર ચિત્તાપાટ. ૨૭ ડોળા તેના તરી ગયાને, બોલાતું નથી મુખ: અંગ નશો ખેંચાવા લાગી, દારૂણ પ્રકટયુ દુખ. ૨૮ તે દેખીને જયદ્રથ હરખ્યો, બોલ્યો એમ વચન: વણ મ્હોતે એ કુંવરજ મુઓ, જુઓ દુરીયોધન. ૨૯ તવ પાપીએ નજર કરીને, જોયું તેણે આમ: પૃથ્વી પડેલો કુંવર ભાળી, હરખી ઉછળ્યો વામ. ૩૦ પગ ઠોકી પછી કહેવા લાગ્યો, તતપર થાવ તમામ; જાવો કરો કુંવરના કટકા, ઝટકા દઈ તે ઠામ. ૩૧ વળી ભાઇયોના પુત્રોને કહ્યું, લ્યો લક્ષ્મણનું વેર; ખોળ્યો કટકો હાથ ન આવે, કરજો એવી પેર. ૩૨ ત્યાર વીના તો મારા મનની, ઓલાશે નહી દાજ; એવા શબ્દ સુણીને બોલ્યા, દ્રોણ ગુરૂ મહારાજ. ૩૩ કહે છે પાપી આ શું ધાર્યું, ચંડાળોનું કર્મ; મરતા જનને મારવો તેતો, અતીશે થાય અધર્મ. ૩૪ વણ મારે પણ છે મરવાનો, મરાવે શીદ નાદાન; ફળ માઠાં ભોગવવાં પડશે, નડશે કર્મ નીદાન. ૩૫ નૃપ કહે નડશે ત્યારે, સૌ થઈ પડશે તે ઠામ; જાવો દીકરા જોઈ રહ્યા શું, કરો આપણું કામ. ૩૬ સુણી કુંવર શસ્ત્રો લઇ દોડયા, ચારસેં અઠ્ઠોતેર; સાત હજાર યોદ્ધા સાથે, કરવા ચાલ્યો કેર. ૩૭ કુંવર પડયો છે ગભરામણમાં, ઘણું તરફડે તન; બીચારો શી રીતે દેખે, તરી ગયાં લોચન. ૩૮ એવામાં ત્યાં આવ્યા પાપી, કીધો ક્રોધ અપાર; ભાલા તીર તથા તલવારે, દેવા માંડયો માર. ૩૯ ભચો ભચ શસ્ત્રો મારે તવ, તન સંકોચે તન; કાયાને બહુ કષ્ટ પડે છે, કેટલું કરે સહન. ૪૦ મુખ બંધ છે નથી બોલાતું, વદતાં એક વચન; પાપી અંગે અતી વેદના, બહુ મુઝાણું

મન. ૪૧ અરેરે મને મરતાને પણ, મારે પાપી જન; દયા નથી દુષ્ટોને કીંચીત, ડુવે છે પારથ તન. ૪૨ ઘા પડતાં અકળાતો અતીશે, ભોંય ઘસે પગ હાથ; એવામાં એક રથનું પરડું, અથડાયું પગ સાથ. ૪૩ તે પરડુ પગ અંગુઠા પર, લીધું રાખવા નાક; પડયો પડયો પગ ઉંચો કરીને, તર્ત ચડાવ્યું ચાક. ૪૪ સુર ભર્યું પછી શત્રુ ઉપર, મુકયું કરીને રીશ; સપ્ત અયુત ચારશે અજોનેર, છેદી નાંખ્યાં શીશ. ૪૫ ધડોધડ ધડ પરથી મુસ્તક, ઢળી પડયાં સૌ ધર્ણ; મરતાં મરતાં સુરાએ એમ, કર્યાં શતરૂનાં મર્ણ. ૪૬ તે દેખીને સૌ કૌરવનાં, દાઝ્યાં અંતઃકર્ણ; હાહાકાર હવો તે ટાંણે, નીર ભરાયાં નર્ણ. ૪૭ નૃપના વીર કકળાટ કરે છે, કોઠાની મોઝાર; હાથ પુચા બહુ ઘસવા લાગ્યા, અંધ તણા કુમાર. ૪૮ દ્રોણ ગુરૂ તવ બોલી ઉઠયા, જો હયા દુરીયોધન; અધર્મનાં ફળ તર્ત મળ્યાં આ, મુવા સરવના તન. ૪૯ દુરીયોધન તવ ગર્વ કરીને, દીધો ઝડપ જવાબ; મુવા તો મુજ ખાસડે મારી, એનો શો હીસાબ. ૫૦ ભાઇયોને પણ કહેવા લાગ્યો, મુઝાશો નહિ મન; આપણ જો જીવતા હઇશું તો, થશે તાગ વીણ તંન. ૫૧ એવામાં ત્યાં અભીમન્યુનો, તુટયો આયુષ તાર; આત્મા એનું અંગ તજીને, તરત નીકળ્યો બહાર. ૫૨ એવામાં એક અપચ્છરા આવી, વીમાન લઇ પુરપાટ; સુરા નરને જોઈ રહેલી, વરવા માટે વાટ. ૫૩ તેણે અભીમન્યુનો આત્મા, ઝાલી લીધો ઝડપ; પોપટ કરી પીંજરમાં પુરી. ચાલી સ્વર્ગે ચડપ. ૫૪

વીશ્રામ-પછી પ્રાણ લઇ અપચ્છરા, અભીમન્યુનો ત્યાંયરે; વ્યાસ વદે રહ્યું ખોળીયું, ખાલી ભોમી માંયરે. ૫૫

કડવું ૫૬ મું—રાગ ધનાશ્રી.

બોલ્યા વૈશંપાયન વચન, સાંભળ પરીક્ષીતરાયના તંન; ખાલી ખોળીયું ભોમીની માંય. પ્રાણ વીના પડયું રહ્યું ત્યાંય. ૧ એવે કોઠામાં દુરીયોધન, વધો જયદ્રથ સાથે વચંન; જુવો જરૂર મુવો કુમાર, હાવે હાલતો નથી લગાર ૨ માટે પુત્ર પાસે તમો જાવો, એના કટકા પુરા કરી આવો; માર્યા જેટલા મારા કુમાર, કરો તેટલા કટકા આ વાર. ૩ સુણી દ્રોણ વળી બોલ્યા ત્યાંય, કહે છે આ શું ધાર્યું પાછું રાય; શીદ મુવેલાને તું મરાવે, એમાં હાથમાં તારા શું આવે. ૪ મીથ્યા જયદ્રથ લેશે નીમીત, પછી પાછળ થશે વિપરીત; સુણી જયદ્રથ બોલ્યારે ત્યાંય, જેમ થનાર હોય તેમ થાય. ૫ કરૂ કટકા એના હું તો કોડ, નહી હારૂ હવે મારી હોડ; કોઠો સાતમો છે મારે

માથે, માટે કટકા કરીશ મારે હાથે. ૬ એમ કહીને લીધો કર કુહાડો, એનો આવી પોચ્યો છે અદાડો; તેથી દોડયો કુહાડો એ લઇને, ઉભો પુત્ર પાસે પછી જઇને. ૭ એવે પતાળે પુરૂષ પુરાણી, મુવો ભાણેજ વાત એ જાણી; હાથી દૈત્યનું બળ ખેંચી લીધું, ભીમ અર્જુન ને આપી દીધું. ૮ તેથી ભીમે ત્યાં ગર્જના કીધી, ગદા સો સાથે હાથીને દીધી; પછી ઢોળી પાડયો એણે ધર્ણ, કહે છે હાત્રે કરૂ તારૂ મર્ણ. ૯ એમ કહીને દૈવત ઘણું દાખ્યો, પગ ઝાલી પછે ચીરી નાંખ્યો; એવે પતાળે પણ અર્જુન, નથી બળમાં એને હવે નુન્ય. ૧૦ તેથી મુકયુ એણે એક બાણ, લીધા પલમાં એ પાપીના પ્રાણ; બીજા દૈત્યોને માર્યા અપાર, યુદ્ધ પરવાર્યો ઇંદ્રકુમાર. ૧૧ પછી ગયા એ નગ્રની માંય, આવી લાગ્યા બ્રાહ્મણોને પાય, માગી વીદાયગીરી તે વાર, એતો આવવા પૃથ્વી મોઝાર. ૧૨ મળી બ્રાહ્મણે આશીશ દીધી, વાલ ધરી વીદાયગીરી કીધી; રથ હાકયો પ્રભુજીએ ત્યાંય. એવે થયું શું પૃથ્વીની માય. ૧૩ ભીમે મારી નાખ્યો જ્યારે હાથી, સમે દોડયો એ સુરનો સાથી; પડી પેટમાં એની તો ફાળ, અરે એકલો મુકયો મેં બાળ. ૧૪ એની સંભાળ રાખશે કોણ, પાપી કૌરવ લેશે એના પ્રાણ; એવું જાણી હીંડયો પુરપાટે, કોઠા સામો એ સુરસપાટે. ૧૫ આવે એવો અતી શ્વાસ ભરતો, દીઠો જયદ્રથને ત્યાં ઘા કરતો; રથ ઉપર દીઠો નહી બાળ, મુવો બાળ પડી એવી ફાળ. ૧૬ તેથી પ્રગટયો પુરણ શોક, મેલી ભીમે ભયંકર પોક; સુણ્યો જયદ્રથે શબ્દ એ માઠો, ફેંકી કુહાડો નફટ નાઠો. ૧૭ નાઠા કોઠાના યોદ્ધા તમામ, સૌના ચમર વછુટયા તે ઠામ; ભીમ પુત્ર પાસે આવ્યો ત્યાંય, ભાળી મડદુ પડયો ભોમી માંય. ૧૮ રડવા લાગ્યો કર કરમે પછાડી, પછી પોક ત્યાં કારમી પાડી; મારૂ કર્મ આ કોઠે કવાયું, ધાજ્યો રત્ન આ રણમાં રોળાયું. ૧૯ એવો શબ્દ ગયો ઠામો ઠામ; મુવો બાળ એ જાણ્યું તમામ; છુટયાં પાંડવ સૈન્યનાં લોક, કુટયાં કર્મ કહી પાડે પોક. ૨૦ ધર્મ કુંતા સુભદ્રા ત્યાં ધાયાં, ધસી દ્રોપતી હાંફતાં આવ્યાં; આવી ઓત્રા પતી પાસે જ્યારે, પડી પુરણ મુર્છામાં ત્યારે. ૨૧ આવ્યા ગટોરગચ્છ મેઘવર્ણ, ભાઇને દેખી પડયા બેઉ ધર્ણ; સહેદેવ નીકુળ આદી તમામ, ઢળી ઢળીને પડીયા તે ઠામ. ૨૨ ભરાઈ મેદની લોકની ભારે, સહુને નીર વહે છે ચોધારે; દેખી સુભદ્રા કુટે છે શીશ, છુટે રૂધીર છોળે તે દીશ. ૨૩ ચુંટી કહાડે છે શીરના કેશ, ચુટે અંગનું ચર્મ વીશેશ; દાઝ ઉરમાં અતીશે આવે, જીભ્યા દાંતની તળે દબાવે. ૨૪ કહે છે કયાંથી આવ્યો બેઠા કાળ, કહીને

ખોળામાં લીધો ત્યાં બાળ; મારાં પ્રગટયાં પુરવનાં આ પાપ, એમ કહી માયે માંડયો વીલાપ. ૨૫ વીશ્રામ-વીલાપ માયે માંડીયો, નેત્રે નીર ચોધારરે; વ્યાસ મગન મુખ ઉચરે, વીલાપનો વીસ્તારરે. ૫૬

કડવું ૫૭ મું—રાગ પરજ.

હાય બાપ રઝળાવ્યાં હમને ત્હેં રાણા, રઝળાવ્યાં હમને ત્હેં રાણા; સુતો સમનશાનમાં શોડય તાણી શાણારે; હાય. હાય બાપ રઝળાવ્યાં હમને ત્હેં રાણા. ટેક. આ શો જુલમ કીધો તેં મારા જાયા, ગયો કેઈ દેશે દીકરા તું ડાયા; થયો નમેરો મુકીને છેક માયારે હાય. હાય બાપ. ૧ મેં તો આશાએ ઉછેરી મ્હોટો કીધો, એનો લાવો હજુ સુધી નથી લીધો; છેવટ છેતરીને દગો કેમ દીધોરે હાય. હાય બાપ. ૨ વાજ આવ્યો વેરી સાથે તું વડીને, લાભ આખર ના લીધો લડીને; રોળ વાળ્યો તે ચક્રાવે ચડીનેરે હાય. હાય બાપ. ૩ હાવું જાણુતી તો રાખતી તે હું ખાળી, ગયો ઓત્રાનો ભવ બધો બળી; બેટા ઢીંચણેથી તે તો મને ઢાળીરે હાય. હાય બાપ ૪ ધાયો ગોઝારા ઘડમાં તું આવી, આમ અવનવી શું સમાધી ચડાવી; પડયો રસ્તે શું રાજવી રડાવીરે હાય. હાય બાપ ૫ તારા તાતનો વિયોગ રહ્યો વાલા, કેમ લક્ષમાં ના લાવ્યો એ લાલા; બોલ બોલ એક વાર કુંવર કાલારે હાય. હાય બાપ. ૬ દયા દીકરા ના આવી લગારે, વાલી વસ્તુઓ તો પડી રહી વધારે; એતો દેખી દેખી બળવાનું મ્હારેરે હાય. હાય બાપ. ૭ કહ્યું કોઇનું ના માન્યુ હઠીલા, હતી ઓથ કીધી અળગી ઝકીલા; રાંન રોળાયો રણના રસીલારે હાય. હાય બાપ. ૮ પડી ખોટય તારી કેઇ પેરે ટાળુ, નથી બાળ બીજો જેથી મન વાળુ; કરી ગયો મુખ મારૂ ઓશીયાળુરે હાય. હાય બાપ. ૯ તેં તો હરખાવી શતરૂઓની ટોળી, મારા હૈયામાં પ્રગટાવી હોળી; જનમ કેમ જશે ચક્ષુ આમ ચોળીરે હાય. હાય બાપ. ૧૦ મારી આશા કરી બધી ધુળધાણી, તારી પાછળ હવે લેજે મને તાણી; વદે વધુ શું મગન વ્યાસ વાંણીરે હાય, હાય બાપ. ૧૧ વીશ્રામ-સુભદ્રા એમ વલવલે, ઘણો કરે પરીતાપરે; કુંવર ગ્રહી પછી ગોદમાં, કુંત્તા કરે વીલાપરે. ૫૭

કડવું ૫૮ મું—રાગ રામરાજીયાનો.

રડતાં મુકીને ગયો રાજવી, હાય હાયરે. રડતાં. જાગ્ય જાગ્ય અભીમન્યુ દીકરારે, સુતો સમશાન શા માટ. ટેક૦ આવું કરવું ના ઘટે તુજને, સોધી સ્વર્ગ તણી વાટરે. રડતાં. ૧ શાણો થઇને શું સુઇ

રહ્યોરે, લેઇ નીંદ્રા લસલસાટ; સગો થઇ તું દગો દઈ ગયો, બળે ચીત ચળચળાટરે. રડતાં. ૨ સુનાં મેલ્યાં મંદીર માળીયાંરે, મેલ્યાં સુનાં રાજપાટરે; તારા વીનાની સહુ સાહ્યબી, થઇ મુળથી નાપાટરે. રડતાં. ૩ જરીયન વસ્ત્રો બધાં જરી જશેરે, ગળશે ઘરેણાના ઘાટ; સુની સુંવાળી પડી સેજડી, સુની હીંડોળા ખાટરે. રડતાં. ૪ વાલી વસ્તુ વધારે થઇ પડીરે, કનક વાડકાને તાટ; તારા વીના તો મારા ચોકમાં, કોણ રમશે ચોપાટરે. રડતાં. ૫ કુંવર કોંદડ કોણ ઝાલશેરે, વળશે હથીયારે કાટ; દેખી દેખીને અમે દાઝશું, જોયાં જશે કયેમ કપાટરે. રડતાં. ૬ તાત તારા વાત જ્યારે જાણશે, પડશે પૃથ્વી ચીતાપાટ; વીધવા ઓત્રાને દેખતાંરે, મરશે સુદ્રષ્ણા વિરાટરે. રડતાં. ૭ રાણી રખડતી કરી ગયોરે, એના ઉરમાં ઉચાટ; એની દયા જરા ના ઉપની, એનો રડે હૃદય ફાટ. રડતા. ૮ એથે ગટોરગચ્છ બાંધવોરે, એથી કીધો કકળાટ; વાંધો પાડીને પાછો વાળીયો, ભાઈ બળે ભરભડાટ. રડતા. ૯ મુળથી કહ્યું ના માન્યું કોઇનુંરે, માડયું હઠનું તે હાટ; ગોઝારા ઘડમાં તું આવાંયો, ઘડયો પાપીઓએ ઘાટ. રડતાં. ૧૦ પાણીમાં દીવો મુજ બળી ગયોરે, વાળ્યો દૈવે શો દાટ; વાણી મગન વ્યાસ શું વદે, લખ્યા લેખ એ લલાટ. રડતાં. ૧૧

વીશ્રામ—રડતાં મુકી ક્યાં ગયો, કુંતા કહે કુમારરે; વ્યાસ વદે તેણે સમે ઓત્રા રડે અપાર. ૫૮

કડવું ૫૯ મું—રાગ ભરથરીનો.

કુડારે કરમ આ તેં શું કર્યું. ટેક૦ દૈવ દયાના આવી જરી, દુઃખ દારૂણ દીધુંજી; સમશાને સ્વામીને સુવાડીને, સુખ સઘળું તે લીધુંજી. કુડારે. ૧ છ છ જનમમાં મને કોઇ સ્થળે. ઠરવા દીધી નથી ઠામજી; આરે જનમમાં આશા હતી, તે પણ કથલ્યું તે કામજી. કુડારે. ૨ કંથ મારા તમે કયાં ગયા, છોડી અબળાનો સાથજી; નમેરા થઇને શું સુઈ રહ્યા, બોલો બોલો સ્વામીનાથજી. કુડારે. ૩ જ્યારે આવું કરવું હતું, ત્યારે શીદ ઝાલ્યો હાથજી; છેહ દીધો મને છેતરી, શતરૂ સાથે ભીડી બાથજી. કુડારે. ૪ કરમ કઠોર મારૂ થયું, પ્રગટયાં પુરણ પાપજી; સ્વામી તમે જન્મમાં, મારી મને ભુલ થાપજી. કુડારે. ૫ અશ્વવચ રણે મળ્યા તંબુમાં, તે પણ સુખ નહિ સંપુર્ણ; અલ્પજ સ્વપ્ન સમું થયું, આશા રહી ગઇ અપુર્ણજી. કુડારે. ૬ નીમીશ માત્ર મળ્યા મુને, રહ્યા નહી એક રાતજી; મનની હતી તે મનમાં રહી, નથી કરી દીલ ખોલી વાતજી. કુડારે. ૭ નાથ નથી એ વાંક આપનો,

ભુંડુ મારૂ ભવીશજી; મામા તમારા કેડે પડયા, વેરી દ્વારીકાંધીશજી. કુડારે. ૮ કામ બધાં છે આ કૃષ્ણનાં, એણે કર્યું મારૂં ધુળજી; જીવતા ના રહેશો કોઇ જાદવો, જાજ્યો એનુ જડામુળજી. કુડારે. ૯ મારા જેવી થજ્યો એની નારીયો, શોક અચુત સત અષ્ટજી; સૌનાં સાથે બળજ્યો કાળજાં, પુરણ પામજો કષ્ટ. કુડારે. ૧૦ સાળો બનેવી બે એક છે, જુદા જાણે ના કોઈજી; પાળી મારી પેશી પેટમાં, એતો કોઇએ ના જોઈજી. કુડારે. ૧૧ હેત બનાવી ઉજડ કર્યું, એવો અરી અવીનાશજી; હવે જીવી હુંનો શું કરૂં, સ્વામી આવું છું તમ પાસજી. કુડારે. ૧૨ એમ કહીને કેશ છોડીયા, તેથી ધરૂજ્યા અવીનાશજી; વ્યાસ મગન કહે તે પળે, કીધી વાણી આકાશજી. કુડારે. ૧૩

વીશ્રામ—આકાશમાં વાણી કરી, જાતે જદુપતી રાયરે; વ્યાસ મગન મુખ ઉચરે, વાણીનો મહીમાયરે. ૫૯

કડવું ૬૦ મું—રાગ કેદારો.

વળતાં બોલીયારે, રૂશી વૈશમપાય વચન; સ્નેહે સાંભળોરે, રૂડા જનમેજય રાજન. ૧ ઉંડી આકાશમાંરે, વાણી એમ થઇ તે વાર; ગુણીયલ ગર્ભ છેરે, બાઇ તુજ ઉદરની મોઝાર. ૨ જો તું મરીશતોરે, લાગશે બાળહત્યાનું પાપ; વળી બીજુ થશેરે, આત્મહત્યાનું પાપ અમાપ. ૩ પછી તે પાપથીરે, ધરવા પડશે જન્મો સાત; દુઃખ પડશે ઘણુંરે, તુજને જગમાં જાતો જાત. ૪ માટે મરીશ માંરે, છે આ છેલ્લો તુજ અવતાર; બાઇ તુજ ઉદરેરે, પ્રગટશે ઉત્તમ એક કુમાર. ૫ એ કુમારથીરે, તરશે તારાં કુળ તમામ; જન્મે તે સમેરે, ધરજ્યો પરીક્ષીત એવું નામ. ૬ એવું સાંભળીરે, ઓત્રા આદી સરવે લોક; એના ભાગનોરે, કાંક પણ ઓછો કીધો શોક. ૭ કુંત્તાદી મળીરે, બાઇને કીધો બહુ ઉપદેશ; ઓત્રાએ તે સમેરે, કરથી મુકી દીધા કેશ. ૮ એવે પાતાળથીરે, પ્રભુ પારથ બન્ને ત્યાંય; અસ્વ રથ હાકતારે, આવી પહોચ્યા પૃથ્વી માંય. ૯ તેજ સમયમાંરે, તેમને આડો ઉતર્યો નાગ; વળી રથ ધ્વજાયેરે, કા કા કરતો બેઠો કાગ. ૧૦ સામે શીયાળવાંરે, રડનાં રાડય પાડી બહુ રાન; સીંચાંણા ચીબડીરે ભારે ભસવા લાગ્યાં સ્વાન. ૧૧ તે તકે પારથ તણું રે, ફરકયું ડાબુ અંગ લોચન; પૃથ્વીમાં આવતાંરે, મળ્યા એમ માઠા માન શુકન. ૧૨ એવું દેખીનેરે, પાર્થને પડી પેટમાં ફાળ; પ્રભુને પુછેનોરે, કયેમ આ થાય શુકન વીકરાળ. ૧૩ એવું સાંભળીરે, બોલ્યા જાતે શ્યામ સુરંગ; ઓ અરજુનજીરે. મારૂં પણ ફરકે છે અંગ. ૧૪ આવા ચીન્હથીરે, ભાઈ મુજ

મનમાં ઉપજે ત્રાસ; વળી એમ ભાસતુંરે, પહોંચ્યું કોઇ વહાલુ રખે વીનાશ. ૧૫ તેના કારણેરે, નક્કી આ મળીયા માન શુકન; રથ હાંકો ત્વરારે, તંબુએ કાંઈ પણ હશે વીઘન. ૧૬ વ્હેમ બીજો નથીરે, પણ છે સુમતી મુજ ભાણેજ; ઉ ધી કરે એવોરે, સુરો યોધ્ધો દીસે એજ. ૧૭ તમો હમો વીનારે, કદીએ યુધ્ધે ચડીયો હોય; કૃતઘ્ની કૈરવોરે, પછી કહો જીવતો રાખે કોય. ૧૮ એવી આજનીરે, ભુંડી ભાસે છે તારીખ; એવું જો કદી હશેરે, મેં તો પુરણ માગી ભીખ. ૧૯ પ્રભુ એમ બોલતાંરે, તર્ત જ બની ગયા બેભાન; રથમાં ઢળી પડયારે, નકી ન રહ્યો સુધ્ધ કે સાન. ૨૦ પાર્થ તે તકેરે, ભારે બની ગયો ભયભીત; રથ મારી મુકયોરે, ચતુર નર ચોકસ રાખી ચીત. ૨૧ લગભગ આવીયારે, સૈન્યા ઉભાં જ્યાં રણ માંય; નીરદય ભોમીમાંરે, રથને લાવી રાખ્યો ત્યાંય. ૨૦ ધર્મે જાણીયુંરે, જરૂર આવ્યો પારથ વીર; વસ્ત્ર ઓઢાડીનેરે, ઢાંકયું સબનું તર્ત શરીર. ૨૧ ધર્મ સઉને કહેરે, વીરા કરશો નહીં કોઈ ત્રાસ; પારથ જાણશેરે, કરશે પલમાં પ્રાણ વીનાસ. ૨૨ સજ્જન સંચરોરે, સમજાવો જઈ એવી પેર; ધીરજ દઈ લાવજોરે, જેથી કરી શકે ના કેર. ૨૩ તે સમે સંચર્યારે, ધૃષ્ટ ધરૂમ ધરૂવપદ અને વીરાટ; ઘણાં જન સાથમાંરે, આવ્યા પારથ કને પુરપાટ. ૨૪ અરજુન બોલીયોરે, કેમ હો સઉ છે કુશળક્ષેમ; એવું સાંભળીરે, સઉએ ઉંધું ઘાલ્યું એમ. ૨૫ તે દેખીનેરે, અરજુન ગભરાયો દીલસાથ; એત્રે આળસ તજીરે, તરત ત્યાં ઉઠયા દીનોનાથ. ૨૬ અરજુન તે સમેરે, પડતું મેલી કહાડી દોટ; સરવે ઝાલીયોરે, તરછોડી ચાલ્યો એ ચડી ચોટ. ૨૭ તે દેખીનેરે, પાછળ દોડયા દીનોનાથ; બંને આવીયારે, જ્યાં બેઠો છે સઉનો સાથ. ૨૮ પતીને દેખીનેરે, સમ્યો નહી સુભદ્રાનો શોક; ઓ મુજ દીકરારે, કહીને પુરણ મેલી પોક. ૨૯ શબ્દ એ સુણતાંરે, ચમકયા અરજુન જદુપતિરાય; ઢળીયા ધર્ણીમાંરે, બંને સાથે મુરછા માંય. ૩૦ થોડીવાર પછીરે, ઉઠયા અરજુન જુગદાધાર; લાવ્ય ગોઝારણીરે, સુભદ્રા કયાં છે મુજ કુમાર. ૩૧ એમ અરજુન કહીરે, રડે લાગ્યું મારૂં ઘરસુત્ર; વસ્ત્ર ઉઘાડીનેરે, જોતાં દીઠો ત્યાં નીજપુત્ર. ૩૨

વીશ્રામ—પુત્ર પોતાનો દેખીને, અરજુન રડે અપારરે; વ્યાસ મગન વાણી વદે, નીર નેત્રે ચોધારરે. ૬૦

કડવું ૬૧ મું—રાગ વાલાજીના મહીનાનો.

અરજુન કહે આ શું કર્યું કુમારરે, લાડકડા મુજને મુકી ગયો

તું દુનીયા પાર, મારા લાડકડા. ૧ વ્હાલા ચાલ્યો પાડી મુજ વીયોગરે, લાડકડા; મળીયા મારા કર્મ તણા આ ભોગ, મારા લાડકડા. ૨ હતી મુજને અતીશે તારી ઓથરે, લાડકડા; સોડય તાણી કેમ સુતો થઇને લોથ, મારા લાડકડા. ૩ શાણા તુજને શરમ ન આવી લેશરે, લાડકડા; તારો લ્હાવો હું હવે કયાંથી લેશ, મારા લાડકડા. ૪ તારા વીણ કોણ બોલાવશે કહી બાપરે, લાડકડા; હું અભાગીયાને તેં મારી ભુલ થાપ, મારા લાડકડા. ૫ હું તો જાણું થઇ આવ્યો છે બાળરે, લાડકડા; વૃદ્ધપણામાં લેશે મુજ સંભાળ, મારા લાડકડા. ૬ તારા ઉપર હતો રાજ આધારરે, લાડકડા; શું મન વાળુ અન્ય નથી કુમાર, મારા લાડકડા. ૭ તું નાનો પણ ડહાપણ તારૂં મોટુંરે, લાડકડા; જીવતર મારૂં કરી ગયો તું ખોટું, મારા લાડકડા. ૮ તુજ વીણ કોણ ફરશે મારી સાથરે, લાડકડા; તેં બેટા મુજ હલકા પાડયા હાથ, મારા લાડકડા. ૯ ભાઇ તું તો ઓચરનો મીઠુ મીઠુરે, લાડકડા; મુજ પેલું કયાં મરણ મેં તારૂં દીઠું, મારા લાડકડા, ૧૦ તારા વીણ કોણ બોલશે કાલુ કાલુરે, લાડકડા; કાલુ કાલુ પણ મને લાગતું વાલુ, મારા લાડકડા. ૧૧ કરી ગયો જનમારો મારો ઝેરરે, લાડકડા; વ્હાલો થઈ તે વાળ્યું આતો વેર, મારા લાડકડા. ૧૨ ભાઇ ભાઇ કરતાં મ્હોડું મુજ સુકાતુંરે, લા૦; તુજને દેખી મુજને બહુ સુખ થાતું, મારા લા૦. ૧૩ હાય બાપ તેં ઢાંચણથી મને ઢાળ્યોરે, લા૦; ખરેખરો તેં વેરનો દાડો વાળ્યો, મારા લા૦ ૧૪ તુજ વીણ કોણ કરશે મુજને લાડરે, લા૦; તું તો ચાલ્યો ભાગી મારાં હાડ, મારા લા૦ ૧૫ કયાં ખોળું કયાં ભાળુ મારા સુતરે, લા૦; છેહ છેતરી દીધો થઇ સપુત, મારા લા૦ ૧

વીશ્રામ—સપુત થઇ તેં છેતર્યા, ઓરે મારા બાળરે, વ્યાસ વદે અરજુન કહે, કરૂં હવે મુજ કાળરે. ૬૧

કડવું ૬૨ મું—રાગ ધનાશ્રી.

બોલ્યા વૈશંપાયે વચન, સાંભળ પરીક્ષીત રાયના તન; કહે છે અરજુન ઓરે મારા બાળ, કરૂ તારી પાછળ હુંનો કાળ. ૧ તારા વીના જીવ્યું કયમ જાય, એમ કહીને પુત્ર લેવા ધાય; ખેંચી ખેંચીને ખોળામાં લે છે, આંસુ ભરી અતીસે રડે છે. ૨ વળી સુભદ્રા ઉપર ચીડાયો, કહેછે પુત્ર મારો તેં ગુમાયો; મને નડયાં નારી તારાં પાપ, પુત્ર મુઓ આ તારા પ્રતાપ. ૩ નીચાં પગલાંની એવી તું નારી, મારો પુત્ર તેં નંખાવ્યો મારી; તારા ભરૂસે મુકયો મેં બાળ, ત્યારે પાપણી કરાવ્યો કાળ. ૪ સુધે જાવા દીધો તન તેં તો, માટે મુઓ મારો તન એતો; જો તેં

પુત્ર વારી રાખ્યો હોત, તો ના થાત કદી એનું મોત. ૫ બધાં વહાયાં આ તારાં મુળ, મારૂં મેળવ્યું તેં બધુ ધુળ; જાણ્યું હોત એ મરશે જો બાળ, કદી કાળે ના જાત પાતાળ. ૬ મારો એકે રહ્યો ના આધાર, મને કહાડ્યો તે વર્ણની બ્હાર; બોલ્ય બોલ્યને બેટા રે તુતો, તારા ગુણ સંભાળુ શા હુંતો ૭ રત્ન રાંકના હાથમાં આવ્યું, હાય તે પણ રણમાં ગુમાવ્યું; એમ કહી કહી કુટે છે છાતી, રોઈ રોઈ કરી આંખ્યો રાતી ૮ ભોમી સાથે કુટે છે કપાળ, ભારે ભ્રમણા કરે છે ભુપાળ; ખાતો પૃથ્વીની સાથે પછાડ, ભોમી પડીને ભાગે છે હાડ ૮ કુટી કપાળ કહાડ્યું રૂધીર, દેખી ધાયા ત્યાંતો સૌ વીર; આવી ઝાલ્યા જ્યારે એના હાથ, ભાઇને બળે ભીડાવી ત્યાં બાથ ૧૦ એમ બાઝી પડયા જ્યારે આવી, ત્યારે જીભ્યા ત્યાં દાતે દબાવી; દેખી કુંતા કે ઝાલો કોઈ દાંત, જીભ્યા દબાવી કરશે એ ઘાત. ૧૧ ત્યારે ભાઇએ ઝાલ્યું તેનું મુખ, એવે પ્રભુને પ્રગટયું દુઃખ; જાણ્યુ મરશે અર્જુનજી આ વાર, કોણ ઉતારશે ભુનો ભાર. ૧૨ વળી વચન શેહેદેવનું નડશે, અર્જુન જોડે મારે મરવું પડશે; જ્યારે જાણ્યું એવું દીનેનાથ, ચેત્યા સવેળા એ દીલ સાથ. ૧૩ બેઠા ત્યાંથી ઓચંતાના ઉઠયા, પોતે પોતાના ઉપર રૂઠયા; કીધુ પ્રભુએ પુરૂ ચરીત્ર, ધાયો ઉગારવા નીજ મીત્ર. ૧૪ વીશ્રામ—ઉગારવો નીજ મીત્રને, ધાર્યું જદુપતી રાયરે; લીધુ ભગવાને ભાલોડુ, ભાથામાંથી ત્યાયરે. ૬૨

કડવું ૬૩ મું—રાગ ઝડપના દોહરાનો.

ભાથામાંથી ભગવાને, ભાલોડું લીધું જ્યારે; ભાણેજ મારો મુવો માટે મારે મરવું છે અત્યારે. ૧ એવામાં ભીમે આવી, ભાલોડુ ખેચી લીધુ; ત્યારે ચત્રુભુજે પાછુ, ચરીત્ર બીજુ કીધું ૨ પોલા પોલા ગડદા પ્રભુ, મારે છાતી માંય; છાતીમાંનો જરા ન વાગે, ધબધબ ધબાકા થાય. ૩ પ્રભુ કહે છે ભાણેજ મુવો, મારે જીવી શુ કરવું; લાવોરે કોઈ કટારી મારે પેટ મારીને મરવું ૪ હાય બાપ કોઇ વીરા લાવી, આપો મુજને ખડગ; આઘા રહો કોઇ ઝાલશો નૈ મને, મરવા ઘો બેધડક. ૫ એવામાં ત્યાં અર્જુનજીને પડી પેટમાં ફાળ; જાણ્યુ નકી ભાણેજ માટે, કરશે પ્રભુજી કાળ. ૬ દીકરા કરતાં અર્જુનજીને, વાહલા દીનોનાથ; માટે દીકરાને ભુલી જઇ, ઝાલ્યા પ્રભુના હાથ. ૭ અર્જુન કહે છે ઓ મહારાજા, મુકો ધમાધમ; જો હવે તમે કાંઇ કરો તો, તમને મારા સમ. ૮ વીશ્રામ—પ્રભુ મારા સમ આપને. અર્જુન બોલ્યો ત્યાંયરે; વ્યાસ મગન વાણી વદે, શુણોજન શ્રોતાયરે. ૬૩

કડવું ૬૪ મું—રાગ આશાવરી.

વૈશમપાયે એણીપેર બોલ્યા, સુણ જનમેજયરાય; વીસ્તારી તુજને સંભળાવું, શોક જ્ઞાન મહીમાય. ૧ અર્જુનજી ત્યાં કહેવા લાગ્યા, સુણો જાદવરાય; મરણ જરણની આગળ કોઈનો, ચાલે નહી ઉપાય. ૨ આપણ એમાં શું કરવાના, ઓરે દીનાનાથ; થવાનું હતું તે થયું, નવ જવાય દીકરા સાથ. ૩ ભગવાન કહે છે અરજુનજી તમે, મરવા ધાર્યું જ્યારે; તે દેખીને મેં પણ મરવા, ધાર્યું હતું તે વારે. ૪ ભગવાન કહે તમે કલેશ કર્યો તેથી, ખોટુ લાગ્યુ મારે મન; અર્જુન કહે નહી કરૂં કલેશ હવે, ઓરે જુગજીવન ૫ થાવાનું હતું તે થયું ઓરે પ્રાણાધાર; પ્રભુ મરણના ભયથી પોતે, મન વાળ્યુ તેવાર. ૬ ધન્ય ધન્ય છે ભક્તી તેની, ધન્ય અર્જુન અવતાર; પુત્ર થકી પણ વ્હાલા વધારે, એને વીશ્વાધાર. ૮ એવો દ્રઢ પ્રેમ હોય તો, કેમ પ્રભુ વશ ના થાય; આપણ તેના તો તે આપણા, પ્રભુનો છે એ ન્યાય. ૯ એવામાં જઈ શેવક લાવ્યા, કાષ્ટ અગર ચંદન; તે ચંદનની ચીતા ખડકી, મળીને સરવે જન. ૧૦ એવે સૌ જણ શાંત પડયાને, સબ લીધુ તે વાર; ચીતા અંદર મુકી દીધો, અગ્નીનો સંસ્કાર. ૧૧ ચીતા શાંત પડી તે વારે, વીધી કરી તમામ; અસ્થી સૌ સરીતામાં તેતો, વેવરાવ્યાં તે ઠામ. ૧૨ પછી બીજા ઉવારે જઈને, કીધુ સૌએ સ્નાન; સરીતા અંદર સ્નાન કરીને, ચાલ્યા સૌ નીજ સ્થાન ૧૩ તંબુમાં સરવે જણ આવ્યા, શામ ધર્યો નીશાન; શામ શીબીરો તાંણ્યા પેર્યાં, વસ્ત્રો શામ નીદાન. ૧૪ સુન્ય સુન્ય સૌ કો થઈ બેઠા, તંબુમાં તે વાર; પૃથ્વી શામું સૌ ભાળે છે, કરે ના કોઈ ઉચાર. ૧૫ વાત ચીત પણ કોઈ કરે ના, સરવે સુમાસુમ; મહા શોકનો સાગર છવાયો, થઈ મતી સૌની ગુમ. ૧૬ પશુ પક્ષીએ પણ તે ઠેકાણે, તજી દીધાં જળ ઘાસ; વર્ણન વ્યાસ કરે શું ઝાઝું, તેવો છે ત્યાં ત્રાસ. ૧૭ પછી પ્રભુએ ધીમે ધીમે, સઉને દીધો બોધ; તોપણ જ્યારે નવ માન્યુ ત્યારે ધમકાવ્યા કરી ક્રોધ. ૧૮ પછી પ્રભુએ ક્ષીપ્રા રસોઈ, કરાવી સેવક પાસ; તૈયાર કરી સેવકે કહ્યું તવ, ઉઠયા શ્રી અવીનાસ. ૧૯ સૌને કહે હવે ઉઠો વીરા, ભાગો કડવું મુખ; ડાગ નથી વીસરવાનો આ, જનમારાનું દુઃખ. ૨૦ હાના કરતા ધરમ ઉઠયા, ઉઠયાં કુંન્તા માત; વીરાટ ધરૂપદ આદી ઉઠયા, ઉઠયા બીજા ભ્રાત. ૨૧ ધીમે ધીમે સૌને ઉઠાડયાં, કરી ઘણો ઉપદેશ; પણ અરજુન એકલા નથી ઉઠતા, નથી માનતા એ લેશ. ૨૨ વારા ફરતી ધીમે ધીમે, કહી કહી થાકયા લોક; અર્જુન કહ્યું કોઈનું નથી માનતા, કરતા ઝાઝો શોક. ૨૩ ત્યારે ભગવાન કહેવા

લાગ્યા, ઉઠો મારા મીત્ર; દીકરો હાવે નથી દેખવાના, માનો પુન્ય પવિત્ર. ૨૪ તવ અર્જુન પ્રભુજીને બાઝી, રડી પડયો ચોધાર; દીકરા વીણ અન હું નહીં લેઉ, કયાં ગયો મુજ કુમાર. ૨૫ એ પરમાણે પાછુ આક્રંદ, કરવા માંડયુ નરેશ; હાય બાપરે દીકરા મારા, ગયો તું કઈ દેશ. ૨૬ ત્યારે પ્રભુજી કહે છે અર્જુન, શીદ કરો તમે આમ; આક્રંદ કરવાથી પણ પુત્ર નહી મળે કોઇ ઠામ. ૨૭ રડી રડીને આંખ્યો ખોરો, ખોવો સર્વ શરીર; પણ મુવેલાં વળે ન પાછાં, વીચારો એ વીર. ૨૮ આવી રીતે કેટલા દહાડા, તજશો તમે અંન; પેટ કદી કાળે નહી છેડે, નથી મળવાનો તન. ૨૯ કોની નારી કોના પુત્રો, કોનાં તાતને માત; કોના મામા કોની માશી, કોનાં ભગની ભ્રાત. ૩૦ મારૂ મારૂ કરી મરો પણ, મીથ્યા છે સંસાર; પણ કોઇ કોઈ સગુ નથી એ, સમજો પુરણ સાર. ૩૧ રણ સમંધે ભેગાં સૌ, તેને માન્યુ મારૂ; પણ સંસ્કાર પુરો થાતાં સૌ, નીચ્ચે છેજ જનારૂ. ૩૨ જો તન તમારો હોય તો તમને, મુકીને કયેમ જાય; તે ન્હોતો તમારો તમે નૈ તેના, માટે થયો વીદાય. ૩૩ સૌ કહે મુવું પણ શું મુવું, તે પાડો મને જાણ; અંગ આત્મા બેમાં કોણ મરતુ, ઉરમાં કરો પ્રમાણ. ૩૪ અરજુન કહે મને સુજ પડે ના, માટે જોડુ હાથ; એ બેમાં કહો કોણ મરે છે, ઓરે દીનાનાથ. ૩૫ પ્રભુ કહે મરતુ નથી એકે, પણ મુવુ માને લોક; તેથી બીચારાં અજ્ઞાની જન, કરે શોકને પોક. ૩૬ અંગ મરે પણ તેતો જડ છે, માનો મુવું અનુત; પંચ ભુતનો પંડ પડે તવ, મળે ભુતમાં ભુત. ૩૭ માટે અંગ મુવું કેમ કહીએ, નથી મરતું એમ શીધ; આત્મા પણ કદી મરતો નથી એ, વેદમાં વારતા સીધ. ૩૮ આત્મા અજર અમર છે પોતે, વળી છે છેદ અભેદ; મુવો એ મુરખ જન માની, ખોટો કરતાં ખેદ. ૩૯ જેને જનમ મરણ નથી, તેને મુવું કેમ કહેવાય; આત્મા કોઇ કાળે નથી મરતો, ઉંધુ જગ કુટાય. ૪૦ અરજુન કે મને કર્યો કૃતારથ, ઓરે જુગદાધાર; શીધ થયું કે હવે નથી મુવો, નકી મુજ કુમાર. ૪૧ પણ આત્મા એ અભીમન્યુનો, કયાં છે જુગજીવન; તે મુજને દેખાડો ત્યારે, લેવું મારે અંન. ૪૨ આજને આજ મને દેખાડો, તમેજ આપો આપ; નહી દેખાડો તો નહી જીવું, બ્રહ્મહત્યાનું પાપ. ૩ એમ કહી કર ઝાલી હઠ કરી, બેઠા અર્જુનરાય; એવુ સુણી પ્રભુજીને બહુ, ચીંતા થઈ મનમાંય. ૪૪ પ્રભુએ જાણ્યું નહી દેખાડુ, તો મરશે અર્જુન; ભુનો ભાર પછી કોણ હરશે, મુંઝાયા એમ મન. ૪૫ વળી વચન બીજુ સેહેદેવનું, નકી મુજને નડશે; અર્જુન જો મરશે તો મારે, જોડે

મરવું પડશે. ૪૬ એમ જાણી પારથને કહે છે, સુણો શુભ નરેશ; પુત્ર તમારો દેખાડીશ પણ, સગો થશે નહી લેશ, ૪૭ અર્જુન કે તોયે દેખાડો, ત્યારે દીનોનાથ; કહે છે ચાલો પુત્ર દેખાડુ, એમ કહી લીધા સાથ. ૪૮ તંબુથી બે બ્હાર નીકળ્યા, જઇ ઉભા એકાંત; મોકને માયા વીસ્તારી, ભક્ત ભુલ્યો સૌ ભ્રાંત, ૪૯ પછી પ્રભુએ કરૂણા કરીને મંગાવ્યુ વૈમાન; સ્વર્ગ માર્ગથી સરરર કરતુ, આવ્યું એજ નીદાંન. ૫૦ તેમાં જણુ બે સાથે બેઠા, કરે જ્ઞાનની વાત; ઇચ્છા કરતા અધર ઉડયું, મન વેગે વીખ્યાત. ૫૧ વીશ્રામ—મન વેગે વીમાન એ, સંચર્યું સ્વર્ગ સદનરે; વ્યાસ મગન વાણી વદે, શુંણો શ્રોતાજનરે. ૬૪

કડવું ૬૫ મું—રાગ ધનાશ્રી.

બોલ્યા વૈશમપાયે વચંન, સાંભળ પરીક્ષીત રાયના તંન; આવ્યુ વીમાન સ્વર્ગ સદન, ત્યાં એક અપચ્છરાયનું છે ભુવન. ૧ મ્હેલ ઉંચો અતીશે છે છેક, પીંજર લટકે પોપટનું એક; તે તો અરજુનજીને દેખાડી, પછી સમજણ પ્રભુજીએ પાડી. ૨ છે એ પીંજરમાં પુત્ર તમારો, બેઠો પોપટ થઇ પ્રાણ પ્યારો; માટે તમો તેની પાસે જાવો, હેત છે તો તો જઇને બોલાવો. ૩ એવું કહી મુકી પાર્થનો હાથ, ઉભા દુર જઇ દીનોનાથ; પછી અરજુન ઘણો ખુશી થઇને, ઉભો પાંજર પાસે એ જઇને. ૪ પછી ઉમળકો ઉર લાવ્યો, બેટા અભીમન્યુ કહી બોલાવ્યો; મારા બેટા ઓ મારા સંતાન, બોલો દીકરા ઓ અભેમાન. ૫ સુણી પોપટ પણુ તે ઠામ બોલ્યો કહે છે અલ્યા શું છે કામ; સુણી અરજુન હરખ્યો અપાર, કહે છે અહીં કુયેમ આવ્યો કુમાર. ૬ મને મુકીને દીકરા ખસીયો, અહીંયા આવી બેટા કુયેમ વસીયો; મેલ્યાં અમને રઝળતા તે રાન, આવ્યો શા માટે મારા સંતાન. ૭ તારા વીના તારાં માત તાત, કરશે પલકમાં પ્રાણની ઘાત; સુણી પોપટ બોલ્યો તે વાર, જા જા મુરખના સરદાર. ૮ કોને બોલાવે કે કે કુમાર, જા જા નીકળ હેશાંથી બ્હાર; ત્યારે અરજુન બોલ્યો રોઈ, પુત્ર મારો કે તું બીજો કોઈ. ૯ સાચે સાચી એ બોલને વાંણુ, છે ભાઇ ઇશ્વરની તને આણ; ત્યારે પોપટ બોલ્યો તે ઠામ, અલ્યા સાંભળ કહું તે તમામ. ૧૦ તારા વીર્યથી ઉપજ્યું જે અંગ, હતો એની સાથે મારો સંગ; ત્યાં સુધી હતો અભેમાન, હવે નૈ અભેમાન નીદાન. ૧૧ તારૂં હતું જે ખોળીયુ ખાસ, તે તો મુકયુ મેં તમારી પાસ; તેને બાળી કર્યું તમે ખાખ, તમે તમારાની કરી રાખ. ૧૨ હવે બેટામાં શીદ બને ઘેલો, આત્મા તુજથી નથી ઉપજેલો;

તારે ખોળીયા સાથે સગાઇ, આત્મા સાથે સગાઈ નહી ભાઇ. ૧૪ તારાથી ઉપન્યુ તેક તારૂ, મુકયાં ત્યાં મેં હવે નથી મારૂ; દુટયુ સગ પણ તે તો વીચારો હવે હું ને તારો તુ ને મારો. ૧૬ કોણુ બેટો અને કોણુ બાપ, બેટો કહેતા હવે નેરે બાપ; છત્તાં નર બોલ્યો બેટા કે બાપ, પોપટ બોલ્યો કે હું તારો બાપ. ૧૬ બેટા કહી કહીને શું બોલાવે બેટો તારો કે કોણુ છે હાવે; તારે મારે હવે શી સગાઈ, શીદ માયામાં મરે કુટાઇ. ૧૭ કોનાં તાત અને કોનાં સુત, ભમે ભ્રમણામાં તે બધાં ભુત; કોનાં માતને કોનાંરે તાત, કોનાં ભગનીને કોનાં ભ્રાત. ૧૮ કોનાં મામા માશીને ભાણેજ, બધુ માયાનું મીથ્યા જે એજ; નથી કોઇ કોઇનું સગુ કોઈ મુર્ખ માયામાં રહ્યા શું મોહી. ૧૯ જેવું આવ્યું તેવું સઉ જાય, જન્મે મરે તે મીથ્યા કેવાય: જુઠો એવો છે બધો સંસાર, એમાં સાચુ નથીજ લગાર. ૨૦ પણ મનુષ્ય બહુ અજ્ઞાન, મારૂં મારૂં કરે છે નાદાન; હજારો ફેરા તું મારો બાપ, હું તારો થયો અમાપ. ૨૧ જીવ લક્ષ ચારાશીમાં ફરતો, દેહ જુદા જુદા ધારણુ કરતો; નથી ઠરીને રેતોરે ઠામ, એમ જીવ ફરે છે તમામ. ૨૨ આદ્ય અનાદી એમ વીશાળ, એવી ચાલી રહી રેંટમાળ; મે ને તેં બહુ દેહ ધરેલા, યોની અનંતમાં અવતરેલા. ૨૩ પશુ પક્ષીને કીટ પતંગ, ઝાડ પાડ ને ભુંડ ભુજંગ; દેવ દાનવ માનવ તમામ, એવી રીતે ફર્યા ઠામો ઠામ. ૨૪ થયો તન ઘણા ફેરા તું મારો, મારા પછી વળી તારો; એમાં કોઈ નથી તારૂ મારૂં, દીપ પાછળ સદા છે અંધારૂ. ૨૫ કાદવ કાડવાનો કોઠી ધોઇ, મુર્ખ માનવ રહ્યા છે મોઇ; જક્ત રૂપી આતો જેલખાનું ઘર રૂપી ઓરડીયો હું માનું. ૨૬ બેડી રૂપી દેહો બધી ઘડીયો, તેમાં ચોર રૂપી જીવ જડીયો; જેમ અકેકી ઓરડી માંય, બબે ચાર ચાર કેદીરે ત્યાંય. ૨૭ કરે હળી મળી વાત ચીત, ધરે એક એક પર બહુ પ્રીત; એક એકના દુખે દુભાય, અન્યો અન્ય કરે છે ઉપાય. ૨૮ સુખી દેખીને સુખીરે થાયે, દુખી દેખીને દુખી ગણાયે; પણ મુદત પુરી જ્યાં થાશે, પ્રીતી તોડીને પંથે પળાશે. ૩૦ પછી છુટેલો કેદીરે જેહ, ખબર લેના જવાનો ને તેહ; કરે જેલની કોઈ કદી વાત, તેને મારવા જાય તે લાત. ૧ ગયા કેડે ના સંભારે કોઇ, એવી જકતની બાજી હયો જોઇ; અકેકા ઘરમાં બબે ચચાર, હળી મળી રહેતાં નરનાર. ૩૨ દુખ દેખીને થાતાંરે દુખી, સુખ દેખીને થાતાંરે સુખી; સેવા ચાકરી કરે તમામ, એક એકનું ઉઠાવી લે કામ. ૩૩ પણ મુદત પુરી જ્યાં થાય, તજી સગાંને થાય વીદાય; જાય જકતથી જે જીવ આવાર કોઇને સંભાળે ના લે લગાર. ૩૪ કહે હાવે શું છે તારે મારે, માટે

રસ્તે જાને તું તારે; જરા સમજી લે શુભ જ્ઞાન, શીદ માયામાં મોહ્યો નાદાન. ૩૫ અર્જુન કહે અલ્યા મોટો મેં કીધો, તેનો હાવો તે બદલો દીધો; ઘણું ખવરાવ્યું પીવરાવ્યું. મારૂં એકેએ લેખે ન આવ્યું, ૩૬ કીધી ચાકરી તારી અપાર, તેનો બદલો વાળ્યો લગાર; બોલ્યો પોપટ પાછો તે વાર, અલ્યા તે કહું કરજે વીચાર. ૩૭ કરે સૌ સૌની મતલબે મોટા, નથી જાણતા પાછળ ટોટા; જણ્યાં તેને જીવાડે એ ધર્મ, કરે સૌ સૌનાં સૌ કર્મ ૩૮ એમાં બદલો વાળવો કેવો, સૌને એવી રીતે જાણી લેવો. ૩૯ પશુ પક્ષી કયાં બદલો વાળે છે, એક એકને એતો પાળે છે; લાવી લાવીને ચંચુમાં ઘાલે, પાંખો આવે પછી મુકી ચાલે. ૪૦ એ બદલો વાળે છે કયારે, ધીક મનુષ્ય પછી એવું ધારે; એવો બોધ અભેમાને દીધો, અર્જુને તે સાંભળી લીધો ૪૧ પછી જ્ઞાન થયું એને સાચુ, માન્યુ માયાનુ સુખડુ કાચુ; તવ મ્હેલથી નીકળ્યો બહાર, ચટ ચાલ્યો એ પાંડુ કુમાર. ૪૨ ત્યારે પ્રભુએ તેને બોલાવ્યો, પણ અર્જુન પાસે ના આવ્યો; ત્યારે પ્રભુ આવ્યા તેની પાસ, ફેર બોલાવે છે અવીનાસ. ૪૩ બોલો બોલોને મારા બનેવી, નથી બોલતા વાત આ કેવી; અર્જુન કે કોણ બનેવીને સાળો, જરા બોલતાં આપ સંભાળો. ૪૪ નથી કોઈ કોઈનું સગું વાલું, તાંણ્યુ માયાનું તરીલુ ઠાલું; સદ્ મારગ સુજ્યો ના સાચો, એવો ધીક હું બુદ્ધીનો કાચો. ૪૫ મારે નથી કો સગાં સંબંધી, મીથ્યા માયા સંસારની સંધી; એમ કહીને પાયે લાગી ચાલ્યા, અવીનાસીએ તુરત ઝાલ્યા. ૪૬ બોલાવી બેસાડયા વીમાન માંય, કીધુ વીમાન ત્યાંથી વીદાય; માયા સંકેલી સુંદર સ્યામ, થયો ચક્રાવો પુરો આ ઠામ. ૪૭ સુણી ચક્રાવો કરશે જે દાન ટળશે ગર્ભનો વાસ નીદાન; પુરૂ પ્રગટ થાશેરે જ્ઞાન, મળશે ઉત્તમ મોક્ષનું સ્થાન. ૪૮

વીશ્રામ-મોક્ષ સ્થાન તેને મળે, પુરાય પુરણ કોડરે; વ્યાસ મગન વાણી વદે જય જય શ્રી રણછોડરે. ૬૫

સમાપ્ત.